**મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ: આણંદ.**

**સેશન્સ કેસ નંબરઃ ૨૨/૨૦૧૯ અને નંબરઃ૧૭/૨૦૨૦**

| | |
|---|---|
| **ગુનોઃ–** | ભાદરણ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નંબરઃ ૬૦/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૪ અન્વયે. |

**સેશન્સ કેસ નંબરઃ ૨૨/૨૦૧૯**

| | | | |
|---|---|---|---|
| કેસ કમિટ કર્યા તારીખ: | ૨૦–૦૩–૨૦૧૯ | | |
| નોંધ્યા તારીખ: | ૦૧–૦૪–૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ: | | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર |
| **મૂળ ફરિયાદીઃ** | અનાર્મ હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈ |
| **વિ.પી.પી :–** | શ્રી એન.પી.મહીડા. |
| **આરોપીઓઃ–** | ૧. હજરતઅલી કાસમઅલી સૈયદ<br>૨. ઈકબાલઅલી હજરતઅલી સૈયદ<br>૩. સબ્બીરભાઈ ઉર્ફે મામુ મીરસાબ મલેક<br>૪. જાકીર ઉર્ફે જાડીયા મુસાભાઈ ભટ્ટી |

| | |
|---|---|
| | ૫. મુકદરઅલી બાઉદ્દીન સૈયદ<br>૬. સકીલમહંમદ સીકંદરઅલી સૈયદ<br>૭. આરીફઅલી ઉર્ફે કણો કાસમઅલી સૈયદ<br>૮. અસલમઅલી હુસેનઅલી સૈયદ<br>૯. મગનભાઈ રાવજીભાઈ મકવાણા<br>તમામ રહે. પીપળી, તા.બોરસદ, જિ.આણંદ. |
| **આરોપીઓ તરફે વિદ્વાન વકીલ:–** | નંબર:૧ થી ૮ તરફે વિદ્વાન વકીલ શ્રી જી.કે. પંડયા.<br>નંબર:૯ તરફે વિદ્વાન વકીલ શ્રી પી.એસ.પટેલ. |

## ફોર્મ – બી

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૨૩–૧૨–૨૦૧૮ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૨૪–૧૨–૨૦૧૮ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૧૮–૦૩–૨૦૧૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૧૭–૦૬–૨૦૨૨ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૦૬–૦૯–૨૦૨૨ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | –––– |
| **ચુકાદાની તારીખઃ–** | |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,** | – – – – – – |

**<u>આરોપીઓની વિગતઃ–</u>**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **કયા ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?** | **શું સજા કરી ?** | **ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | હજરતઅલી કાસમઅલી સૈયદ | ૦૯–૦૧–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | ઈકબાલ અલી હજરતઅલી સૈયદ | ૨૭–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ–૪ | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | | |
| ૦૩ | સબ્બીર ભાઈ ઉર્ફે મામુ મીરસાબ મલેક | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | | |
| ૦૪ | જાકીર ઉર્ફે જાડીયા મુસાભાઈ ભટ્ટી | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૫ | મુકદરઅલી બાઉદ્દીન સૈયદ | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૬ | સકીલ મહંમદ સીકંદરઅલી સૈયદ | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૭ | આરીફઅલી ઉર્ફે કણો કાસમઅલી સૈયદ | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૮ | અસલમ અલી હુસેનઅલી સૈયદ | ૨૪–૧૨–૨૦૧૮ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૯ | મગનભાઈ રાવજીભાઈ મકવાણા | ૧૮–૦૧–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | | |

## **સેશન્સ કેસ નંબરઃ ૧૭/૨૦૨૦**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ કમિટ કર્યા તારીખ: | ૦૬–૦૧–૨૦૨૦ | | |
| નોંધ્યા તારીખ: | ૨૮–૦૨–૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ: | | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## ફોર્મ–એ

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર |
| **મૂળ ફરિયાદીઃ** | અનાર્મ હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈ |
| **વિ.પી.પી :–** | શ્રી એન.પી.મહીડા. |
| **આરોપીઓઃ–** | ૧. રાહુલભાઈ મનુભાઈ ઝાલા<br>૨. મહેન્દ્રભાઈ ઉર્ફે લોટીયો શંકરભાઈ પરમાર<br>૩. મનુભાઈ ધુળાભાઈ ઝાલા મકવાણા<br>૪. રમેશભાઈ રામાભાઈ ઉર્ફે રામસીંગ મકવાણા–<br>**એબેટ**<br>૫. અરવિંદભાઈ ઉર્ફે ટીનો રાવજીભાઈ મકવાણા<br>૬. મુકદ્દરઅલી અનવરઅલી સૈયદ<br>૭. શકીલખાન સીકંદરખાન પઠાણ<br>૮. આશીકમીયા સમસુમીયા મલેક<br>૯. તોફીકખાન સીકંદરખાન પઠાણ<br>૧૦.લાલજીભાઈ ઉર્ફે ભુરીયો રામાભાઈ મકવાણા<br>તમામ રહે. પીપળી, તા.બોરસદ, જિ.આણંદ. |
| **આરોપીઓ તરફે વિદ્વાન વકીલ:–** | નંબર:૫ તરફે શ્રી પી.એસ. પટેલ<br>નંબર:૧,૨,૩,૧૦ તરફે શ્રી ડી.જે. ગોસાઈ<br>નંબર:૬ થી ૯ તરફે શ્રી જી.કે. પંડયા. |

## ફોર્મ – બી

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૨૩–૧૨–૨૦૧૮ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૨૪–૧૨–૨૦૧૮ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૨૮–૦૮–૨૦૧૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૧૭–૦૬–૨૦૨૨ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૦૬–૦૯–૨૦૨૨ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | –––– |
| **ચુકાદાની તારીખઃ–** | |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,** | – – – – – – |

**<u>આરોપીઓની વિગતઃ–</u>**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **કયા ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?** | **શું સજા કરી ?** | **ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | રાહુલભાઈ મનુભાઈ ઝાલા | ૦૩–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા પ્રીવેન્શન ઑફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ–૪ | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | – | – |
| ૦૨ | મહેન્દ્રભાઈ ઉર્ફે લોટીયો શંકરભાઈ પરમાર | ૦૩–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૩ | મનુભાઈ ધુળાભાઈ ઝાલા મકવાણા | ૦૩–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | કલમ ૧૪૭ ના ગુનામાં દોષિત | – | – |
| ૦૪ | રમેશભાઈ રામાભાઈ ઉર્ફે રામસીંગ મકવાણા–**એબેટ** | ૦૩–૦૪–૨૦૧૯ | **એબેટ** | | – | – | – |
| ૦૫ | અરવિંદભાઈ ઉર્ફે ટીનો રાવજીભાઈ મકવાણા | ૦૮–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૬ | મુકદ્દરઅલી અનવરઅલી સૈયદ | ૨૦–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૭ | શકીલખાન સીકંદરખાન પઠાણ | ૨૦–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૦૮ | આશીક મીયા સમસુમીયા મલેક | ૨૯–૦૪–૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૯ | તોફીકખાન સીકંદરખાન પઠાણ | ૨૯–૦૪ – ૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |
| ૧૦ | લાલજીભાઈ ઉર્ફે ભુરીયો રામાભાઈ મકવાણા | ૨૮–૦૭ – ૨૦૧૯ | જામીન પર મુકત છે. | | નિર્દોષ | – | – |

## FORM–C

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના શાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફનો મૌખિક પુરાવો

| અ.નં બર: | શાહેદનું નામ | શાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | દિલીપસિંહ મહીજીભાઈ ચૌહાણ | હેડ કોન્સ.ફરિયાદી | ૫૩ |
| ૨ | ડૉ. શિલ્પાબેન મનુભાઈ ચૌહાણ | તબીબ શાહેદ | ૫૬ |
| ૩ | ડૉ. ઠાકરસિંહ કરણસિંહ વાઘેલા | તબીબ શાહેદ | ૫૯ |
| ૪ | ડૉ. અર્પિતા ફર્નાન્ડીસ | તબીબ શાહેદ | ૬૬ |
| ૫ | ડૉ. દિક્ષિત ધીરીશભાઈ પટેલ | તબીબ શાહેદ | ૬૮ |
| ૬ | ડૉ. ધ્રુમિત નરેદન્દ્રકુમાર ગોહિલ | તબીબ શાહેદ | ૭૭ |
| ૭ | ડૉ. રહીશાબેન આબીદહુસેન આનંદ | તબીબ શાહેદ | ૭૯ |
| ૮ | ડૉ. ભાવેશભાઈ મનુભાઈ નાયક | તબીબ શાહેદ | ૮૧ |
| ૯ | યોગેશભાઈ કાન્તીભાઈ પઢીયાર | પંચ શાહેદ | ૮૩ |
| ૧૦ | વિનોદભાઈ રમતુભાઈ ભોઈ | પંચ શાહેદ | ૮૫ |
| ૧૧ | અશ્વિનભાઈ ઠાકોરભાઈ ઠાકોર | પંચ શાહેદ | ૯૨ |
| ૧૨ | લાલજીભાઈ ગોરધનભાઈ મકવાણા | પંચ શાહેદ | ૯૫ |
| ૧૩ | કનુભાઈ મંગળભાઈ મકવાણા | પંચ શાહેદ | ૯૮ |
| ૧૪ | કાળીદાસ વેરીભાઈ પરમાર | પંચ શાહેદ | ૧૦૧ |
| ૧૫ | જાવેદભાઈ ગફુરભાઈ વ્હોરા | પંચ શાહેદ | ૧૦૭ |
| ૧૬ | સંજયભાઈ સોમાભાઈ કોળી પટેલ | પંચ શાહેદ | ૧૦૮ |
| ૧૭ | માણેકબેન ધુળાભાઈ ઝાલા | શાહેદ | ૧૧૪ |
| ૧૮ | સીતાબેન શંકરભાઈ પરમાર | શાહેદ | ૧૧૫ |
| ૧૯ | સામંતસિંહ મેલસિંહ જાદવ | શાહેદ | ૧૧૯ |
| ૨૦ | કુલદીપસિંહ બળવંતસિંહ પરમાર | અ.પો.કો. | ૧૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | આશીકઅલી કાસમઅલી સૈયદ | પંચ શાહેદ | ૧૨૧ |
| ૨૨ | સબ્બીરઅલી નુરુદ્દીનમીયાં સૈયદ | પંચ શાહેદ | ૧૨૩ |
| ૨૩ | અખ્તરઅલી અશરફઅલી સૈયદ | પંચ શાહેદ | ૧૨૪ |
| ૨૪ | સંજયસિંહ સામંતસિંહ જાદવ | શાહેદ | ૧૨૮ |
| ૨૫ | ભાનુભાઈ શીવાભાઈ મકવાણા | પી.એસ.ઓ. | ૧૩૧ |
| ૨૬ | અશોકભાઈ મેલાભાઈ જાદવ | શાહેદ | ૧૫૮ |
| ૨૭ | નિતીરાજસિંહ સુખદેવસિંહ ઝાલા | તપાસ કરનાર અમલદાર | ૧૭૪ |
| ૨૮ | નટવરભાઈ માનાભાઈ આહિર | તપાસ કરનાર અમલદાર | ૧૭૮ |

## (બી) બચાવપક્ષે શાહેદો જો હોય તો,

| શાહેદ નંબર | શાહેદનું નામ | કયા પ્રકારનો શાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧ | સૈયદ નિયાઝઅલી અનવરઅલી | શાહેદ | ૧૯૫ |
| ૨ | ઈકબાલઅલી હજરતઅલી સૈયદ | શાહેદ | ૧૯૭ |
| ૩ | હજરતઅલી કાસમઅલી સૈયદ | શાહેદ | ૧૯૮ |

## (સી) કોર્ટ શાહેદ જો કોઈ હોય તો,

| શાહેદ નંબર | શાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા:–

| **અ.નં બર:** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૫૪ |
| (૨) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભાદરણને કરેલ યાદી | ૫૭ |
| (૩) | ઈજા પામનાર કુલદીપસિંહનું ઈજા અંગેનું પ્રમાણપત્ર | ૫૮ |
| (૪) | ટેલિફોનવર્ધી | ૬૦ |
| (૫) | ઈજા પામનાર સીતાબેનનું ઈજા અંગેનું પ્રમાણપત્ર | ૬૧ |
| (૬) | ઈજા પામનાર સીતાબેન ભાનમાં હતા અને નિવેદન આપી શકે તેવી પરિસ્થિતિમાં હતા તે અંગેનું તબીબ પ્રમાણપત્ર | ૬૨ |

| અ.નં બર: | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૭) | ઈજા પામનાર માણેકબેનની સારવાર અંગેનું સર્ટીફીકેટ મેળવવા માટેની યાદી | ૬૩ |
| (૮) | ઈજા પામનાર માણેકબેનનું ઈજા અંગેનું પ્રમાણપત્ર | ૬૪ |
| (૯) | ઈજા પામનાર માણેકબેન ભાનમાં હતા અને નિવેદન આપી શકે તેવી પરિસ્થિતિમાં હતા તે અંગેનું તબીબ પ્રમાણપત્ર | ૬૫ |
| (૧૦) | ઈજા પામનાર સામંતભાઈનો રેડીયોલોજીસ્ટનો રિપોર્ટ | ૬૭ |
| (૧૧) | ટેલિફોનવર્ધી | ૬૯ |
| (૧૨) | ઈજા પામનાર સામંતભાઈનું ઈજાઓ અંગેનું પ્રમાણપત્ર | ૭૦ |
| (૧૩) | ગુજરાત કીડની હૉસ્પિટલ,વડોદરાને લખેલ યાદી | ૭૧ |
| (૧૪) | ઈજા પામનાર સામંતભાઈનું મેડિકોલીગલ સર્ટીફીકેટ | ૭૨ |
| (૧૫) | રોડ ક્રોસ હૉસ્પિટલ, ડભાસાને લખેલ યાદી | ૭૩ |
| (૧૬) | ક્રોસ રોડ હૉસ્પિટલ, ડભાસાને લખેલ યાદીઓ | ૭૪ થી ૭૬ |
| (૧૭) | ઈજા પામનાર સામંતભાઈનું સિનરજી હૉસ્પિટલનું પ્રમાણપત્ર | ૭૮ |
| (૧૮) | ઈજા પામનાર સામંતભાઈનું ઈજાઓ અંગેનું પ્રમાણપત્ર | ૮૦ |
| (૧૯) | ઈજા પામનાર સામંતભાઈનું એસ.એસ.જી. હૉસ્પિટલ, વડોદરાનું પ્રમાણપત્ર | ૮૨ |
| (૨૦) | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૮૪ |
| (૨૧) | આરોપીઓની શરીરસ્થિતીનું પંચનામુ | ૮૬ |
| (૨૨) | આરોપી જાકીરની શરીરસ્થિતીનું પંચનામુ | ૮૭ |
| (૨૩) | ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ મુદ્દામાલનું પંચનામુ | ૮૮ |
| (૨૪) | આરોપી ઈકબાલે કાઢી બતાવેલ મુદ્દામાલનું પંચનામુ | ૯૩ |
| (૨૫) | આરોપી હજરતઅલીએ કાઢી બતાવેલ મુદ્દામાલનું પંચનામુ | ૯૪ |
| (૨૬) | આરોપી મગનભાઈએ કાઢી બતાવેલ મુદ્દામાલનું પંચનામુ | ૯૬ |
| (૨૭) | આરોપી અરવિંદભાઈએ રજૂ કરેલ હથિયારનું પંચનામુ | ૯૭ |
| (૨૮) | ઈજા પામનારના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૧૦૨ |
| (૨૯) | મુદ્દામાલ આર્ટીકલ નંબર:૮ સાથેની પંચ સ્લીપ | ૧૦૩ |

| અ.નં બર: | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૩૦) | આરોપી હજરતઅલીની શરીરસ્થિતીનું પંચનામુ | ૧૦૯ |
| (૩૧) | સેશન્સ કેસ નંબર:૧૭/૨૦ ના આરોપીઓએ રજૂ કરેલ હથિયારોના પંચનામા | ૧૨૨ – ૧૨૫ |
| (૩૨) | સ્ટેશન ડાયરીની લગત પાનની નકલ | ૧૩૨ |
| (૩૩) | સ્થાનિક એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૧૭૯ |
| (૩૪) | મામલતદાર બોરસદને લખેલ યાદી | ૧૮૦ |
| (૩૫) | મામલતદાર, વડોદરા શહેરને લખેલ યાદી | ૧૮૧ |
| (૩૬) | એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, પાદરા, વડોદરાને ડી.ડી. લેવા લખેલ યાદી | ૧૮૨ |
| (૩૭) | સિનરજી હૉસ્પિટલ, વડોદરાને કરેલ યાદી | ૧૮૩ |
| (૩૮) | સિવિલ હૉસ્પિટલ, અમદાવાદને કરેલ યાદી | ૧૮૪ |
| (૩૯) | તાલુકા વિકાસ અધિકારી, બોરસદને કરેલ યાદી | ૧૮૫ |
| (૪૦) | વિસ્તરણ અધિકારીએ લખેલ યાદી | ૧૮૬ |
| (૪૧) | ગુનાવાળી જગ્યાનો નકશો | ૧૮૭ |
| (૪૨) | મુદ્દામાલ રવાનગી નોંધ | ૧૮૮ |
| (૪૩) | એફ.એસ.એલ. મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૧૮૯ |
| (૪૪) | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર | ૧૯૦ |
| (૪૫) | એફ.એસ.એલ. નો બાયોલોજી વિભાગનો અહેવાલ | ૧૯૧ |
| (૪૬) | એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ | ૧૯૨ |

**બચાવપક્ષ તરફે રજૂ દસ્તાવેજો**

| અ.નંબર: | દસ્તાવેજનું નામ |
|---|---|
| – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| અ.નં બર: | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત

મુદ્દામાલ પાવતી નંબર:૯૯, તા.૨૫-૧૧-૧૮, મુદ્દામાલ પાવતી નંબર:૧, તા.૨૮-૧૨-૧૮, મુદ્દામાલ પાવતી નંબર:૩, તા.૧૦-૦૧-૧૯, મુદ્દામાલ પાવતી નંબર:૪, તા.૧૮-૦૧-૧૯, મુદ્દામાલ પાવતી નંબર:૫, તા.૨૬-૦૧-૧૯ તથા મુદ્દામાલ પાવતી નંબર:૮, તા.૦૮-૦૪-૧૯, મુદ્દામાલ પાવતી નંબર:૧૩,તા.૨૦-૦૪-૧૯ તથા મુદ્દામાલ પાવતી નંબર:૧૪, તા.૨૯-૦૪-૧૯

| અ.નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | લોહીવાળા કોટનનો ડબ્બો |
| ૨ | કંટ્રોલ કોટનનો ડબ્બો |
| ૩ | લોહીવાળી માટીનો ડબ્બો |
| ૪ | કંટ્રોલ માટીનો ડબ્બો |
| ૫ | સાત ગાંઠાવાળી વાંસની લાકડી-૧ |
| ૬ | ધારીયું |
| ૭ | ધારીયું (દાંતી) |
| ૮ | ઈજા પામનાર સામંતસિંહનું પેન્ટ |
| ૯ | પાંચ ગાંઠાવાળી લાકડી |
| ૧૦ | ખોળીવાળી લાકડી |
| ૧૧ | ચાર ગાંઠાવાળી લાકડી |
| ૧૨ | છ ગાંઠાવાળી લાકડી |
| ૧૩ | દસ ગાંઠાવાળી લાકડી |

## ॥ ચુ કા દો ॥

(તા. ૦૨-૦૭-૨૦૨૬)

**<u>પ્રસ્તાવના</u>:-**

**'નિરક્ષીર વિવેક' ન્યાયિક સૂત્રથી આપણે આ ચુકાદાની શરૂઆત કરીશું જેનો અર્થ 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' કરવાનો થાય છે. આ સંસ્કૃત શબ્દસમૂહ ન્યાયિક પ્રક્રિયામાં વિશેષ મહત્વ ધરાવે છે. તેનુ તાત્પર્ય સત્ય અને અસત્ય, યોગ્ય અને અયોગ્ય, તેમજ વિશ્વસનીય અને અવિશ્વસનીય બાબતો વચ્ચેનો સૂક્ષ્મ ભેદ પારખવાની ક્ષમતા સાથે સંબંધિત છે.**

**જે વ્યક્તિ અથવા સંસ્થા સાચું અને ખોટું, સત્ય અને અસત્ય તથા યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો વિવેકપૂર્ણ ભેદ સમજીને સત્ય અને યોગ્ય બાબતોને સ્વીકારવાની બુદ્ધિ ધરાવે છે, તે 'નિરક્ષીર વિવેક' ધરાવે છે એમ કહેવાય.**

**ફોજદારી ન્યાયપ્રણાલીમાં આ સિદ્ધાંતનો અર્થ એવો થાય છે કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અને સાક્ષીઓમાંથી જે ભાગ શંકાસ્પદ, અવિશ્વસનીય અથવા અસંગત જણાય તેને અદાલતે અલગ પાડવાના. બીજી તરફ, જે ભાગ વિશ્વસનીય, સુસંગત અને વિશ્વાસપાત્ર જણાય તેના આધારે જો આરોપીની સંડોવણી અને ગુનાની સાબિતી થઈ શકતી હોય, તો અદાલત તે વિશ્વસનીય પુરાવાઓના આધારે આરોપીને દોષિત ઠરાવી શકે છે. આ રીતે, માત્ર કેટલાક અંશે અસત્યતા કે અતિશયોક્તિ જોવા મળે તે કારણે સમગ્ર સાક્ષ્યને નકારી કાઢવા જરૂર નથી; પરંતુ અદાલતે 'નિરક્ષીર વિવેક'નો ઉપયોગ કરીને સત્યને અસત્યથી અલગ પાડીને ન્યાયસંગત નિર્ણય કરવો આવશ્યક બને છે.**

(૧) ભાદરણ પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નંબરઃ ૬૦/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ- ૪ અન્વયે ગુનો નોંધાયેલો. જેમાં પ્રથમ પકડાયેલા આરોપીઓ સામે મુખ્ય સેશન્સ કેસ નંબર:-૨૨/૨૦૧૯ અને ત્યારબાદ તે જ ગુનાના અન્ય આરોપીઓ ની ધરપકડ થતા તેમની સામે પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું જે અન્વયે સેશન્સ કેસ નંબર:-૧૭/૨૦૨૦ નોંધાયેલ. તે બંને સેશન્સ કેસ એક જ બનાવ અંગેના અને એક જ ગુના રજીસ્ટર અંગેના હોઈ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધિશશ્રી દ્વારા બંને કેસ સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ તથા આંકઃ ૩૪થી બંને કેસોનું સંયુક્ત તહોમતનામુ ફરમાવવામાં આવેલ. તેમજ બંને કેસનો પુરાવો એક સાથે નોંધવામાં આવેલો છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટૂંકી હકીકત:–</u>**

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત જોવામાં આવે તો, બનાવની ફરિયાદ અનાર્મ હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈએ તારીખઃ ૨૪–૧૨–૨૦૧૮ના રોજ ભાદરણ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રૂબરૂ નોંધાવેલ છે. જે ફરિયાદ આ કેસમાં આંકઃ ૫૪થી રજૂ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખઃ ૨૪–૧૨–૨૦૧૮ના રોજ બપોરના બારેક વાગે કંટ્રોલ રૂમ આણંદ ખાતેથી ફોન આવેલ કે પીપળી ગામે દસ્કાપુરા મુકામે ઝગડો થયેલ છે, પોલીસ મોકલી આપો. જેથી પોલીસ સ્ટેશનના પીએસઆઇ સાથે ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ કનુભાઈ અને ભરતભાઈ તથા કુલદીપસિહ બળવંતસિંહ, એ.એસ.આઇ સુરેશભાઈ જીવરામભાઈ તથા અલ્પેશકુમાર વસ્તાજી, હેડ કોન્સ્ટેબલ સીમોનભાઈ નરસિંહભાઈ, એ.એસ.આઈ પુનમભાઈ, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઇ હીરાભાઈ, પો.કો. જગદીશગીરી રમણગીરી, જીગ્નેશકુમાર ગીરવતભાઇ તથા પો.કો. વિશ્વજીતસિંહ અદેસિંહ તથા બીજા સ્ટાફના માણસો સરકારી તથા ખાનગી વાહનો સાથે પીપળી ગામે દસ્કાપુરા ગામે જતા જાણવા મળેલ કે હિન્દુ તથા મુસ્લીમ કોમના માણસો વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી પરંતુ ગામે મુસ્લીમ કોમમાં લગ્નપ્રસંગ હોય બંને પક્ષોના આગેવાનો ભેગા કલાક ૧૯–૩૦ તા.૨૩–૧૨–૨૦૧૮થી નોંધ કરવામાં આવેલ તેમ છતાં બનાવ કોમ્યુનલ હોય અને પીપળી ગામે જરૂરી તકેદારીના ભાગરૂપે બંદોબસ્ત રાખવા સારુ સંબંધિત પીએસઆઇએ હાજર રહેવા જણાવતા ફરિયાદી તથા ઉપરોક્ત પોલીસ માણસો પીપળી ગામે બંદોબસ્તમાં રોકાયેલા હતા અને ગામે હાજર હતા. તે પછી રાતના આશરે સાડા નવેક વાગ્યે પીપળી દસ્કાપુરામાં તેઓ હાજર હતા દરમ્યાન દસ્કાપુરા ભાગોળે હિન્દુ તથા મુસ્લિમના સામ સામે ટોળાઓ વળતા તેઓએ

ભાદરણ પોલીસ સ્ટેશનના પીએસઆઇને આ બાબતે જાણ કરતા પીએસઆઇ જરૂરી સ્ટાફના માણસો સાથે ગામે સરકારી વાહન સાથે આવેલા. આ વખતે મુસ્લિમ તરફના ટોળામાં તેઓએ જોયેલ તો પીપળીના હજરતઅલી કાસમઅલી સૈયદ હાથમાં ધારીયા સાથે તથા ઈકબાલઅલી હજરતઅલી તથા સબ્બીર ઉર્ફે મામુ તથા જાકીર ઉર્ફે જાડીયો મુસાભાઈ તથા મુકદર બાઉદીન ભટ્ટી તથા સકીલઅલી સિકંદરઅલી સૈયદ તથા આરીફ ઉર્ફે કણો પીચોગોવાળો તથા અસલમઅલી હુસેનઅલી સૈયદ મરઘીની દુકાનવાળો તથા તેમની સાથે બીજા ૧૫ થી ૨૦ માણસો ધારીયા લાકડીઓ સાથે હતા. તેમજ સામે હિન્દુ પક્ષના ટોળામાં જોતા રાહુલભાઈ મનુભાઈ ઝાલા મકવાણા, મગનભાઈ રાવજીભાઈ તથા મહેન્દ્રભાઈ શંકરભાઈ મકવાણા તથા મનુભાઈ ધુળાભાઈ મકવાણા તથા રમેશભાઈ રામસંગભાઈ મકવાણા, કનુભાઈ રામાભાઈ મકવાણા, અરવિંદભાઈ રાવજીભાઈ મકવાણા તથા બીજા ૨૦ થી ૨૫ માણસો ભેગા થઈ મુસ્લિમને ત્યાં લગ્નપ્રસંગ હોય બાઈક પાર્ક કરવા બાબતે સામે સામે ગાળા ગાળી કરી ઝઘડો કરવા લાગેલા. આ વખતે બંને ટોળાના માણસો સામ સામે છૂટો પથ્થરમારો કરવા લાગેલા અને સરકારી વાહન તે સ્થળે ઉભા રાખતા જ ટોળાના માણસોએ સરકારી વાહન ઉપર છૂટો પથ્થરમારો કરવા લાગેલા. જેથી ગાડીના આગળનો મુખ્ય કાચ તૂટી ગયેલો તથા મુસ્લિમ કોમના માણસોએ એક રીક્ષા ઉપર છૂટો પથ્થરોમારો કરી રીક્ષાને નુકસાન પહોંચાડે. આ પથ્થરમારામાં તેઓની સાથેના પોલીસ કૉન્સ્ટેબલ કુલદીપસિંહ બળવંતસિંહને હાથે સાધારણ ઈજા થયેલી. આ દરમિયાન બંને ટોળાના માણસોએ હિંસક સ્વરૂપ ધારણ કરતા જરૂરી બળ વાપરી બંને પક્ષના ટોળાના માણસોને વિખેરી નાખેલ. જેમાં મુસ્લિમ ટોળાના માણસોએ બે સ્ત્રીઓને પથ્થર મારાથી ઈજા કરેલ હોય જેથી આ

બંને સ્ત્રી જેમાં (૧) સીતાબેન શનાભાઈ પરમાર તથા (૨) માણેકબેન વા/ઑ ધુળાભાઈ પરમારને માથામાં તથા શરીરે ઈજાઓ થતા ૧૦૮ મોબાઈલ મારફતે તેઓને સારવાર માટે મોકલવા તજવીજ કરેલી. મુસ્લિમ પક્ષે એક મુસ્લિમ ઈસનને પણ માથાના ભાગે પથ્થરમારામાં વધતા ઓછા પ્રમાણમાં ઈજા થયેલી. આ દરમિયાન આ મુસ્લિમ ટોળાના માણસો દોડતા ભાથીજી મંદિર પાસે ગયેલા અને હિન્દુ કોમના માણસો પણ પહોંચી ગયેલા જેથી ફરિયાદી તથા ફરિયાદ નોંધનાર પી.એસ.આઈ. પોલીસ માણસો સાથે તે સ્થળે ગયેલા. આ હિંદુ ટોળાના માણસો મુસ્લિમની એક રીક્ષાને આડી પાડી તોડફોડ લાગેલા. આ વખતે ટોળાના માણસો પૈકી હજરતઅલી કાસમઅલી સૈયદ તથા તેમનો દીકરો ઇકબાલ ઉશ્કેરણી કરી સાલાઓને મારી નાખો તેમ જણાવી હિન્દુ ટોળાના માણસો સાથે ઝઘડો કરવા લાગેલા. જેથી સાથેના પી.એસ.આઈ. ફરિયાદ નોંધનાર સાથે તેઓ તથા પોલીસ માણસો ટોળાને છુટા પાડતા હતા. તે દરમિયાન હિંદુ ટોળાનો એક માણસ જમીન ઉપર રીક્ષા નજીક પડેલો અને તેના માથામાંથી લોહી નીકળતું હોય જેથી તેને પણ ૧૦૮ મોબાઈલમાં સારવાર માટે મોકલવાની તૈયારી કરતા હતા. આ વખતે ઈજા પામનારનું નામ સામંતસિંહ મેલસિંહ જાદવ રહે.પીપળી હોવાનું જણાયેલ અને તેણે જણાવેલ કે અજરતઅલી કાસમઅલી સૈયદે માથામાં પાછળના ભાગે ધારીયાનો ઘા કરેલ છે જેથી તેને ૧૦૮ મોબાઈલ આવતા સારવાર અર્થે મોકલી આપેલ. આ વખતે બીજા પોલીસના માણસો પણ આવી જતા પરિસ્થિતિ થાળે પાડેલી. સરકારી વાહનને આશરે રૂ.૧૦,૦૦૦/- જેટલું નુકસાન થયેલું. જેથી આ હિન્દુ તથા મુસ્લિમ કોમના માણસોએ બાઈક પાર્ક કરવા બાબતે ઝઘડો કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારું ગેરકાયદેસર મંડળી બની ધારીયા, લાકડી જેવા

હથિયારો સાથે સજ્જ થઈ, ગાળાગાળી કરી બંને પક્ષોએ સામ સામે પથ્થરમારો કરી, માણેકબેન તથા સીતાબેનને શરીરને વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી, સરકારી વાહન અને નુકસાન કરી તથા પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ ગુણવંતસિંહને સામાન્ય ઈજાઓ પહોંચાડી તથા સામંતસિંહ જાદવને મારી નાખવાના ઈરાદે હજરતઅલી કાસમઅલી સૈયદે માથામાં ધારીયાના ઘા કરી જીવલેણ ઈજા કરેલ હોય બંને ટોળાના માણસો વિરુદ્ધ કાયદેસર થવા ફરિયાદ છે તેવી હકીકત જાહેર કરેલી.

(૩) સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદી તથા શાહેદોના નિવેદનો નોંધી લઈ તથા ગુનાવાળી જગ્યાનું, આરોપીઓએ કાઢી બતાવેલ મુદ્દામાલ કબજે કર્યાના, ઈજા પાનારના કપડા કબજે કર્યાના વિગેરેના પંચનામાની વિગતોએ પંચનામા કરી, તપાસની જરૂરી કાર્યવાહી કરી તપાસ પૂર્ણ થયા બાદ આરોપીઓ પૈકી પ્રથમ મળી આવેલ નવ આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ-૪ મુજબનું ચાર્જશીટ બોરસદના વિદ્વાન એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરતા તેને તારીખઃ તા.૧૮-૦૩-૨૦૧૯ના રોજ ક્રિમિનલ કેસ નંબર:- ૭૩૭/૨૦૧૯થી રજીસ્ટરે લેવાયેલ જેમાં અન્ય આરોપીઓને નાસતા ફરતા દર્શાવેલા. સદર કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાથી બોરસદના વિદ્વાન સેકન્ડ એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૨૦-૦૩-૨૦૧૯ના રોજ હુકમ કરીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમિટ કરેલ જે સેશન્સ કેસ નંબર:- ૨૨/૨૦૧૯થી નોંધાયેલ છે. ત્યારબાદ નાસતા ફરતા અન્ય દસ

આરોપીઓ મળી આવતાં તેઓ સામે પુરવણી ચાર્જશીટ કરેલું જે બોરસદના વિદ્ધાન એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ક્રિમિનલ કેસ નંબર:-૧૬૧૪/૨૦૧૯થી રજીસ્ટરે લેવાયેલ. સદર કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાથી બોરસદના વિદ્ધાન સેકન્ડ એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૬-૦૧-૨૦૨૦ના રોજ હુકમ કરીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમિટ કરેલ જે સેશન્સ કેસ નંબર:-૧૭/૨૦૨૦થી નોંધાયેલ છે.

(૪) સદર કામે સેશન્સ કેસ નંબર-૧૭/૨૦૨૦ના આરોપી નંબર:-૪ રમેશભાઈ રામાભાઈ ઉર્ફે રામસીંગ મકવાણા ગુજરી ગયાનું જાહેર થતાં તા.૨૨-૦૧-૨૦૨૧ ના રોજ આંકઃ ૧નીચે હુકમ કરી આરોપી નંબર:-૪ સામેનો કેસ એબેટ કરવામાં આવેલ હોય બાકીના અન્ય આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતાં, પોતાના વિદ્ધાન વકિલશ્રીઓ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ- ૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરેલ. વિદ્ધાન પબ્લિક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ, કેસ પેપર્સ વંચાણે લઈ બંને કામના આરોપીઓ વિરુદ્ધ સંયુક્ત **આંકઃ ૩૪**થી ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ- ૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંકઃ ૩૫થી ૫૨ અન્વયે આરોપીઓની પ્લી રેકર્ડ કરેલ જેમાં

આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ફરિયાદપક્ષે વિદ્ધાન પબ્લિક પ્રોસિક્યુટરએ પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર ફોર્મ–C માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

(૭) ફરિયાદપક્ષે વિદ્ધાન પબ્લિક પ્રોસિક્યુટરએ આંકઃ ૧૯૩થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપતા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સેશન્સ કેસ નંબર:૨૨/૨૦૧૯ના આરોપી નંબર:૧ એ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓએ કોઈને ઈજા કરેલ નથી અને તેમની ખોટી સંડોવણી કરવામાં આવેલ છે અને તેઓએ લેખિત નિવેદન રજૂ રાખી તા.૨૩–૧૨–૨૦૧૮ના ૨૧–૩૦ થી ૨૨–૦૦ ના સમયગાળા દરમ્યાન તેઓ પીપળી મુકામે દશકાપુરા ખાતે મુકદરઅલી બાહુદીનઅલી સૈયદના દિકરીના લગ્નપ્રસંગે દશકાપુરા હાજર હતા. તેઓએ સામંતસિંહ જાદવને રાત્રીના ૯–૩૦ કલાકે ભાથીજી મંદિર પાસે માથાના ભાગે ધારીયું મારેલ નથી. આ સમયે તેઓ દશકાપુરા મુકામે હાજર હતા. તેઓના વેવાઈ મીયાજઅલી અનવરઅલી સૈયદે તેઓને બનાવની જાણ કરેલી અને જે સમયે આ બનાવ બન્યો ત્યારે દશકાપુરા મુકામે પી.એસ.આઈ. શ્રી આહિર પણ તેમની સાથે હાજર હતા. તેઓની આ ગુનાના કામે તદ્દન ખોટી રીતના સંડોવણી કરવામાં આવેલ છે. તેઓ બચાવના શાહેદ મીયાઝઅલી અનવરઅલી સૈયદને તપાસવા માંગે છે. આરોપી નંબર:૨ ઈકબાલઅલીએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ

છે. તેઓની ખોટી રીતે સંડોવણી કરી દીધેલ છે અને સદર શાહેદે પણ લેખિતમાં વિશેષ નિવેદન રજૂ રાખી તા.૨૩–૧૨–૨૦૧૮ ના ૨૧–૩૦ થી ૨૨–૦૦ ના સમયગાળા દરમ્યાન તેઓ પીપળી મુકામે તેમના ઘરે હાજર હતા. બનાવના સ્થળે તેઓ ગયેલા નથી. તેઓએ તેમના મોબાઈલ ઉપરથી બનાવની જાણ તેમને થતાં પી.એસ.આઈ. શ્રી આહિર સાહેબને ફોન કરી સામંતસિંહ સાથે બનાવ બનેલાની જાણ કરેલ કારણ કે તેઓ પીપળી ગ્રામ પંચાયતમાં જે તે સમયે ચુટાયેલા સભ્ય હતા. તેઓની આ ગુનામાં તદ્દન ખોટી રીતના સંડોવણી કરવામાં આવેલ છે તેઓ નિર્દોષ છે. સદર કામના અન્ય આરોપીઓએ પણ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેઓએ આવો કોઈ ગુનો કરેલ ન હોવાનું અને તેઓને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. વિશેષમાં સદર આરોપીઓએ તેમને આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદો તપાસવા નથી તેવું જણાવેલ છે.

**<u>દલીલઃ</u>**

(૮) ફરિયાદપક્ષે વિદ્વાન પબ્લિક પ્રોસીક્યુટરશ્રી એન.પી. મહીડાને સાંભળ્યાં. તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, PW1 ફરિયાદી દિલીપસિંહે રાયોટીંગના બનાવને સમર્થન કરેલ છે. આરોપીઓ હજરતઅલી કાસમઅલી, ઈકબાલઅલી હજરતઅલી, મગનભાઈ રાવજીભાઈ, રાહુલભાઈ મનુભાઈ બનાવ વખતે ટોળામાં હોવાનું જણાવેલ છે. ૨૦૧૯ થી બંને પક્ષોને તકરારો ચાલે છે. દિલીપસિંહની જુબાની મુજબ સામંતસિંહ તે ભાથીજી મંદિર પાસે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા હતા. ભાથીજી મંદિર દસ્કાપુરાથી એકાદ કી.મી. દૂર આવેલ છે. બચાવપક્ષે તપાસેલા સાક્ષીઓ રીલાયેબલ નથી. આરોપી નંબર–૦૧ને તા.૨૭–૧૨–૨૦૧૮ના

રોજ ધરપકડ કરી તા.૨૮–૧૨–૨૦૧૮ના રોજ કોર્ટમાં રજૂ કરેલા છે. તેમણે કોર્ટ સમક્ષ પોતે બનાવ સ્થળે હાજર ન હતા તેવી કોઈ જ રજૂઆત કરેલ નથી કે એલીબી લીધેલ નથી. તા.૨૩–૧૨–૨૦૧૮ના રોજ બનાવ બનેલ છે. બાઈક પાર્ક કરવા બાબતે તકરાર થયેલી ત્યારે હિન્દુ–મુસ્લીમ વચ્ચે બોલાચાલી થયેલી. તા.૨૩–૧૨–૨૦૧૮ ના રોજ રાત્રે ૨૧–૦૦ થી ૨૨–૦૦ વચ્ચે પીપળી ગામે બીજી તકરાર થયેલી. હિન્દુ– મુસ્લીમ વચ્ચે ઝઘડો થયેલો. રીક્ષાને નુકસાન થયેલું. આ બનાવમાં બે સ્ત્રી અને એક પુરુષને ઈજા થયેલી. જે સીતાબેન શનાભાઈ અને માણેકબેન ધુળાભાઈ હૉસ્ટાઈલ જાહેર થયેલા છે. સામંતસિંહ જાદવને ધારીયાથી ગંભીર ઈજા થયેલી. શાહેદ નંબર–૧૯ આંકઃ ૧૧૯થી સામંતસિંહની જુબાની થયેલ છે. તેઓની જુબાની મુજબ આરોપી નંબર એક હજરતઅલીએ તેઓને નિશાળ પાસ પાસે ખેંચી જઈ માથાના પાછળના ભાગે ધારીયું મારેલું. તેઓને જુબાની આપવા વ્હીલચેરમાં લાવવામાં આવેલા. માથામાં ગંભીર ઈજાઓ થયેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે હજરતઅલીએ ધારીયું માથામાં મારેલું અને મુકદરે માથામાં લાકડી મારેલી. તોફીક સીકંદરના હાથમાં લાકડીનો ડંડો હતો તેમજ આરોપી નંબર–૨ ઈકબાલ પાસે ધારીયું હતું. સદર હકીકતોને અન્ય શાહેદોના પુરાવાથી સમર્થન મળે છે. સદર કામે તમામ પંચો હૉસ્ટાઈલ થયેલા છે, પરંતુ ફરિયાદી અને મેડિકલ એવીડન્સ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરે છે. PW20 આંકઃ ૧૨૦થી તપાસેલા કુલદીપસિંહે દસ્કાપુરા ગામે બનાવ બનેલો અને રાયોટીંગનો પુરાવો આપેલ છે. સરકારી વાહનને નુકસાન થયેલું તેને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આંકઃ ૧૨૮થી તપાસેલા સંજયસિંહ સામેતસિંહ જાદવને તથા આંકઃ ૧૫૮ થી અશોકભાઈ મેલાભાઈ જાદવને તપાસેલા છે. તેઓ ફરિયાદપક્ષના

કેસની હકીકતને સમર્થન આપે છે. આરોપી ઈકબાલઅલી હજરતઅલી અને હજરતઅલી કાસમઅલીએ ધારીયાથી માર્યાની હકીકતને ઈજા પામનાર સામંતસિંહ, અશોકભાઈ મેલાભાઈ, ફરિયાદી દિલીપસિંહ અને કુલદીપસિંહના પુરાવાથી સમર્થન મળે છે. આંકઃ ૧૭૮થી તપાસેલા પી.એસ.આઈ. એન.એમ. આહિરે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આમ ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદી તથા સાક્ષીઓની જુબાનીથી આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો સાબિત થાય છે જેથી આરોપીઓને દોષિત ઠરાવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) સેશન્સ કેસ નંબર:–૨૨/૧૯ ના આરોપી નંબર:૧ થી ૮ તથા સેશન્સ કેસ નંબર:૧૭/૨૦૨૦ના આરોપી નંબર:–૬ થી ૯ તરફે વિદ્વાન વકીલ શ્રી જી.કે. પંડયાને સાંભળ્યાં તથા તેઓએ આંકઃ ૨૦૬થી રજૂ રાખેલ લેખિત દલીલો વંચાણે લીધી. તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, આંકઃ ૩૪ના તહોમતનામા મુજબનો કેસ સાબિત થતો નથી. રીક્ષાની માલીકી કોની હતી તે સાબિત થતું નથી. પહેલો બનાવ સાબિત જ થયો નથી. બનાવનું સ્થળ, સમય સાબિત થતો જ નથી. આહિર સાહેબ રાત્રીના ૯–૩૦ પછી આવેલા. ચાર્જમાં મુકદરઅલીના પિતાનું નામ જણાવેલ નથી. દયારામ ઉદેસિંહ મહત્વના સાક્ષી હોવા છતાં ફરિયાદપક્ષે તપાસેલા નથી. હિસ્ટ્રી આપનાર સાક્ષી દયારામ મહત્વના સાક્ષી હતા. સર્ટીફીકેટમાં નોટ ફોર કોર્ટ લખેલ છે. ઈ.પી.આર. ઈનડોર પેશન્ટ છે. કેસ પેપર્સ રજૂ નથી. કલમ–૨૭નું પંચનામું સાબિત થયેલ નથી. આઈ.ઓ. ની જુબાનીમાં કલમ–૨૭ મુજબનું પંચનામું સાબિત થતું નથી. સિકંદર નામના કોઈ જ આરોપી નથી. સામંતસિંહ કયાં પડી રહેલા હતા તે બાબતે વિરોધાભાસ છે. આ કેસમાં નકશો બનાવનારને તપાસેલા નથી. નકશાને આંક

આપવા સંમતિ આપેલ નથી. નકશો સાબિત થતો નથી. નકશા મુજબ બનાવ સ્થળ બદલાઈ જાય છે. સ્થાનિક એફ.એસ.એલ. અધિકારીને તપાસેલા નથી. ઈજા પામનાર સામંતસિંહનું બ્લડ સેમ્પલ લેવામાં આવેલ કે કેમ તે તથા કયુ બ્લડ ગ્રુપ હતું તે સાબિત થતું નથી. પુરાવા અધિનિયમની કલમ-૨૭ મુજબ હજરતઅલીએ હથિયાર શોધી બતાવ્યું તે સાબિત થતું નથી. તપાસ કરનાર અમલદારની જુબાનીથી પંચનામાના કન્ટેન્ટ પુરવાર થતા નથી. કલમ- ૧૪૩, ૧૪૭ સાબિત થતી નથી. ટોળામાંથી કોણે કઈ મિલકતને નુકશાન કર્યું તેનો પુરાવો નથી. સામંતસિંહને હઝરત અલીએ ધારિયુ માર્યું તેવો આક્ષેપ છે પરંતુ બનાવ બન્યો તે વખતે આરોપી હજરત અલી ખુદ ફરિયાદ પક્ષના કેસ મુજબ  દસકાપુરા મુકામે હતા. કોઈ સ્ત્રીઓને ઈજાઓ થઈ તે કોણ હતી તેને અને તેમને કોણે માર્યું તેનો પુરાવો રજૂ થયેલ નથી. ઈજા પામનાર સીતાબેન અને માણેકબેન કોઈ આરોપીનું નામ જણાવતા નથી. તે બંને સાક્ષીઓએ જે  વર્ણવ્યો છે તે તેમના ઘરે બનાવ બનેલો તેવું કહેલું છે. સામંતસિંહને પગમાં ઈજાનો મેડિકલ એવીડન્સ નથી. આંકઃ ૮૨ વાળું સર્ટીફીકેટ સાબિત થયેલ નથી. પહેલો ઝઘડો દસ્કાપુરા મુકામે તા.૨૩-૧૨-૨૦૧૮ના રોજ કલાક ૨૧-૩૦ થી ૨૨-૦૦ દરમ્યાન બનેલો. પહેલા ઝઘડામાં માણેકબેન વીકટીમ છે. માણેકબેનને આરોપી નંબર:૧૦ મગનભાઈએ ધારીયું માર્યું તેવો આરોપ છે. શાહેદ સીતાબેનને આરોપી નંબર:૩ સબ્બીર ઉર્ફે મામુ મીરસાબ મલીકે માથામાં ધારીયું મારી ઈજા કરી તેવો આરોપ છે. આરોપી નંબર:૧૫ અરવિંદભાઈ ઉર્ફે ટીનો રાવજીભાઈએ સીતાબેનને લાકડી ડાબા ગળે માર્યાનો આક્ષેપ છે. માણેકબેન તથા સીતાબેન બંને હૉસ્ટાઈલ થયા છે. જો મગનભાઈએ માણેકબેન ને ધાર્યું માર્યું તેવું માનવામાં આવે તો આમ હિન્દુ-મુસ્લીમ સામસામે

લડ્યાનું ખોટું સાબિત થાય છે. ગેરકાયેદસરની મંડળી બનતી નથી. ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટનો આરોપ સાબિત થતો નથી. કયા સરકારી વાહનને નુકસાન કર્યું, કેટલું નુકસાન કર્યું તે હિન્દુ ના ટોળાએ કર્યું કે મુસલમાનના ટોળાએ કર્યું તે વાહન સરકારી હતું કે ખાનગી તે સાબિત કરેલ જ નથી. સરકારી વાહનનો નંબર કોઈ સાક્ષીએ જણાવેલ નથી. બનાવ સ્થળ યોગ્ય રીતે સાબિત થતું નથી. કુલદીપસિંહ પોલીસ કર્મચારી ને સાદી ઈજા છે. સામંતસિંહને ગંભીર ઈજા છે. સીતાબેન અને માણેકબેનને સાદી ઈજા છે. સામંતસિંહની ઈજાનું સ્થળ બદલાઈ જાય છે. મુકદરઅલી નામના બે આરોપી છે. તેવી જ રીતે શકીલ સિકંદર નામના પણ બે આરોપી છે તેમાંથી કોણે માર્યું તે સાબિત થતું નથી. સ્ટેશન ડાયરીની એન્ટ્રી રજૂ કરવામાં આવેલ નથી. ચાર્જશીટ મુજબ આરોપીઓ અને ચાર્જ મુજબના આરોપીઓના ક્રમ બદલાઈ જાય છે. આરોપીના ભાઈ અને આરોપીના દીકરા બનાવ સ્થળે હાજર નહોતા તેમ છતાં તેમને ખોટી રીતે નજરે જોનાર સાક્ષી તરીકે રજૂ કરેલા છે. ચાર્જ યોગ્ય રીતે ફ્રેમ થયેલ નથી. ડૉકટર સમક્ષની હિસ્ટ્રીમાં કુલદીપસિંહે કોઈ વિગતો જણાવેલ નથી. મેડિકલ સર્ટી.માં હિસ્ટ્રી, ઈજાનો કલર, ઈજાનું માપ જણાવેલ નથી. કેસ પેપર્સ રજૂ કરેલા નથી. શ્રદ્ધા હૉસ્પિટલના ડૉકટર ઠાકરસિંહે જાતે ઈન્જર્ડને તપાસેલ નથી. પર્સનલ નોલેજ નથી. ઈજા પામનાર સીતાબેનની હિસ્ટ્રી ફરિયાદપક્ષના મૂળ કેસથી જુદી જ હિસ્ટ્રી આપેલ છે. તેમના ઘરે પીપળી ગામે ઈજા થયાનું જણાવે છે. ડૉકટર રાણાને તપાસેલ નથી. ડૉકટર અર્પિતાએ સામંતસિંહને તપાસેલા છે. સીટી સ્કેન કરાવેલ છે. ગંભીર ઈજાઓ હતી. આંકઃ ૬૮થી તપાસેલા ડૉ. દીક્ષિતના પુરાવા મુજબ હિસ્ટ્રી ચોક્કસ નથી. આમ સદર ગુનાના કામે સેશન્સ કેસ નંબર: ૨૨/૧૯ના આરોપી નંબર: ૧ થી ૮

તથા સેશન્સ કેસ નંબર: ૧૭/૨૦૨૦ ના આરોપી નંબર: ૬ થી ૯ની કોઈ સંડોવણી હોય તેવી હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૦) સેશન્સ કેસ નંબર:૨૨/૧૯ ના આરોપી નંબર: ૯ તથા સેશન્સ કેસ નંબર: ૧૭/૨૦૨૦ ના આરોપી નંબર: ૫ તરફે તેઓના વિદ્વાન વકીલ શ્રી પી.એસ. પટેલે આંકઃ ૨૧૪થી રજૂ રાખેલ લેખિત દલીલો વંચાણે લીધી. જેનો ટુંકસાર એવો છે કે, ફરિયાદી દિલીપસિંહની જુબાની જોતા તેઓ ઇન્ટરેસ્ટેડ પર્સન છે. તેઓની જુબાનીથી ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આંકઃ ૫૪થી તપાસેલા ડોક્ટર શિલ્પાબેનના પુરાવાથી ફરિયાદ પક્ષનો કેસ શંકારહિત પુરવાર થયેલ નથી. આંકઃ ૫૯થી તપાસેલા ડૉક્ટર ઠાકરસિંહ વાઘેલાની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થતો નથી. આંકઃ ૬૬થી તપાસેલા ડૉ. અર્પિતા ફર્નાન્ડીસ, આંકઃ ૭૭થી તપાસેલા ડૉ. ધ્રુમિક ગોહિલ તથા આંકઃ ૮૧થી તપાસેલા ડૉ. ભાવેશભાઈ મનુભાઈની જુબાની જોતાં તેઓ આરોપીઓની ગુનામાં ભુમિકા રહેલી હોય તેવો લેશમાત્ર પુરાવો નથી. પંચ શાહેદોની જુબાનીથી ફરિયાદપક્ષ પોતાના કેસને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.શાહેદ માણેકબેન તથા સીતાબેને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આંકઃ ૧૧૯ થી તપાસેલા સામંતસિંહે હાલના આરોપીઓ વિરૂદ્ધ લેશમાત્ર સમર્થન આપેલ નથી. આંકઃ ૧૨૦ થી તપાસેલા કુલદીપસિંહ પરમાર સરકારી શાહેદ છે. રસ ધરાવતા શાહેદ છે. તેઓને કેવી રીતે અને કોણે ઈજા કરેલ તે બાબતે લેશમાત્ર પુરાવો આપેલ નથી. સદર કામે તપાસેલા કોઈ પણ શાહેદના પુરાવાથી હાલના આરોપીઓ વિરૂદ્ધના ગુનાની

હકીકતને નિ:શંકપણે સમર્થન આપેલ નથી. ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. શાહેદોના નિવેદનોમાં તેમજ તપાસનીશ અધિકારીની જુબાનીઓમાં વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. પંચનામાઓ પુરવાર થયેલ નથી જેથી હાલના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૧૧)** સેશન્સ કેસ નંબર:૧૭/૨૦૨૦ ના આરોપી નંબર: ૧, ૨, ૩ તથા ૧૦ તરફે તેઓના વિદ્વાન વકીલ શ્રી ડી.જે. ગોસાઈ આંકઃ ૨૧૦ થી રજૂ રાખેલ લેખિત દલીલો વંચાણે લીધી. જેનો ટુંકસાર એવો છે કે, આંકઃ ૩૪ થી જે તહોમત ફરમાવવામાં આવેલ છે તે ફરિયાદપક્ષ પુરવાર કરેલ નથી તેમજ જે પણ તહોમત તેઓ આરોપીઓ ઉપર લગાવવામાં આવેલ છે તે તમામ આરોપો ફરિયાદી સાબિત કરી શકેલા નથી. સદર કેસમાં ફરિયાદપક્ષ દ્વારા ૨૮ શાહેદોની જુબાની લેવામાં આવેલ છે તે તમામની જુબાની જોતાં એક પણ શાહેદ ફરિયાદપક્ષને સમર્થન આપેલાની કોઈ એવી હકીકત આવેલ નથી જે ફરિયાદીની ફરિયાદને સાબિત કરી શકે. આમ આરોપી ઉપર જે પણ આરોપ લગાવવામાં આવેલ છે તે તમામ આરોપ ખોટા છે. તેઓ આરોપીઓ દ્વારા આવો કોઈ પણ પ્રકારનો ગુનો કરવામાં આવેલ નથી જેથી તેઓ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૧૨)** આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બંને કામના આરોપીઓ તથા મરણજનાર આરોપી રમેશભાઈ રામસંગભાઈ મકવાણાએ બાઈક પાર્ક કરવા બાબતે ઝઘડો કરી તારીખઃ ૨૩-૧૨-૨૦૧૮ના રોજ કલાક ૨૧-૩૦ થી ૨૨-૦૦ સુધીના સમયગાળા દરમ્યાન

પીપળી **દસ્કાપુરામાં** પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારું ગેરકાયદેસર મંડળી બની ધારીયા લાકડી જેવા મારક હથિયારો સાથે સજ્જ થઈ ગાળા ગાળી કરી બંન્ને પક્ષોએ સામસામે પથ્થર મારો કરી દસ્કાપુરામાં રીક્ષા નંબર: જી.જે. ૨૩– વાય–૨૫૧૫ને રૂા.૧૫,૦૦૦/–નું નુકશાન પહોંચાડી તથા શાહેદ માણેકબેનને આરોપી મગનભાઈએ માથામાં ધારીયું મારી ઈજા પહોંચાડી તથા શાહેદ સીતાબેનને આરોપી શબ્બીર ઉર્ફે મામુએ ધારીયુ માથામાં મારી ઈજા પહોંચાડી તથા આરોપી અરવિંદભાઈએ લાકડીનો ગોદો સીતાબેનને ડાબા ગાલ ઉપર મારી શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી તથા સરકારી વાહનને આશરે રૂા.૧૦,૦૦૦/–નું નુકશાન કરી તથા પો. કો. કુલદીપસિંહ બળવંતસિંહને પથ્થરમારામાં ઈજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨) તેમજ ડેમેજ ટુ પબ્લીક પ્રોપટી એકટની કલમ– ૪ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, મુદ્દા નંબર એકમાં જણાવેલા ઝઘડાના અનુસંધાને તે જ તારીખે રાત્રિના આશરે ૨૧–૩૦ થી ૨૨–૦૦ સુધીના સમયગાળા દરમ્યાન મોજે **પીપળી ભાથીજી મંદિર પાસે** હિન્દુ કોમના ટોળાએ મુસ્લીમ કોમના માણસની રીક્ષા નંબર: જી.જે.૬–એ.–વાય ૧૩૪૬ને આડી પાડી તોડફોડ કરી રૂા.૧૫,૦૦૦/–નું નુકશાન પહોંચાડતા આરોપી હજરતઅલી તથા ઈકબાલઅલીએ ઉશ્કેરણી કરી સાલાઓને મારી નાખો તેવી ધમકી આપી હિન્દુ ટોળાના માણસો સાથે ઝઘડો કરી શાહેદ સામંતસિંહ મેલસિંહ જાદવને આરોપી શકીલ સીકંદર પઠાણે લાકડાના ડંડાની બે–ત્રણ ઝાપોટો પગમાં મારી તથા આરોપી હજરતઅલી તથા ઈકબાલઅલીએ ધારીયુ તથા આરોપી તોફીક સીકંદર પઠાણે હાથમાં લાકડી તથા આરોપી આશીક સમસુ મલેકે લાકડી તથા આરોપી મુકદરઅલીએ ખોડીવાળી લાકડી લઈ આવી બનાવમાં હુમલો કરવામાં સામેલ થઈ નજીકમાં આવેલ નિશાળ તરફ શાહેદ સામંતસિંહને ખેંચી લઈ જઈ આરોપી ઈકબાલઅલી તથા

શકીલ સીકંદર પઠાણે સામંતસિંહને પકડી રાખી આરોપી હજરતઅલીએ મારી નાખવાના ઈરાદે સામંતસિંહને જોરથી માથામાં ધારીયું મારી જીવલેણ ઈજા પહોંચાડી તેમજ આરોપી મુકદરઅલીએ લાકડીની ઝાપોટ સામંતસિંહને માથામાં મારી ઈજા પહોંચાડી, ગુનો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨) તેમજ ડેમેજ ટુ પબ્લીક પ્રોપટી એકટની કલમ– ૪ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**(૧૩)** ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબરઃ– (૧) અંશત હકારાત્મક.
મુદ્દા નંબરઃ– (૨) નકારાત્મક.
મુદ્દા નંબરઃ– (૩) આખરી હુકમ મુજબ.

## –: કા ર ણો :–

### પુરાવાનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન :–

**(૧૪)** પુરાવાનું પૃથ્થકરણ, વિશ્લેષણની શરૂઆત કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન સમયે અદાલતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેમજ કયા પાસાને નજરમાં રાખવા તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટે પોતાના વિવિધ ચૂકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈએ તો પ્રસ્તુત કેસના મૂલ્યાંકનમાં તે સિદ્ધાંતો મદદરૂપ થશે. **નામદાર સુપ્રીમ કોર્ટે દિગંબર વૈષ્ણવ અને બીજા વિરુદ્ધ સ્ટેટ ઑફ છત્તીસગઢ, ૨૦૧૯ (૦) એ.આઈ.આર. (સુ.કો.) પેજ–૧૩૬૭**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ક્રિમિનલ જ્યુરિસ્પ્રુડન્સના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફોજદારી કેસ સાબિત કરવાનો બોજો હરહંમેશ પ્રોસીક્યુશન પર રહેલ છે. વધુમાં શંકાઓ ગમે તેટલી મજબૂત ઉભી થતી હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી અને અદાલત તેવી શંકાઓના આધારે કે

શકયતાઓના આધારે આરોપીને દોષિત માની શકે નહી. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે યોગેશસિંહ વિરુદ્ધ મહાવીરસિંગ, ૨૦૧૬ (૦) એ.આઈ.આર. (સુ.કો.) પેજ–૫૧૬૦**ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ પ્રોસીક્યુશને પોતાનો કેસ વ્યાજબી શંકારહિત સાબિત કરવાનો થાય છે. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે શ્રીમતી સમીમ વિરુદ્ધ સ્ટેટ ઓફ એનસીટી દિલ્હી, ક્રિમિનલ અપીલ નંબર–૫૬/૨૦૧૮ના** કેસમાં તારીખઃ ૧૯–૦૯–૨૦૧૮ના રોજ આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ ક્રિમિનલ ટ્રાયલ એ સત્યની શોધની પ્રક્રિયા છે અને આ પ્રક્રિયામાં અદાલતે એ જોવાનું રહે છે કે, કોઈ નિર્દોષ વ્યકિત ખોટી રીતે સજા ન પામે અને કોઈ દોષિત વ્યકિત છટકી ન જાય.

(૧૫) આમ ઉપરોકત પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી તથા બંને તરફેની દલીલોને ધ્યાનમાં રાખી રજૂ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ અને મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં કુલ ૨૮ શાહેદોને તપાસેલા છે. જ્યારે બચાવ પક્ષે પોતાના બચાવમાં ત્રણ સાક્ષી તપાસેલા છે. આમ આ કેસમાં કુલ 31 સાક્ષીઓની જુબાની થયેલી છે. સૌ પ્રથમ ફરિયાદ પક્ષે તપાસેલા સાક્ષીઓ પૈકી જે સાક્ષીઓએ ફરિયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન કરેલ નથી. તેવા સાક્ષીઓની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો ચુકાદો લખવામાં વધારે સરળતા રહેશે.

**હોસ્ટાઇલ સાક્ષીઓની જુબાની:–**

(૧૬) ફરિયાદપક્ષે **PW17 આંકઃ ૧૧૪થી શાહેદ માણેકબેન ધુળાભાઈ ઝાલા**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૨૩/૧૨/૨૦૧૮ના રોજ તેઓના વિસ્તારના દસકાપુરામાં મુકદ્દરઅલી બાઉદ્દીનઅલી

સૈયદને ત્યાં તેમની દિકરીના લગ્ન હતા તે દરમિયાન મોટરસાયકલ પાર્ક કરવા બાબતે હિન્દુ અને મુસ્લિમ વચ્ચે બોલાચાલી થયેલી અને પોલીસ આવી જતા ઝઘડો શાંત પડેલો અને અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ. ત્યારબાદ રાત્રીના સાડા નવેક વાગે બનાવ બન્યો. તે વખતે તેઓ તેમની પરસાળમાં બેઠેલા હતા. તે વખતે અચાનક તેમને માથામાં વાગેલું અને તેઓ બેભાન થઇ ગયેલા. ત્યારબાદ તેમની સારવાર કરાવેલી. તેમને માથામાં શું માર્યું અને કોણે માર્યું તે તેમને ખબર નથી. તેમને તેમના ઘરની સામે રહેતા મગનભાઇ રાવજીભાઇએ ધારીયુ માથામાં માર્યું હોય તેવું બનેલું નહી. પોલીસે તેમની કોઇ પૂછપરછ કરીને જવાબ લીધેલો નહીં. તેઓ આ કામના આરોપીઓને ઓળખી શકે નહીં.

**(૧૬.૧)** સદર શાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો આપતા ન હોઈ ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૧૭)** ફરિયાદપક્ષે **PW18 આંકઃ ૧૧૫થી શાહેદ સીતાબેન શંકરભાઈ પરમાર**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૨૩/૧૨/૨૦૧૮ના રોજ તેઓના વિસ્તારના દસકાપુરામાં મુકદ્દરઅલી બાઉદ્દીનઅલી સૈયદને ત્યાં તેમની દિકરીના લગ્ન હતા તે દરમિયાન મોટરસાયકલ પાર્ક કરવા બાબતે હિન્દુ અને મુસ્લિમ વચ્ચે બોલાચાલી થયેલી અને પોલીસ આવી જતા ઝઘડો શાંત પડેલો

અને અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ. ત્યારબાદ રાત્રીના સાડા નવેક વાગે બનાવ બન્યો. તે વખતે તેઓ તેમના ઘર સામે મંદિર પાસે બેઠેલા તે વખતે તેમને માથામાં વાગતાં સાત ટાંકા આવેલા. ત્યાર પછી તેઓ બેભાન થઇ ઢળી પડેલા. ત્યારબાદ શું થયું તેની તેમને ખબર નથી. બનાવ વખતે મુસ્લિમ સમાજના માણસો ધારીયા, લાકડીઓ અને લાકડા ડંડા જેવા હથિયારો લઇને આવેલા હોય અને ટોળમાંના મામુ તથા ઝાકીર અને બીજા મુસ્લિમ કોમના માણસોએ પથ્થરમારો ચાલુ કરેલ હોય અને તે ધમાલમાં તેમને અરવિંદભાઇ રાવજીભાઇએ લાકડીનો ગોદો મારી ડાબા ગાલ ઉપર તથા મામુ નામના મુસલમાને ધારીયું માથામાં માર્યું હોય તેવું બનેલ નહીં. પોલીસે તેમની દવાખાનામાં પૂછપરછ કરેલી. તેઓ આરોપીઓને ઓળખે છે. તેઓ તેમના ગામના છે.

**(૧૭.૧)** સદર શાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો આપતા ન હોઈ ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૧૭.૨)** સદર શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેમને ઈજા થયા બાદ પીપળી ગામમાં શું બનાવ બનેલો તેની તેમને ખબર નથી અને તેઓએ પોલીસને કોઈ પણ વ્યક્તિના નામ લખાવેલા નહીં.

**<u>પંચ શાહેદોનો પુરાવોઃ</u>**

(૧૮) ફરિયાદપક્ષે **PW9 આંકઃ ૮૩થી પંચ શાહેદ યોગેશભાઈ કાન્તિભાઈ પઢીયારને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, ભાદરણ પોલીસે બે-ત્રણ વર્ષ પહેલા તેઓ તેમની કટલરીની લારી ઉપર બેઠા હતા ત્યારે તેમની કોરા કાગળમાં સહી કરાવેલી. શું બાબતમાં તે કાગળનો ઉપયોગ કરવાનો છે તે તેમને કહેલું નહીં. તેમની સાથે બીજા કોઇ પંચ હતા નહીં. તેઓ પીપળી ગામના દસકાપુરામાં ગયેલા હોય અને ત્યાં આવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ હોય તેવું બેનલ નથી. સદર શાહેદે નિ. ૨૬/૨ ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઈ તેમાં પંચ-૧ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક-૮૪થી રજૂ રાખેલ છે.

(૧૮.૧) સદર શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આંકઃ ૮૪થી રજૂ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૧૮.૨) ત્યારબાદની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓએ એવું સ્વીકારેલ છે કે, કોરા કાગળમાં સહી લેવાના કારણે તે કાગળો તેઓએ તેમની સહી કર્યા બાદ તેમાં શું લખેલ છે તેની તેમને ખબર નથી.

(૧૮.૩) આમ સદર પંચ શાહેદના પુરાવાથી આંકઃ ૮૪થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય તેવી કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

(૧૯) ફરિયાદપક્ષે **PW10 આંકઃ ૮૫થી પંચ શાહેદ વિનોદભાઈ રમતુભાઈ ભોઈને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, ભાદરણ પોલીસે બે-ત્રણ વર્ષ પહેલા તેઓ તેમની ચાની લારી ઉપર બેઠા હતા ત્યારે તેમની કોરા કાગળોમાં ઘણી બધી સહીઓ કરાવેલી. શું બાબતમાં તે કાગળોનો ઉપયોગ કરવાનો છે તે તેમને કહેલું નહી. તેમની સાથે બીજા કોઈ પંચ હતા નહી. તેઓ પીપળી ગામના દસકાપુરામાં ગયેલા હોય અને ત્યાં આવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ હોય તથા જુદા જુદા આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુ તથા ગુનાવાળી જગ્યાએથી લોહીવાળી માટી તથા કન્ટ્રોલ માટી કબજે કર્યા બાબતના પંચનામા કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સદર શાહેદ આંકઃ ૮૪ ના પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર શાહેદ નિ. ૨૬/૩, ૨૬/૪, ૨૬/૫ જોઈ તે તમામ પંચનામાઓમાં તેઓની પંચ નંબર-૨ તરીકે સહીઓ હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામા આંકઃ ૮૬ થી ૮૮ અન્વયે રજૂ રાખેલા છે.

(૧૯.૧) સદર પંચ શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આંકઃ ૮૪ કે આંકઃ ૮૬ થી ૮૮થી રજૂ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૧૯.૨) સદર શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, કોરા કાગળોમાં સહીઓ લેવાના કારણે તે કાગળો તેઓએ તેમની સહી કર્યા બાદ તેમાં શું લખેલ છે તેની તેમને ખબર નથી.

તેઓએ તમામ સહીઓ એક જ દિવસે કરેલી. તેઓએ સહીઓ કરેલી ત્યારે બીજા કોઇ પંચ હાજર ન હતા.

(૧૯.૩) આમ સદર પંચ શાહેદના પુરાવાથી આંકઃ ૮૪થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંકઃ ૮૬થી રજૂ આરોપી નંબર:૫, ૩, ૮, ૭, ૬ ની શરીરસ્થિતીનું પંચનામું, આંકઃ ૮૭થી રજૂ આરોપી નંબર:૪ જાકીર ઉર્ફે જાડીયા મુસાભાઈની શરીરસ્થિતીનું પંચનામું તથા આંકઃ ૮૮થી રજૂ સ્થાનિક એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ પરીક્ષણ દરમ્યાન ગુનાવાળી જગ્યાએથી કબજે લીધેલ મુદ્દામાલનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય કે કોઈ મુદ્દામાલ તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવી કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

(૨૦) ફરિયાદપક્ષે **PW11 આંકઃ ૯૨થી પંચ શાહેદ અશ્વિનભાઈ ઠાકોરભાઈ ઠાકોરને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, ત્રણેક વર્ષ પહેલા ભાદરણ પોલીસે તેમને ભાદરણ ચોકડી પાસે બોલાવી તેમની કેટલાક લખેલા કાગળમાં સહીઓ લીધેલી. તે વખતે તેમની સાથે બીજા કોઇ પંચ હતા નહી. તેઓની હાજરીમાં કોઇ ઇસમે લાકડી તથા ધારીયુ કાઢી બતાવવાનું કહ્યું હોય અને તેઓના બતાવ્યા પ્રમાણે તેઓ ગયેલ હોય અને પંચનામાની વિગતે બે જુદા જુદા આરોપી પાસેથી કોઇ હથિયારો કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સદર શાહેદને નિ. ૨૬/૬ તથા નિ. ૨૬/૮ બતાવતાં તે જોઈ તે બંને પંચનામામાં પંચ નંબર: ૨ તરીકે તેઓની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામા આંક–૯૩ તથા આંક–૯૪થી રજૂ રાખેલા છે. વધુમાં તેઓએ આ કામના આરોપીઓને ઓળખતા નથી તેવું જણાવેલ છે.

**(૨૦.૧)** સદર પંચ શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આંકઃ ૯૩ તથા ૯૪ થી રજૂ પંચનામાઓની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૨૦.૨)** સદર શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર કાગળોમાં સહીઓ કરેલી. તેઓ કોઇ જગ્યા ઉપર ગયેલ નહી અને તેમની રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નહી.

**(૨૦.3)** આમ સદર પંચ શાહેદના પુરાવાથી આંકઃ ૯૩થી રજૂ આરોપી ઈકબાલઅલીએ શોધી બતાવેલ હથિયાર લાકડી કબજે કર્યાનું પંચનામું તથા આંકઃ ૯૪થી રજૂ આરોપી નંબર:૧ હજરતઅલીએ શોધી બતાવેલ હથિયાર ધારીયું કબજે કર્યાનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય કે કોઈ તેઓની હાજરીમાં કોઈ આરોપીએ મુદ્દામાલ શોધી બતાવેલ હોય કે તેવો કોઈ મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવી કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

(૨૧) ફરિયાદપક્ષે **PW12 આંકઃ ૯૫થી પંચ શાહેદ લાલજીભાઈ ગોરધનભાઈ મકવાણાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, એકાદ વર્ષ પહેલા ભાદરણ પોલીસે તેઓ રસ્તામાં જતા હતા ત્યાંથી તેમને બોલાવી તેમની કોળા કાગળમાં સહી લીધેલી. તેમની સાથે કોઇ બીજા પંચ હતા નહી. તેમની હાજરીમાં કોઇ ઇસમે લાકડી તથા ધારીયા રજૂ કર્યા હોય તેવું બનેલ નથી. સદર શાહેદને નિ. ૨૬/૯ તથા નિ. ૨૬/૧૧ બતાવતાં તે જોઈ તે બંને પંચનામામાં પંચ નંબરઃ ૧

તરીકે તેઓની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામા આંક– ૯૬ તથા આંક– ૯૭ થી રજૂ રાખેલા છે. વધુમાં તેઓએ આ કામના આરોપીઓને ઓળખતા નથી તેવું જણાવેલ છે.

**(૨૧.૧)** સદર પંચ શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે આંકઃ ૯૬ તથા ૯૭ થી રજૂ પંચનામાઓની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૨૧.૨)** સદર શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર કાગળોમાં સહીઓ કરેલી. તેઓ કોઇ જગ્યા ઉપર ગયેલ નહી અને તેમની રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નહી.

**(૨૧.૩)** આમ સદર પંચ શાહેદના પુરાવાથી આંકઃ ૯૬થી રજૂ આરોપી મગનભાઈએ રજૂ કરેલ હથિયાર ધારીયું કબજે કર્યાનું પંચનામું તથા આંકઃ ૯૭ થી રજૂ આરોપી અરવિંદભાઈએ રજૂ કરેલ હથિયાર લાકડી કબજે કર્યાનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય કે કોઈ તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવી કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

**(૨૨)** ફરિયાદપક્ષે **PW13 આંકઃ ૯૮થી આંકઃ ૯૬ના પંચનામાના બીજા પંચ કનુભાઈ મંગળભાઈ મકવાણાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પણ બે વર્ષ પહેલા ભાદરણ પોલીસે તેઓ રસ્તામાં જતા હતા ત્યાંથી તેમને બોલાવી તેમની કોળા કાગળમાં સહી લીધેલી. તેમની સાથે કોઇ બીજા પંચ હતા નહી અને તેમની

હાજરીમાં કોઇ ઇસમે ધારીયુ રજૂ કર્યું હોય તેવું બનેલ નહીં તેવું જણાવેલ છે અને માત્ર આંક–૯૬ નું પંચનામું જોઈ તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર શાહેદને પણ ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં સદર શાહેદે પણ આંકઃ ૯૬થી રજૂ આરોપી મગનભાઈએ રજૂ કરેલ હથિયાર ધારીયું કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થનકર્તા પુરાવો આપેલ નથી. આમ સદર પંચ શાહેદના પુરાવાથી પણ આંકઃ ૯૬નું પંચનામુ સદર શાહેદની હાજરીમાં થયેલ હોય કે તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી આંકઃ ૯૬ના પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

(૨૩) ફરિયાદપક્ષે **PW14 આંકઃ ૧૦૧થી પંચ શાહેદ કાળીદાસ વેરીભાઈ પરમારને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના સરતપાસના પુરાવા મુજબ, પોલીસે ત્રણેક વર્ષ પહેલા તેમને સામંતસિંહ મેલાભાઇ જાદવના ઘરે બોલાવેલા. પોલીસ સામંતસિંહના કપડા લેવા આવેલી. તેઓના કપડામાં એક ભુરુ જીન્સનું પેન્ટ હતું. પેન્ટ ઉપર તેઓએ કંઇ જોયેલું હોય તેવું બનેલ નથી. સદર શાહેદને નિ. ૨૬/૧૦ બતાવતાં તે જોઈ તે પંચનામામાં પંચ નંબર– ૨ તરીકે તેમની સહી હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામું આંકઃ ૧૦૨થી રજૂ રાખેલ છે. વધુમાં સદર શાહેદ મુદ્દામાલ આર્ટીકલ નંબર: ૮ માંથી નિકળેલ ભુરા કલરનું જીન્સનું પેન્ટ જોઈ તે પોલીસે કબજે કરેલું તે જ હોવાનું ઓળખી બતાવે છે તેમજ તેની સાથેની પંચ સ્લીપ આંકઃ ૧૦૩ માં પંચ નં–૨ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. આ પોલીસ કયા પોલીસ સ્ટેશનેથી આવેલી તે તેઓએ પોલીસને પૂછેલું નહીં તેવું જણાવે છે.

**(૨૩.૧)** ઉપરોક્ત પંચ શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, જે ભાથીજીવાળા ફળિયામાં રહે છે તે જ ફળિયામાં સામંતસિંહ મેલસિંહ જાદવ રહે છે. સામંતસિંહના દિકરાનું નામ સંજયસિંહ છે તે તેઓ જાણે છે. તેઓ શનાભાઇ પુંજાભાઇ પરમારને ઓળખે છે તે તેમના કાકા થાય છે અને તેઓ ગુજરી ગયેલા છે અને તે પણ ભાથીજીવાળા ફળીયામાં પીપળી મુકામે રહેતા હતા. તેઓએ જે સહી પંચનામામાં કરી તે સહી ભાથીજીવાળા ફળિયા પીપળી મુકામે કરેલી. મુદ્દામાલ આર્ટીકલ જેવા જીન્સના પેન્ટ બજારમાં સામાન્ય રીતે મળે. તેઓ જ્યારે પંચમાં રહેવા ગયા ત્યારે જીન્સનુ પેન્ટ પોલીસના હાથમાં હતું અને પોલીસે તેમને બતાવેલું. પેન્ટ કેમ કબજે લેવાનું છે તેનું કોઇ કારણ પોલીસે તેમને જણાવેલું નહીં. આજરોજ તેમની સાથે સામંતસિંહના દિકરા સંજયસિંહ જાદવ કોર્ટમાં આવેલા છે.

**(૨૪)** ફરિયાદપક્ષે આંકઃ ૮૬ થી ૮૮ તથા ૯૩ અને ૯૪ના પંચનામાઓના બીજા પંચ શાહેદ **કનુભાઈ મંગળભાઈ મકવાણાને PW15, આંકઃ ૧૦૭થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ, પોલીસે ચારેક વર્ષ પહેલા તેઓ ભાદરણ ચોકડીએ ઉભા હતા તે વખતે પાંચેક કાગળોમાં તેમની સહીઓ કરાવેલી તે શું બાબતની હતી તે તેમને ખબર નથી. તેઓએ સહીઓ કરી ત્યારે તેમની સાથે બીજા કોઇ પણ હતા નહીં. તેમની હાજરીમાં કોઇ આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુ, ગુનાવાળી જગ્યાએથી કબજે લીધેલ મુદ્દામાલનું પંચનામુ તથા આરોપીઓએ તેમની સ્વેચ્છાએ કાઢી બતાવેલ હથિયારોનું પંચનામુ કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. સદર શાહેદે આંકઃ ૮૬ થી ૮૮ તથા ૯૩ અને ૯૪થી રજૂ પંચનામાઓમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે, પરંતુ તેઓ આરોપીઓ કે મુદ્દામાલને

ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે. સદર શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે સદર પંચનામાઓની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૨૪.૧)** ઉપરોક્ત **PW15** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓએ જે કોઈ સહીઓ કરેલી તે રસ્તામાં કરેલી અને તેઓએ શેના પંચનામામાં સહીઓ કરેલી તેની તેમને ખબર નથી.

**(૨૪.૨)** આમ આંકઃ ૮૬ થી ૮૮ તથા ૯૩ અને ૯૪ થી રજૂ પંચનામાઓના સદર બીજા પંચ શાહેદના પુરાવાથી પણ સદર પંચનામા તેઓની હાજરીમાં થયેલ હોય કે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવી કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

**(૨૫)** ફરિયાદપક્ષે **PW16 આંકઃ ૧૦૮થી પંચ શાહેદ સંજયભાઈ સોમાભાઈ કોળી પટેલને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના સરતપાસના પુરાવા મુજબ, પોલીસે તેમની સહી લીધેલી તે કેટલા સમય પહેલા લીધી હશે તે તેઓ કહી શકે નહી. તેમની સાથે બીજા કોઇ પંચ હતા નહીં. તેઓની હાજરીમાં કરજણ પોલીસે જલારામ ચોકડી ઉપર એક ઇસમ હજરતઅલી કાસમઅલી સૈયદ હાજર હોય અને તેઓની શરીર સ્થિતિનું પંચનામુ તેઓ પંચો રૂબરૂ કરવામાં આવેલ હોય તેવું બનેલ નહીં. સદર શાહેદને નિ. ૨૬/૭ બતાવતાં તે જોઈ તેમાં પંચ-૨ તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામું આંકઃ

૧૦૯થી રજૂ છે. તેઓ આ કામના આરોપીને ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે.

**(૨૫.૧)** **PW16** ને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે સદર પંચનામાઓની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૨૫.૨)** આમ તે શાહેદના પુરાવાથી આંકઃ ૧૦૯થી રજૂ આરોપી હજરતઅલીની શરીરસ્થિતીનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

**(૨૬)** ફરિયાદપક્ષે **PW21 આંકઃ ૧૨૧થી પંચ શાહેદ આશીકઅલી કાસમઅલી સૈયદને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના સરતપાસના પુરાવા મુજબ, તા. ૦૮/૦૪/૨૦૧૯ ના રોજ ભાદરણ પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલ નહીં. તેમની સહી ગામમાં પોલીસ આવી ત્યારે લીધેલી. કોઇ આરોપીએ તેમની હાજરીમાં હથિયારો રજુ કરેલા હોય અને તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નહીં. તેમની સાથે બીજા કોઇ પંચ હતા નહીં. તેઓ મુદ્દામાલ તથા આરોપીને ઓળખી શકે નહીં. આંક-૯૭ વાળુ પંચનામુ જોઈ તેમાં પંચ નંબર-૨ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. વધુમાં સદર શાહેદે એવું જણાવેલ છે કે, તા.૨૦/૦૪/૨૦૧૯ના રોજ ભાદરણ પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલ નહી. તેમની સહી ગામમાં પોલીસ આવી ત્યારે લીધેલી. **કોઇ આરોપીએ તેમની હાજરીમાં હથિયારો રજુ કરેલા હોય અને તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી. તેમની સાથે બીજા કોઇ પંચ હતા નહી.**

સદર શાહેદને નિ. ૨૬/૧૨ વાળુ પંચનામુ બતાવતાં તે જોઈ તેમાં પંચ નં–૧ તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવે છે જે પંચનામું આંકઃ ૧૧૨ થી રજૂ રાખેલ છે. વધુમાં તેઓ મુદ્ધામાલ તથા આરોપીને ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે.

(૨૬.૧) **PW21** ને પણ ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ તે શાહેદે પંચનામાઓની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૨૬.૨) **PW21** ના પુરાવાથી આંકઃ ૯૭થી રજૂ આરોપી અરવિંદભાઈએ રજૂ કરેલ હથિયાર લાકડી કબજે કર્યાનું પંચનામું તેમજ આંકઃ ૧૨૨થી રજૂ આરોપી મુકદરઅલી અનવરઅલી સૈયદ તથા શકીલખાન સિકંદરખાન પઠાણે રજૂ રાખેલ મારક હથિયાર લાકડીઓ કબજે કર્યાના પંચનામા તેઓની હાજરીમાં થયેલ હોય કે તેઓની હાજરીમાં કોઈ લાકડીઓ કબજે કરવામાં આવેલ હોય કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

(૨૭) ફરિયાદપક્ષે **PW22 આંકઃ ૧૨૩થી પંચ શાહેદ સબ્બીરઅલી નુરુદ્ધીનમીયા સૈયદ** આંકઃ ૧૨૨ના પંચનામાના બીજા પંચને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના સરતપાસના પુરાવા મુજબ, તા. ૨૦/૦૪/૨૦૧૯ ના રોજ ભાદરણ પોલીસે તેમને પીપળી ગામમાં આવેલ દસકાપુરામાં બોલાવીને તેમની સહી કરાવેલી. ત્યાં ઝઘડો થયેલ તેનો પંચક્યાસ ચાલતો હોય પોલીસના કહેવાથી તેઓએ સહી કરેલી. તેમની સાથે બીજા પંચ અખ્તરઅલી હતા. તેમની હાજરીમાં કોઈ આરોપીઓએ હથિયારો રજુ કરેલા નહીં. તેઓએ આંક–૧૨૨ વાળુ પંચનામુ જોઈ તેમાં

પંચ નંબર–૨ તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓ મુદ્દામાલ તથા આરોપીને ઓળખી શકે નહીં તેવું જણાવે છે.

**(૨૭.૧)** **PW22** ને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**(૨૭.૨)** આમ તે ઉપરોક્ત શાહેદના પુરાવાથી પણ આંકઃ ૧૨૨થી રજૂ આરોપી મુકદરઅલી અનવરઅલી સૈયદ તથા શકીલખાન સિકંદરખાન પઠાણે રજૂ રાખેલ મારક હથિયાર લાકડીઓ કબજે કર્યાનું પંચનામું તેઓની હાજરીમાં થયેલ હોય કે તેઓની હાજરીમાં કોઈ લાકડીઓ કબજે કરવામાં આવેલ હોય કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

**(૨૮)** ફરિયાદપક્ષે **PW23 આંકઃ ૧૨૪થી પંચ શાહેદ અખત્યારઅલી અશરફઅલી સૈયદને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના સરતપાસના પુરાવા મુજબ, તા. ૨૯/૦૪/૨૦૧૯ના રોજ ભાદરણ પોલીસે તેમની લખેલા કાગળમાં સહી લીધેલી. તે શું બાબતનું લખાણ હતું તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં કોઈ આરોપીએ હથિયાર રજૂ કરેલા હોય તેવું બનેલ નહીં. તેમની સાથે બીજા કોઈ પંચ હતા નહીં. સદર શાહેદે નિ. ૨૬/૧૩ વાળુ પંચનામુ જોઈ તેમાં પંચ નંબર–૧ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે જે પંચનામું આંક– ૧૨૫થી રજૂ રાખેલ છે. વધુમાં તેઓ મુદ્દામાલ તથા આરોપીને ઓળખતા નથી તેવું જણાવે છે.

(૨૮.૧) **PW23** ને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદે પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૨૮.૨) આમ **PW23** ના પુરાવાથી આંકઃ ૧૨૫થી રજૂ આરોપી તૌફીકખાન અને આરોપી આશીકખાને રજૂ રાખેલ મારક હથિયાર લાકડીઓ કબજે કર્યાના પંચનામા તેઓની હાજરીમાં થયેલ હોય કે તેઓની હાજરીમાં કોઈ હથિયારો કબજે કરવામાં આવેલ હોય કે સદર પંચનામાની અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

(૨૯) **આમ, ઉપરોક્ત તમામ સાક્ષીઓની જુબાનીનું સંયુક્ત રીતે મૂલ્યાંકન કરીએ તો તમામ સાક્ષીઓ પોતપોતાની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેઓને ફરિયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે. PW17 સાહેદ માણેકબેન, PW18 સાહેદ સીતાબેન કે જેઓ દસકાપુરા મુકામે પ્રથમ બનાવ બન્યો તેના ઈજા પામનારાઓ છે પરંતુ પોત પોતાની જુબાનીમાં તેમણે ફરિયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન કરેલ નથી કે આરોપીઓ પૈકી કોઈ પણ બનાવ સમયે હાજર હોય અને તેમણે હુમલો કર્યો હોય તેવી વિગતો સોગંદ ઉપર જણાવેલ નથી. વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા લંબાણપૂર્વકની આ સાક્ષીઓની ઉલટ તપાસ હાથ ધરાયેલી છે પરંતુ તેમાં પણ કોઈ ફળદ્રુપ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. આમ તે સાક્ષીઓની જુબાની ફરિયાદ પક્ષને કોઈપણ રીતે ઉપયોગી થતી નથી.**

(૩૦) **વધુમાં ફરિયાદ પક્ષે તપાસેલા તમામ પંચ સાક્ષીઓ હોસ્ટાઈલ થયેલા છે અને તે સાક્ષીઓએ પોતપોતાની જુબાનીમાં પોલીસના**

**કહેવાથી તૈયાર પંચનામાં સહી કરી તે મતલબની વિગતો જણાવે છે મતલબ કે તેમની હાજરીમાં કોઈપણ પંચનામાની કાર્યવાહી થઈ હોય તે હકીકતનું પંચ સાક્ષીઓ સમર્થન કરતા નથી. આમ બનાવવાની જગ્યાનું પંચનામું હોય, મુદ્દામાલ હથિયારોની ડિસ્કવરી અંગેના પંચનામા હોય, મુદ્દામાલ હથિયારો આરોપીઓએ રજૂ કર્યા હોય અને તે અંગેના પંચનામા કરવામાં આવ્યા હોય કે આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામા હોય, વિગેરે તમામ પંચનામાની વિગતો પંચ સાક્ષીઓની જુબાનીથી સાબિત થયેલી નથી. વિદ્ઘાન પબ્લિક પ્રોસિક્યુટર દ્ઘારા લંબાણપૂર્વકની આ સાક્ષીઓની ઉલટ તપાસ હાથ ધરાયેલી છે પરંતુ તેમાં પણ કોઈ ફળદ્રુપ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. આમ તે સાક્ષીઓની જુબાની ફરિયાદ પક્ષને કોઈપણ રીતે ઉપયોગી થતી નથી.**

(૩૧) હવે જે સાક્ષીઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે તેવા સાક્ષીઓની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો તેમાં ફરિયાદ પક્ષે એ પોતાનો કે સાબિત કરવા માટે **PW1 આંકઃ ૫૩થી ફરિયાદી અનાર્મ હેડ કૉન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈ ચૌહાણ**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૩-૧૨-૧૮ના રોજ બપોરના બારેક વાગ્યે કંટ્રોલ રૂમ આણંદથી ફોન આવેલો કે પીપળી ગામે દસકાપુરામાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે બબાલ થયેલ છે, પોલીસ મોકલી આપો જેથી તેઓ તથા પીએસઆઈ એન.એમ. આહીર તથા તેમના પોલીસ સ્ટાફના અન્ય માણસો સરકારી તથા ખાનગી વાહનો સાથે પીપળી ગામે દસકાપુરા ગયેલા. ત્યાં જઈને તેમણે જાણેલું કે હિન્દુ મુસ્લિમ કોમના માણસો વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી, પરંતુ ગામમાં મુસ્લિમ કોમમાં લગ્નપ્રસંગ

હોય બંને પક્ષોના આગેવાનો ભેગા થઈ કોઈ પક્ષે કોઈ ફરિયાદ કરવી નથી તેમ જણાવેલ. તેમ છતાં જરૂરી તકેદારીના ભાગરૂપે બંદોબસ્ત રાખવા પી.એસ.આઈએ ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીઓને ત્યાં હાજર રહેવા સૂચના આપેલી. જેથી તેઓ તથા અન્ય પોલીસના માણસો ત્યાં રોકાયેલા. ત્યારબાદ રાતના સાડા નવેક વાગ્યે પીપળી દસકાપુરામાં તેઓ હાજર હતા દરમ્યાન દસકાપુરા ભાગોળે હિન્દુ તથા મુસ્લિમના સામસામે ટોળાઓ વળતાં તેઓએ પી.એસ.આઈ. એન.એમ. આહીરને જાણ કરેલી જેથી તેઓ સ્ટાફના માણસો સાથે આવી ગયેલા. **આ વખતે મુસ્લિમ તરફના ટોળામાં તેઓએ જોયેલ તો હજરતઅલી કાસમઅલી, ઈકબાલઅલી હજરતઅલી વિગેરે હતા અને તેઓના હાથમાં ધારીયા, લાકડીઓ વિગેરે હથિયારો તથા પથ્થરમારો કરતા હતા. હિન્દુ પક્ષના ટોળામાં આરોપી મગનભાઈ રાવજીભાઈ, રાહુલભાઈ મનુભાઈ વિગેરે વીસથી પચ્ચીસ માણસો હતા. મુસ્લિમને ત્યાં લગ્નપ્રસંગ હોય બાઈક પાર્ક કરવા બાબતે સામસામે ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગેલા. આ વખતે બંને ટોળાના માણસો સામસામે છુટો પથ્થરમારો કરવા લાગેલા.** સરકારી વાહન તે સ્થળે ઉભું રાખતા ટોળાના માણસોએ સરકારી વાહન ઉપર છૂટો પથ્થરમારો કરેલો જેથી ગાડીનો આગળનો મુખ્ય કાચ તૂટી ગયેલો. મુસ્લિમ કોમના માણસોએ એક રીક્ષા ઉપર છૂટો પથ્થરમારો કરી રીક્ષાને નુકસાન પહોંચાડેલ. પોલીસના માણસ કુલદિપસિંહ બળવંતસિંહ અને હિન્દુ કોમના સીતાબેન તથા માણેકબેનને ઈજા થયેલી અને મુસ્લિમ પક્ષના એક ઈસમને પણ માથાના ભાગે પથ્થરમારામાં ઈજા થયેલી અને તેઓને ૧૦૮માં દવાખાને મોકલી આપેલા.

(૩૨) વધુમાં ફરિયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે **તે દરમ્યાન બંને કોમનું ટોળું ભાથીજી મંદિર પાસે આવી ગયેલ જેથી તેઓ તથા આહીર સાહેબ અને પોલીસના માણસો તે સ્થળે ગયેલા તે વખતે હિન્દુ ટોળાના માણસોએ મુસ્લિમની રીક્ષાને આડી પાડી તોડફોડ કરવા લાગેલા. દરમ્યાનમાં એક માણસ રીક્ષા આગળ લોહીલુહાણ હાલતમાં પડેલો હતો તેને માથામાંથી લોહી નિકળતું હતું તેને ૧૦૮ મોબાઈલમાં સારવાર માટે મોકલવાની તૈયારી કરતા હતા તે સામંતસિંહ મેલસિંહ જાદવ હોવાનું જાણવા મળેલું અને તેને હજરતઅલીએ ધારીયું મારેલું તેવું જણાવેલું.** વાહનને આશરે દસેક હજારનું નુકસાન થયેલું. આ બાબતે તેઓએ ફરિયાદ આપેલી જે ફરિયાદ આંકઃ ૫૪થી રજૂ રાખેલ છે. વધુમાં સદર શાહેદ કોર્ટમાં હાજર છે તે જ આરોપીઓ હોવાનું જણાવે છે. મુદ્દામાલ ઘણો સમય થયેલ હોઈ ઓળખી શકે નહીં તેમજ ગુનાવાળી જગ્યા પંચો રૂબરૂ તેઓએ બતાવેલી તેવું જણાવેલ છે.

(૩૨.૧) **PW1** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, ભાથીજી મંદિર તથા દસકાપુરા તે બંને અલગ અલગ જગ્યા છે. તેઓ દસકાપુરા પહોંચ્યા તે સમયે બનાવ બની ગયેલ હતો. દસકાપુરાથી ભાથીજી મંદિર અડધો કીલોમીટરના અંતરે આવેલ છે. તેઓની ફરિયાદમાં ખાનગી વાહન કે સરકારી વાહનોના નંબર જણાવેલા નથી. ખાનગી વાહનના માલીક કોણ હતા તેમજ ડ્રાઈવર કોણ હતા તે ફરિયાદમાં જણાવેલ નથી. કંટ્રોલમાંથી ફોન બારેક વાગે આવેલો. તેઓ પોલીસ કર્મચારીઓ કન્ટ્રોલમાંથી ફોન આવ્યા બાદ કેટલા વાગે દસકાપુરા મુકામે પહોંચેલા તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી. **તેઓ દસકાપુરાથી ભાથીજી મંદિર પહોંચ્યા તે સમયે બનાવ બની ગયેલ હતો.** સામંતસિંહને માથામાં ઈજા થયેલ હોય તેથી તે બોલી ચાલી શકતા ન હતા.

સાડા નવ વાગે તેઓ તથા આહીર સાહેબ દસકાપુરા મુકામે હાજર હતા. સાડા નવ વાગે આરોપી હજરતઅલી તેમની તેમજ આહીર સાહેબ સાથે દસકાપુરા મુકામે હાજર હતા. બનાવ સબંધે હિન્દુ કે મુસ્લીમ પક્ષ તરફથી કોઈ ફરિયાદ કરવામાં આવેલ નહી. આ બનાવમાં તેમને કોઈ ઈજા થયેલ નથી. બનાવના અરસામાં એક હજાર જેટલા માણસો ગામમાં ભેગા થઈ ગયેલા. વધુમાં એવું સ્વીકારેલ છે કે, ફરિયાદ બનાવ પછી ચાર કલાક પછી રાત્રે એક વાગે આપેલી છે. આ ટોળાને છૂટા કરવા માટે તેઓએ જરૂરી બળનો ઉપયોગ કરેલો.

(૩૨.૨) આમ ફરિયાદીની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો તેઓ બનાવની તારીખ સમય અને સમગ્ર ઘટનાક્રમને વિગતવાર વર્ણવે છે. તેમની હાજરીમાં જ દસકાપુરા મુકામે હિન્દુ અને મુસ્લિમ કોમના માણસો વચ્ચે સામસામો પથ્થરમારો થયાની ઘટના ઘટેલી છે. આમ આ ઘટનાના તેઓ નજરે જોનાર સાક્ષી છે. બચાવ પક્ષની ઉલટ તપાસમાં દસકાપુરા મુકામે પોલીસની હાજરીમાં પથ્થર મારાની ઘટના ઘટી તેનું ખંડન થતું નથી. તે જ સમયે બીજી ઘટના દસકાપુરાથી એકાદ કિલોમીટર દૂર ભાથીજી મંદિર પાસે ઘટેલી છે. આ ઘટનાના ફરિયાદી નજરે જોનાર સાક્ષી નથી. તેઓને ભાથીજી મંદિરે હિંદુ મુસ્લિમ કોમના ટોળા વચ્ચે ટકરાવ થયાની જાણ થઈ અને તેઓ ઘટના સ્થળે પહોંચ્યા તે તે સમયે બનાવ બની ગયેલો હતો. તેઓની જુબાનીમાં એ બાબતે સ્પષ્ટ વિગતો રેકોર્ડ ઉપર આવતી નથી માં જે રીક્ષામાં તોડફોડ થયેલી તે કોની માલિકીની હતી તે રીક્ષા નો નંબર શું હતો? તેમનું જે સરકારી વાહન હતું તે કહ્યું હતું તેનો નંબર શું હતો? બેમાંથી કયા પક્ષે પથ્થરમારો કરતા તેમના સરકારી વાહનનો કાચ તૂટી ગયેલો? વધુમાં આ ફરિયાદીએ સામંતસિંહ ને માથાના ભાગે

કોઈએ ધારિયુ માર્યું તે ઘટના નજરે નિહાળેલી નથી. સામંતસિંહને થયેલી ઈજા અંગે તેઓ ભાથીજી મંદિર પાસે પહોંચ્યા તે પછી જાણેલ છે. તેમની જુબાનીમાં એટલું સ્પષ્ટ થાય છે કે તેમની હાજરીમાં દસકાપુરા મુકામે બંને કોમ વચ્ચે સામસામો પથ્થરમારો થયેલો અને આ વખતે મુસ્લિમ કોમના ટોળામાં તેઓએ જોયેલ તો હજરતઅલી કાસમઅલી, ઈકબાલઅલી હજરતઅલી વિગેરે હતા અને તેઓના હાથમાં ધારીયા, લાકડીઓ વિગેરે હથિયારો તથા પથ્થરમારો કરતા હતા. હિન્દુ પક્ષના ટોળામાં આરોપી મગનભાઈ રાવજીભાઈ, રાહુલભાઈ મનુભાઈ વિગેરે વીસથી પચ્ચીસ માણસો હતા.આ આરોપીઓને ફરિયાદી ઓળખે છે તે અંગે કોઈ તકરાર નથી વળી સમગ્ર ઉલટ તપાસને ધ્યાને લઈએ તો આ આરોપીઓ દસકા પુરા મુકામે જે સામસામો પથ્થરમારા નો બનાવ બનેલો તેમાં સામેલ હતા તે એ હકીકતનું ઉલટ તપાસમાં ખંડન થતું નથી. આમ સાક્ષી પોલીસ અધિકારી છે અને તેઓ તેમની ફરજ દરમિયાન ઘટના સ્થળે હાજર હતા આમ તેમની હાજરી પણ ત્યાં સ્વાભાવિક જણાય છે. આમ સાક્ષીની જુબાનીથી દસકાપુરા મુકામે આરોપીઓએ ગેરકાયદેસર ગુનાહિત મંડળીના સભ્ય તરીકે હાજર રહી અને સક્રિય ભૂમિકા ભજવી તે આક્ષેપને પૂરતું સમર્થન પ્રાપ્ત થાય છે.

**ઈજા પામનાર સાક્ષીઓની જુબાની:-**

(૩૩) ફરિયાદપક્ષે **PW19 આંકઃ ૧૧૯થી શાહેદ સામંતસિંહ મેલસિંહ જાદવ**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ રાત્રે નવ વાગે ભાથીજી મંદિરે તેઓ અગરબત્તી તથા મિરાજની પડીકી લેવા માટે ગયેલા અને ત્યાં બેઠેલા હતા ત્યારે શકીલ સિકંદર તથા

તેના પિતા સિકંદરભાઈએ તેમને લાકડીની બે–ત્રણ ઝાપોટો પગમાં મારેલી. ત્યારબાદ તેમને શાહરૂખ તથા ઈકબાલ ખેંચીને નિશાળ આગળ લઈ ગયેલા અને ત્યાં આગળ તેમને હજરતઅલી કાસમઅલીએ માથામાં ધારીયું મારેલું. મુક્કદરે તેમને લાકડીની ઝાપોટ માથામાં મારેલી જેથી તેઓ ત્યાં પડી ગયેલા. ત્યાર બાદ તે બધા નાસી ગયેલા અને તેઓ ત્યાં પડી રહેલા. ત્યારબાદ તેમના ઘરના માણસો આવી તેમને બોરસદ સરકારી દવાખાનામાં લઈ ગયેલા. ત્યાર પછી કરમસદ પછી વડોદરા, અમદાવાદ વગેરે દવાખાનાઓમાં સારવાર કરાવેલી. હજરતઅલીની સાથે તોફીક સિકંદરના હાથમાં લાકડીનો ડંડો હતો અને હજરતના હાથમાં ધારીયું હતું તેમજ ઈકબાલ પાસે ધારીયું હતું અને બીજા પાસે લાકડીના ડંડા હતા. તેઓ આઠેક જણા હતા. વધુમાં સદર શાહેદ મુદ્ઘામાલ આર્ટીકલ નંબર– ૫ વાળી લાકડી જોઈ તે લાકડી તોફીક પાસે હતી તે હોવાનું તેમજ મુદ્ઘામાલ આર્ટીકલ નંબર–૬ વાળું ધારીયું જોઈ જે ઈકબાલના હાથમાં હતું તે હોવાનું ઓળખી બતાવે છે. વધુમાં સદર શાહેદ એવો પુરાવો આપે છે કે, આ ઝઘડો ગણપતિ વિસર્જન બાબતનો હતો એટલે કે ગામના દરબારો ગણપતિનો વરઘોડો કાઢતા હતા જે વરઘોડો કાઢવા દેતા ન હતા. આ ગણપતિના વિસર્જનનો ઝઘડો જ્યારથી ગણપતિ બેસાડવાનું શરૂ થયું એટલે કે સને ૨૦૦૨ થી દરબારો, પટેલો અને મોમેડીયનો વચ્ચે ચાલતો હતો.

(૩૩.૧) **PW**19 બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, પીપળીની આજુબાજુ પરા વિસ્તાર આવેલા છે જેમાં દસકાપુરાનું પરુ પણ આવેલું છે. ભાથીજી મંદિર પીપળી મુકામેથી દસકાપુરા અડધા કિલોમીટર જેટલું દૂર આવેલું છે. દસકાપુરા મુકામે હિન્દુ તથા મુસ્લિમ બંને કોમના માણસો રહે છે.

તેઓ મુક્કદરઅલી બાઉદ્દીન સૈયદને ઓળખે છે. બનાવના દિવસે મુક્કદરઅલીના દિકરીના લગ્ન હતા. પ્રથમ ઝઘડાનો બનાવ દસકાપુરા વિસ્તારમાં બનેલો. સવારે જ્યારે દસકાપુરા મુકામે ઝઘડો થયો ત્યારે પોલીસ ત્યાં આવેલી. દસકાપુરા મુકામે જે બોલાચાલી તેમજ ઝઘડો હિન્દુ તેમજ મુસ્લિમ માણસો વચ્ચે થયેલો તે બાબતે બપોરના સમયે અંદરોઅંદર સમાધાન થયેલું. દસકાપુરા મુકામે જે ઝઘડો થયેલો તેમાં તેમને કોઇ લેવાદેવા ન હતી. બનાવના દિવસે બપોરના બાર વાગ્યા પછી પીપળી તેમજ દસકાપુરા મુકામે ભાદરણ પોલીસ ત્યાં હાજર હતી. **તેઓ રાત્રીના અગરબત્તી તેમજ પડીકી લેવા નિકળ્યા તે સમયે ગામમાં ચોરા પાસે પોલીસ હાજર હતી.** બનાવના દિવસે પો.સ.ઈ. આહીર સાહેબ પીપળી મુકામે આવેલ હતા અને તેઓ પણ સમાધાન કરાવવામાં હાજર રહેલા. આરોપી ઈકબાલઅલીએ આરોપી હજરતઅલીના દિકરા થાય છે તે તેઓ જાણે છે. **વધુમાં એવું સ્વીકારેલ છે કે, તેઓ જ્યારે રાત્રીના પડીકી લેવા માટે નિકળ્યા તે સમયે દસકાપુરા મુકામે હિન્દુ તેમજ મુસ્લિમ બંને કોમના માણસોના ટોળા ભેગા થયેલા અને દસકાપુરા મુકામે લોકો જતા હતા તેવું તેઓએ જાણેલું.** આરોપી હજરતઅલીના વેવાઇ મીયાજઅલી અનવરઅલી સૈયદ પીપળી ગામમાં રહે છે તે તેઓ જાણે છે. વધુમાં એવું સ્વીકારે છે કે, બનાવ બાબતે પોલીસ ફરિયાદી બનેલી તે તેઓએ જાણેલું. ભાથીજી મંદિર પીપળી ગામમાં ભાગોળે હોળી ચકલા પાસે આવેલું છે. **ભાથીજી મંદિર પીપળી મુકામે પોલીસનો પોઈન્ટ પણ આવેલ છે. ભાથીજી મંદિર પાસે પાનના ગલ્લા અને અન્ય દુકાનો પણ આવેલ છે. તેઓ બનાવની રાત્રીએ ચંદુભાઇ મેલાભાઇ જાદવના ગલ્લા ઉપર ગયેલા ત્યારે તાપણુ કરી તે જગ્યા ઉપર ચાર–પાંચ માણસો બેઠેલા હતા. તે જગ્યા ઉપર દિવાળીબેન મેલાભાઇ જાદવ, બુધાભાઇ**

**પુંજાભાઇ જાદવ, શનાભાઇ પુંજાભાઇ પરમારનાઓ હાજર હતા. વધુમાં એવું સ્વીકારે છે કે, તેઓ જે ચંદુભાઇના ગલ્લે ગયેલા ત્યાં લાઇટની કોઇ વ્યવસ્થા નથી. પાનના ગલ્લાથી તેઓ જે નિશાળની વાત કરે છે તે ૨૦૦ મીટરના અંતરે આવેલ છે. નિશાળ આગળ પણ કોઇ લાઇટની વ્યવસ્થા નથી. બનાવ જે ડિસેમ્બર માસમાં બનેલો ત્યારે શિયાળાનો સમય હતો.** સીતાબેન તથા માણેકબેન દસકાપુરા મુકામે રહે છે. દયારામ તેમના ભત્રીજા થાય છે. તેમને બનાવ બાબતે ડૉક્ટર સાહેબે કંઇ પૂછેલું નહીં. તેઓ દવાખાનામાં હતા તે દરમિયાન પોલીસે તેમનો કોઇ જવાબ લીધેલો નથી. તેમને બનાવ બાબતે ફરિયાદ થયેલ છે તેવી વાતચીત તેમના ઘરના સભ્યો જોડે થયેલી. **તેમની તેમજ પોલીસની હાજરીમાં બનાવ સમયે હિન્દુ તેમજ મુસ્લિમ કોમના માણસો વચ્ચે પથ્થરમારો થયેલો હોય તેવું બનેલું નહીં. તેમની હાજરીમાં નિશાળ પાસે કે ભાથીજી મંદિર આગળ રીક્ષામાં કોઇ તોડફોડ થઇ હોય તેવું બનેલું નહીં.**

(૩૩.૨) ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ મુજબનો જે આરોપ મુકેલ છે તેના મુખ્ય સાક્ષી એટલે કે આ કેસના ઇજા પામનાર સામંતસિંહની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો આ બનાવમાં તેઓ ગંભીર રીતે ગવાયેલા અને તેમને માથાના ભાગે ઈજા થયેલી તેવું સ્પષ્ટ સાબિત થાય છે. બચાવ પક્ષની લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ સામંતસિંહને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી તેનું ખંડન થતું નથી.

જોકે અહીં સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ કહી શકાય તો એ છે કે આ ઈજા કરી કોણે તેમના કહેવા પ્રમાણે તેઓ ભાથીજી મંદિર પાસે આવેલ ચંદુભાઈ મેલાભાઈ જાદવના ગલ્લા ઉપર અગરબત્તી અને મિરાજની પડીકી લેવા માટે ગયેલા અને ત્યાં

બેઠેલા હતા ત્યારે શકીલ સિકંદર તથા તેના પિતા સિકંદરભાઈએ તેમને લાકડીની બે-ત્રણ ઝાપોટો પગમાં મારેલી. ત્યારબાદ તેમને શાહરૂખ તથા ઈકબાલ ખેંચીને નિશાળ આગળ લઈ ગયેલા અને ત્યાં આગળ તેમને હજરતઅલી કાસમઅલીએ માથામાં ધારીયું મારેલું. મુક્કદરે તેમને લાકડીની ઝાપોટ માથામાં મારેલી જેથી તેઓ ત્યાં પડી ગયેલા. જોકે બનાવ સ્થળનું પંચનામું તથા ફરિયાદ પક્ષે રજૂ કરેલો બનાવવાની જગ્યાનો નકશો ધ્યાને લઈએ તો ભાથીજી મહારાજના મંદિરથી ૧૦૦ મીટરથી વધારે દૂર આવેલી પ્રાથમિક શાળા પાસે કોઈ લોહીના નિશાન જોવા મળેલા નથી. આમ સાક્ષીને ખેંચીને પ્રાથમિક શાળા પાસે લઈ જઈને ધારિયુ મારવામાં આવ્યું તે બનાવના સ્થળને અન્ય પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી તેથી વિપરીત બનાવવાની જગ્યાના પંચનામાં જે જગ્યાએ લોહીના ધબ્બા પડેલા જોવા મળેલા છે જો તે વાતને સાચી માનીએ તો સાહેબ સામંતસિંહ પોતાની જુબાની માં જે વિગતો જણાવે છે કે તેમને પ્રાથમિક શાળા પાસે ખેંચી લઈ જઈ અને ત્યાં ધારિયુ મારેલું તે હકીકત ખોટી પડે છે.

**(૩૩.૩)** વધુમાં સાક્ષી સામંતસિંહ જણાવે છે કે તે વખતે શકીલ સિકંદર તથા તેના પિતા સિકંદરભાઈ તેમને લાકડીની બે-ત્રણ ઝાપોટો પગમાં મારેલી જોકે ફરિયાદ પક્ષે તપાસેલા તમામ ડોક્ટરોની જુબાની જોવામાં આવે તો સામંતસિંહને પગના ભાગે કોઈ ઈજા થયેલી હોય તેવું મેડિકલ એવિડન્સમાં રેકર્ડ પર આવેલ નથી. આમ પગના ભાગે લાકડી ના ફટકા માર્યાની વિગતોને મેડિકલ એવિડન્સથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વળી આ કેસમાં શકીલ મહંમદ સિકંદર અલી સૈયદ તથા શકીલખાન સિકંદરખાન પઠાણ એમ એક જ નામના બે આરોપીઓ છે. બંને આરોપીઓનું નામ શકીલ અને તેમના પિતાનું નામ સિકંદર છે. મારા પુરોગામી

વિદ્વાન ન્યાયાધીશ સમક્ષ આ સાક્ષીની જુબાની નોંધાઈ તે વખતે ફરિયાદપક્ષે એ સ્પષ્ટતા કરાવેલ નથી કે આ બંને આરોપીઓમાંથી કયા શકીલે તેમને મારેલું? વળી ફરિયાદપક્ષે બંને કેસોમાં મળીને કુલ ૧૯ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલું છે તેમાં સિકંદરભાઈ નામના નામના કોઈ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ થયેલું નથી.

(૩૩.૩) વધુમાં સાક્ષી સામંતસિંહ જણાવે છે કે તેમને શાહરૂખ તથા ઈકબાલ ખેંચીને નિશાળ આગળ લઈ ગયેલા. જોકે ફરિયાદ પક્ષે આ કેસમાં મુખ્ય ચાર સીટ અને પુરવણી એમ બંને કેસ દાખલ કરેલા છે તેમાં કુલ ૧૯ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરેલું છે તે આરોપીઓના નામ જોઈએ તો તેમાં કોઈપણ શાહરૂખ નામનો આરોપી નથી. તપાસ કરનાર અમલદાર શ્રી નટવરભાઈ માનાભાઈ આહીરે ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે તપાસ દરમિયાન આ શાહરૂખ અયુબ દીવાન નામનો આરોપી હોસ્પિટલમાં હતો માટે તેની વિરુદ્ધ ચાર્જશીટ કરેલું નથી. આમ સામંતસિંહે જણાવેલી વિગત તપાસમાં ખોટી સાબિત થયેલી છે. વળી ફરિયાદી દિલીપસિંહ ચૌહાણની જુબાનીમાં એવું રેકોર્ડ પર આવેલ છે કે દસકાપુરા મુકામે હિન્દુ મુસ્લિમ કોમના ટોળાઓ સામસામે પથ્થરમારો કરતા હતા તે વખતે મુસ્લિમ કોમના ટોળામાં હજરત અલી કાસમની અને ઈકબાલ અલી હઝરત અલી વગેરે હાજર હતા. દસકાપુરા અને ભાથીજી મંદિર વચ્ચે એકાદ કિલોમીટરનું અંતર છે તેવું ફરિયાદ પક્ષે રજૂ કરેલા સ્થળ સુધીના નકશા ઉપરથી સાબિત થાય છે તથા સાક્ષીઓની જુબાનીમાં પણ તે મતલબની વિગત રેકર્ડ પર આવેલી છે. આમ ફરિયાદી દિલીપસિંહ ચૌહાણની જુબાનીને સાચી માનીએ તો દસકાપુરા મુકામે સામસામો પથ્થરમારાના બનાવમાં આરોપી ઈકબાલ અને

<u>તેના પિતા હજરતઅલી ત્યાં ટોળામાં હાજર હતા. તે જ વખતે અહીં ભાથીજી મંદિર પાસે આ બીજો બનાવ બનેલ છે. આમ તે સંજોગોમાં બીજી જગ્યાએ આ બંને આરોપીઓની હાજરી માનવી મુશ્કેલ બની જાય છે. વળી દસકાપુરા મુકામે જે બનાવ બનેલો છે તે વખતે સામંતસિંહ ત્યાં દસકાપુરા મુકામે હાજર ન હતા અને તે બનાવા અંગે તેમને કોઈ જાત માહિતી નથી. વળી ઈજા પામનાર સામંતસિંહની જુબાનીમાં એવું રેકર્ડ પર આવેલ છે કે તેમની હાજરીમાં ભાથીજી મંદિર પાસે કોઈ ટોળાએ પથ્થર મારો કર્યો હોય કે રીક્ષાની તોડફોડ કરી હોય તેવું બનેલું નહીં. આમ સામંતસિંહને જે ઈજા થયેલી છે તે ભાથીજી મંદિર પાસે બે જૂથો વચ્ચેની અથડામણ પહેલા થઈ હોય તેવું ચિત્ર ઉપસ્થિત થાય છે. કારણ કે જો સામંતસિંહને ઈજા થઈ તે પહેલા જૂથ અથડામણ થઈ હોત તો તો સામંતસિંહ તે જૂથ અથડામણના સાક્ષી હોત પરંતુ અહીં જે રીતે ચિત્ર ઉપસ્થિત થયેલ છે તે જોતા સામંતસિંહને ઈજા થઈ અને તેઓ બેભાન થઈ ગયા પછી સ્વાભાવિક છે કે પાછળથી જે બનાવ બન્યો તેની તેમને જાણ ન હોય. આમ જે રીતનો ઘટનાક્રમ સામંતસિંહ વર્ણવે છે તે જોતાં ભાથીજી મંદિર પાસે સામસામે જૂથ અથડામણ થઈ તે પહેલા જ તેમના ઉપર હુમલો થઈ ગયેલો. આમ જો તેવું જ બન્યું હોય તો તે વખતે આરોપી હજરતલી અને કાસમ અલી બંને ભાથીજી મહારાજના મંદિર પાસે નહોતા પરંતુ ફરિયાદી દિલીપસિંહ ચૌહાણની જુબાની મુજબ તથા કોન્સ્ટેબલ કુલદીપસિંહ ની જુબાની મુજબ દસકાપુરા મુકામે થયેલી જૂથ અથડામણમાં મુસ્લિમ ગ્રુપમાં તેમની હાજરી હતી. આમ તે રીતે જોતા પણ આરોપી હજરતલીએ સાહેદ સામંતસિંહને માથામાં ધારિયુ માર્યું તે બાબત પરિપક્વ શંકા ને જન્મ આપે છે.</u>

**(૩૩.૪)** આમ સમગ્ર રીતે જોતા સાહેદ સામંતસિંહને માથાના ભાગે ગંભીર વ્યથા થયેલી અને તેમણે વિવિધ હોસ્પિટલોમાં તે અંગેની સારવાર લીધેલી તેટલી જ હકીકતો વ્યાજબી શંકા રહીત રીતે સાહેદ સામંતસિંહની જુબાનીમાં સાબિત થાય છે. બીજા કોણે પહોંચાડી અને કયા સ્થળે પહોંચાડી તે અંગે સાહેદ સામંતસિંહની જુબાની આધારભૂત જણાતી નથી.

(૩૪) ફરિયાદપક્ષે **PW20 આંકઃ ૧૨૦થી શાહેદ અ.પો.કો. કુલદીપસિંહ બળવંતસિંહ પરમાર**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૩/૧૨/૨૦૧૮ ના રોજ બપોરના બારેક વાગ્યાના સુમારે કન્ટ્રોલ રૂમ આણંદ ખાતેથી ફોન આવેલ કે પીપળી ગામે દસકાપુરા ખાતે હિન્દુ-મુસ્લિમ કોમ વચ્ચે ઝઘડો થયેલો છે તેથી પી.એસ.આઈ. એન.એમ.આહીર સાહેબ સાથે તેઓ તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો સરકારી અને ખાનગી વાહનો સાથે પીપળી ગામે દસકાપુરા ગામે ગયેલા. ત્યાં જાણવા મળેલ કે હિન્દુ તથા મુસ્લિમ કોમના માણસો વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી પરંતુ ગામમાં મુસ્લિમ કોમમાં લગ્નપ્રસંગ હોય બંને પક્ષોના આગેવાનોએ કોઈ ફરિયાદ કરવી નહીં તેમ જણાવેલ, પરંતુ બનાવ કૉમ્યુનલ હોય અને જરૂરી તકેદારીના ભાગરૂપે બંદોબસ્ત રાખવા સારુ આહીર સાહેબે તેઓને હાજર રહેવા માટે જણાવેલું જેથી તેઓ તથા અન્ય પોલીસના માણસો ગામમાં બંદોબસ્તમાં રોકાયેલા. **ત્યારબાદ રાત્રીના સડા નવેક વાગે દસકાપુરા મુકામે હિન્દુ તથા મુસ્લિમ કોમના માણસોના સામસામે ટોળા આવી ગયેલા જેથી તેઓએ આહીર સાહેબને જાણ કરતા આહીર સાહેબ બીજા જરૂરી સ્ટાફના માણસો સાથે સરકારી વાહન સાથે આવી ગયેલા. આ ટોળામાં મુસ્લિમ સમાજમાંથી હજરતઅલી**

**કાસમઅલી હાથમાં ધારીયા સાથે, ઈકબાલઅલી હજરતઅલી તથા ઝાકીરહુસેન તથા મામુ તથા બીજા મુસ્લિમના પંદરથી વીસ માણસો ધારીયા, લાકડીઓ સાથે તેમજ હિન્દુ પક્ષના ટોળામાં રાહુલભાઈ, મગનભાઈ, મનુભાઈ તથા બીજા વીસથી પચ્ચીસ માણસો ભેગા થઈ મુસ્લિમને ત્યાં લગ્નનો પ્રસંગ હોય બાઈક પાર્ક કરવા માટે સામસામે ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગેલા અને બંને ટોળાના માણસો સામસામે છુટો પથ્થમારો કરવા લાગેલા. તે સ્થળ સરકારી વાહન ઉભું રાખતા સરકારી વાહનને પથ્થમારો કરી આગળનો મુખ્ય કાચ તોડી નાખેલો અને એક રીક્ષા ઉપર છુટો પથ્થરમારો કરી રીક્ષાને નુકશાન કરેલું. તેમને પણ ડાબા હાથે કાંડાના ભાગે પથ્થર વાગવાથી ઈજા થયેલી. આ દરમિયાન બંને ટોળાના માણસોએ હિંસક સ્વરૂપ ધારણ કરતા જરૂરી બળ વાપરી બંને પક્ષોના ટોળાના માણસોને વિખેરી નાખેલા.** આ ઝઘડામાં બે હિન્દુ સ્ત્રીઓને ઈજાઓ થયેલી તેમજ સામંતસિંહને પણ ઈજાઓ થયેલી જેથી સામંતસિંહને ૧૦૮ મોબાઈલ વાનમાં સારવાર માટે મોકલી આપેલા. સામંતસિંહને મુસ્લિમના ટોળામાંથી માથાના પાછળના ભાગે ધારીયાનો ઘા કરેલો. ત્યારબાદ બીજા પોલીસના માણસો આવી જતા પરિસ્થિતિ થાળે પડેલી. સરકારી વાહનને રૂ.૧૦,૦૦૦/−નું નુકશાન થયેલું. તેઓએ ટોળાના માણસોને જોયેલા અને આરોપીઓ પૈકી હજરતઅલી, ઈકબાલ, મામુ, ઝાકીરહુસેન, મુક્કદરનાઓને જોયેથી ઓળખે છે.

(૩૪.૧) **PW20** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, પો.સ.ઈ.એન.એમ.આહીર સાહેબ તેમના જે તે સમયે ઉપરી અધિકારી થતા હતા અને ફરિયાદી દિલીપસિંહ તેમની સાથે સાથી કર્મચારી હતા. **બનાવમાં સામસામે બંને કોમના ટોળાઓ હતા.**

બનાવના દિવસે બપોર પછી પીપળી ગામમાં પોલીસ હાજર હતી. પીપળી મુકામે દસકાપુરા તેમજ ભાથીજી મંદિરનો વિસ્તાર અલગ અલગ વિસ્તાર કહેવાય. દસકાપુરાથી ભાથીજી મંદિર અડધો કિલોમીટર જેટલુ દૂર થાય છે. તેમને જે હાથ ઉપર ઈજા થઈ તે દસકાપુરા મુકામે થયેલી. **તેમને જ્યારે દસકાપુરા મુકામે ઈજા થઈ તે વખતે હજરતઅલી દસકાપુરા મુકામે હાજર હતા.** તે સમયે પો.સ.ઈ. આહીર સાહેબ પણ દસકાપુરા મુકામે હાજર હતા. દસકાપુરા મુકામે ઝઘડો શાંત થઈ ગયા બાદ ભાથીજી મંદિર પાસે ઝઘડો શરૂ થયેલો તેવું તેઓએ જાણેલું. તેઓ ભાથીજી મંદિર પહોંચ્યા ત્યાં સામસામો પથ્થરમારો થયેલો.

(૩૪.૨) **આમ PW20 કુલદીપસિંહની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો તેઓ આ બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા છે. તેમની જુબાનીમાં દશકાપુરા મુકામે પ્રથમ હિન્દુ મુસ્લિમ કોમના ટોળા સામ સામે આવી ગયેલા અને પથ્થરમારો કરતા હતા તેવું રેકર્ડ પર આવેલ છે બચાવ પક્ષે આ હકીકતનો ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે. બચાવ પક્ષે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે આ સાક્ષીને જ્યારે ઈજા થઈ ત્યારે આરોપી હજરત અલી ત્યાં દસકાપુરા મુકામે હાજર હતા. વળી ભાથીજી મંદિર પાસેના બનાવમાં જે ઘટના ઘટી તેના આ સાક્ષી નજરે જોનાર જણાતા નથી. તેમને ઈજા કોણે કરી તે અંગે સ્પષ્ટ વિગતો જણાવી શકતા નથી. બંને સામસામા ગ્રુપો પથ્થરમારો કરતા હતા તે પૈકી કયા ગ્રુપના પથ્થર મારામાં તેઓ ઘાયલ થયા તેવી સ્પષ્ટતા પણ તેમની જુબાની માં થતી નથી. કયા ગ્રુપના પથ્થર મારામાં વાહનોને ઈજા થઈ તે અંગે પણ તેમની જુબાની અસ્પષ્ટ છે. ઈજા પામનાર સામંતસિંહની ઈજા બાબતે આ સાક્ષીની જુબાની હીઅર્સે છે. આમ તેમની જુબાનીનું સમગ્રત: મૂલ્યાંકન કરતા તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ રાત્રિના**

**9:30 વાગે દસકાપુરા મુકામે હિંદુ મુસ્લિમ કોમના બે ટોળાઓ સામસામે આવી ગયેલા અને તેમની વચ્ચે સામસામો પથ્થરમારો થયેલો અને આ પથ્થર મારામાં આ સાક્ષીને હાથના ભાગે સામાન્ય ઈજા થયેલી. વળી આ બનાવ વખતે ટોળામાં મુસ્લિમ સમાજમાંથી હજરતઅલી કાસમઅલી હાથમાં ધારીયા સાથે, ઈકબાલઅલી હજરતઅલી તથા ઝાકીરહુસેન તથા મામુ તથા બીજા મુસ્લિમના પંદરથી વીસ માણસો ધારીયા, લાકડીઓ સાથે તેમજ હિન્દુ પક્ષના ટોળામાં રાહુલભાઈ, મગનભાઈ, મનુભાઈ તથા બીજા વીસથી પચ્ચીસ માણસોની સક્રિય ભૂમિકા હતી તે હકીકતો આધારભૂત અને વિશ્વાસનીય રીતે સાબિત થતી જણાય છે.**

**<u>ઈજા પામનાર સામંતસિંહના દીકરાની જુબાની:-</u>**

(૩૫) ફરિયાદપક્ષે **PW24 આંકઃ ૧૨૮થી શાહેદ સંજયસિંહ સામંતસિંહ જાદવ**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ દસકાપુરા બનાવ બનેલો તે વખતે તેઓ સુરત મુકામે હતા. તે દિવસે રાતના દસેક વાગે તેમના કાકાનો ફોન આવેલો અને તેમને જાણ થયેલ કે તેમના પિતાને વાગેલું છે અને તેઓને એસ.એસ.જી. હૉસ્પિટલમાં દાખલ કરેલ છે જેથી તેઓ રાત્રીના એક વાગે વડોદરા હૉસ્પિટલમાં પહોંચેલા. તે વખતે તેમના પિતાની સારવાર ચાલુ હતી. તેમના પિતાજીને માથામાં ઈજાઓ થયેલી હતી. તેમના પિતાજીને દવાખાનામાં દાખલ રાખી જુદા જુદા રીપોર્ટ કરાવેલા. ત્યારબાદ તેઓને વધુ સારવાર માટે સિનરજી હોસ્પિટલ વડોદરા ખાતે લઈ ગયેલા અને ત્યાંથી તેમના પિતાને માથાના ઑપરેશન માટે ગુજરાત કિડની હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા તેઓ તેમને ત્યાં લઈ ગયેલા. ત્યાં ઑપરેશન

થયા બાદ ત્રીજા દિવસે અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેઓને પાંચ–દિવસ આઇ.સી.યુ.માં રાખેલા અને વધુ સારવાર માટે ક્રોસ રોડ હૉસ્પિટલ ડભાસા ખાતે લાવી દાખલ કરેલા. હાલ તેઓ પથારીવસ છે અને તેઓની દવા સારવાર ચાલુ છે.

(૩૫.૧) **PW**24 તે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, બનાવ વખતે તેઓ સુરત મુકામે હતા. બનાવની તેમને કોઇ જાતમાહિતી નથી. તેમને ફોન આવવાથી ખબર પડેલ કે બનાવ બનેલ છે.

(૩૫.૨) **આમ, આ સાક્ષી બનાવ સમયે સુરત મુકામે હાજર હતા મતલબ કે બનાવ સ્થળે હાજર ન હતા. તેમની જુબાનીથી માત્ર એ હકીકતને જ સમર્થન મળે છે કે બનાવમાં તેમના પિતાશ્રી સામંતસિંહના માથાના ભાગે ગંભીર ઈજા થયેલી અને તેમને તે જ ઈજાની સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં લઈ જવામાં આવેલા તે સિવાય બનાવ કેવી રીતે બન્યો? શું કામ બન્યો? આ બનાવમાં કોણે શું ભૂમિકા ભજવી? તેમના પિતાજીને કોણે ઈજા પહોંચાડી? તેવી વિગતો બાબતે સાક્ષીને કોઈ જાત માહિતી જણાતી નથી.**

(૩૬) ફરિયાદપક્ષે **PW26 આંકઃ ૧૫૮થી શાહેદ અશોકભાઈ મેલાભાઈ જાદવ**ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ તેઓના ગામના દસકાપુરામાં પહેલો બનાવ બનેલો. તે દિવસે મુક્કદરઅલી બાઉદ્દીનઅલીના ઘરે દિકરીનું લગ્ન હતું અને બાઈક પાર્ક કરવા બાબતે હિન્દુ– મુસ્લિમ વચ્ચે બપોરના બારેક વાગે

બોલાચાલી થયેલી તેમાં સમાધાન થઈ ગયેલું. ત્યારબાદ રાત્રીના નવથી સાડા નવ વાગે ઝઘડો થયેલો અને તેઓ તેમના ઘરે ભાથીજીવાળા ફળીયામાં આવેલ ઘરે હાજર હતા. ત્યારે તેમને વાતોવાતથી જાણવા મળેલ કે દસકાપુરામાં ઝઘડો થયેલો છે અને બધા તે તરફ જાય છે. તેઓના ગામના મુસ્લિમ લોકો હાથમાં લાકડીઓ, ડંડા, ધારિયા વિગેરે હથિયારો લઈને જતા હતા. ભાથીજીના મંદિર પાસે તેમના ભાઈ સામંતભાઈ મેલાભાઈ જાદવ ઉભા હતા અને ત્યાં સકીલખાન સિકંદરખાન પઠાણ તેમના ભાઈ ઉભા હતા ત્યાં ભાથીજી મંદિરે આવેલા અને તેઓના હાથમાં ડંડો હતો અને તેઓએ તેમના ભાઈ સામંતભાઈને બે–ત્રણ ઝાપોટો હાથમાં અને પગમાં મારેલી અને ત્યાં તેમનો ભાઈ પડી ગયેલો. ત્યાં આગળ ઈકબાલભાઈ હજરતભાઈ સૈયદ ધારિયું લઈને આવી ગયેલા. ત્યારબાદ તોફીકભાઈ સિકંદરભાઈ ડાંગ લઈને, આશીકભાઈ રમશુભાઈ મલેક ડાંગ લઈને, હજરતભાઈ કાસમભાઈ સૈયદ હાથમાં ધારિયું લઈને અને બીજા દસ–પંદર જણનું ટોળું આવેલું અને ત્યાંથી તેમના ભાઈને નિશાળ તરફ ખેંચી ગયેલા. ત્યાં હજરતઅલી કાસમભાઈ સૈયદે મારી નાખવાના ઈરાદે સામંતભાઈને માથામાં ધારીયાનો ઝટકો મારી દીધેલ. ત્યાંથી તેમના ભાઈને છોડાવવા માટે તેઓ, તેમનો ભત્રીજો પિન્કલકુમાર, ભાવિનકુમાર, તેમના ફળિયાના મહેશભાઈ સોમાભાઈ મકવાણા, સચીનભાઈ ચંદુભાઈનાઓ ગયેલા. ત્યાર બાદ તેઓ તેમના ભાઈને ત્યાંથી છોડાવી લાવેલા. મુસ્લિમ વ્યક્તિઓના ટોળાઓએ એક રીક્ષાને તોડફોડ કરીને નુકશાન કરેલ. ત્યારબાદ તેમના ભાઈને ૧૦૮ ગાડીમાં બોરસદ દવાખાને લઈ ગયેલા. ત્યાં ડૉક્ટરે સારવાર કરવાની ના પાડતા શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ લઈ ગયેલા અને ત્યાં સારવાર નહીં થાય તેવું કહેતા આણંદ ઝાયડસ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી

વડોદરા દવાખાને લઈ ગયેલા. ત્યાંથી અમદાવાદ અને ત્યાર બાદ ડભાસા ક્રોસ રોડ હૉસ્પિટલમાં સારવાર કરાવેલી. **તેમના ભાઈને યાદશક્તિ જતી રહેલી અને તેઓને હલન–ચલન થઈ શકતું ન હતું અને તેઓ ખાટલાવશ થઈ ગયેલા.** તેઓ આજથી નવેક મહિના પહેલા ગુજરી ગયેલા. જેથી પોલીસને જાણ કરેલી પરંતુ તેઓનું પી.એમ. કરવામાં આવેલું નહીં. વધુમાં સદર શાહેદ કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે. સદર શાહેદ મુદ્દામાલ આર્ટીકલ નંબર–૫ વાળી લાકડી જોઈ તે આરોપી તોફીક પાસે અને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૬ વાળું હથિયાર જોઈ તે આરોપી ઈકબાલ પાસે હતું તેવું ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નંબર:૭ વાળી દાંતી જોઈ તેને ધારીયું ના કહેવાય જે કયા આરોપી પાસે હુતં તે તેઓ કહી શકે નહીં તેવું તેમજ હજરત પાસે જે ધારીયું હતું જે કોર્ટમાં નથી તેવું જણાવે છે.

(૩૬.૧) **PW26** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, પીપળી ગામ અને દસકાપુરા બંને અલગ અલગ વિસ્તાર છે. દસકાપુરા પીપળી ગામથી એકાદ કિલોમીટર જેટલું દૂર આવેલુ છે. બનાવના અરસામાં તેઓ દિવ્ય ભાસ્કર ન્યૂઝ પેપરમાં નોકરી કરતા હતા તેનો સમય રાત્રીના બે વાગ્યાથી સવારના સાત વાગ્યા સુધીનો હતો. **તા. ૨૩/૧૨/૨૦૧૮ના રોજ દસકાપુરા મુકામે બપોરના જે બનાવ બનેલો તેની તેમને જાતમાહિતી નથી.** ભાથીજીવાળા ફળીયામાં તેઓ જ્યાં રહે છે ત્યાં વીસેક ઘરો આવેલા છે. તે ફળિયામાં સામસામે મકાનો આવેલા છે. દસકાપુરા મુકામે બપોરના ઝઘડાનો બનાવ બન્યા બાદ પીપળી ગામે ભાદરણ પોલીસ આવેલી. દસકાપુરાના બપોરના બનાવ બાદ પીપળી તેમજ દસકાપુરામાં પોલીસ બંદોબસ્ત મુકવામાં

આવેલો તે તેઓએ જાણેલું. તેમના ભાઇ સામંતસિંહ સાથે જે બનાવ બનેલો તેની ફરિયાદ તેઓએ કે તેમના ઘરના સભ્યોએ કરેલી નહી. શાહેદ જણાવે છે કે પોલીસ ફરિયાદ થયેલી અને તેઓએ પોલીસમાં અરજી આપેલી. તેઓએ પોલીસમાં જે અરજી આપેલી તેની નકલ તેમની પાસે છે. તે નકલ રજૂ કરવા માટે તૈયાર અને ખુશી છે. જે અરજીઓની ઝેરોક્ષ નકલો માર્કઃ A to C થી રજૂ રાખેલ છે. વધુમાં સદર શાહેદે એવું સ્વીકારેલ છે કે, આ અરજીઓને જે તે જગ્યાએ મોકલાવી છે તે જગ્યાના અધિકારી તે મળ્યા બદલની સ્વીકારીને સહી સિક્કો કરી આપેલ નથી. પોલીસે તેમની બે વાર પૂછપરછ કરેલી. તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ પોલીસે તેમની પ્રથમવાર પૂછપરછ કરેલી. તેમનું પ્રથમ નિવેદન પોલીસે જ્યારે લીધુ તે સમયે તેઓ જે કાંઇ જાણતા હતા તે પોલીસને જણાવી દીધેલું. બનાવ સબંધે ટોળાના માણસોમાંથી કોઇએ ફરિયાદ આપેલી નહી. **દસકાપુરા અને ભાથીજી મંદિર બે અલગ અલગ વિસ્તાર છે.** તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ તેઓએ કોઇ ફરીયાદ આપેલ હોય કે પોલીસમાં અરજી આપેલ હોય તેવું બનેલ ન હતું. **બપોરના સમયે દસકાપુરા મુકામે જે બનાવ બનેલો તે સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા.** દસકાપુરા મુકામે બપોરે બનાવ બન્યા બાદ પીપળી ગામમાં ભાદરણ પોલીસ આવેલી. બપોરના સમયે દસકાપુરા મુકામે જે બનાવ બનેલો તે બનાવ સબંધે ટોળાના માણસોએ સામસામે ભાદરણ પોલીસમાં અરજી થયેલી અને તેમાં સમાધાન થયેલું. આ કામના આરોપી રાહુલ મનુભાઇ ઝાલા, મગનભાઇ રાવજીભાઇ, મહેન્દ્રભાઇ શંકરભાઇ, મનુભાઇ ધુળાભાઇ તેમજ રમેશભાઇ રામસંગભાઇ મકવાણા તેમના કોઇ સગા થતા નથી. **આરોપી ઇકબાલઅલી હજરતઅલી સૈયદ બનાવના અરસમાં પીપળી ગ્રામપંચાયતના સભ્ય હતા.** તેઓ જે

ભાથીજીવાળા ફળીયામાં રહે છે ત્યાં તેમના ઘર સિવાય બીજા અન્ય પંદરેક જેટલા ઘરો આવેલા છે. **તેમના ઘરેથી દસકાપુરા મુકામે આવેલ મહાકાળી માતાજીનું મંદિર દોઢેક કિલોમીટર જેટલું દૂર આવેલું છે. તેમના ફળિયાની નજીક ભાથીજીનું મંદિર આવેલ છે. ભાથીજી મંદિરની સામે આર.સી.સી. રોડ આવેલ છે. તેમના ઘરની પાસે જે ભાથીજી મંદિર આવેલ છે ત્યાંથી નિશાળ સો મીટરના અંતરે આવેલ છે. તેઓના ફળિયાના નાકેથી નિશાળનો પાછળનો ભાગ જોઇ શકાય નહીં. બનાવની રાત્રીએ સાડા નવેક વાગે તેઓ તેમના ઘરે હતા. તેઓ જે ઘરમાં રહે તે જ ઘરમાં તેમના ભાઇ સામંતભાઇ રહેતા હતા.** બનાવની રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં ટોળાના માણસો મોટરસાયકલ લઇને નિકળેલા તે સમયે ખૂબ અવાજ આવતો હતો. બૂમાબૂમનો અવાજ સાંભળી તેઓ ફળિયાના નાકે આવેલા. સામંતભાઇને સંજયભાઇ નામનો દિકરો છે. તેઓએ બનાવના સ્થળે સી.એન.જી. રીક્ષા પડેલી જોયેલી. સામંતભાઇ બનાવની રાત્રીના ૦૮–૪૫ વાગે ઘરેથી બહાર નિકળેલા. તેઓ બૂમાબૂમનો અવાજ સાંભળી જ્યારે ફળિયાની બહાર નિકળ્યા ત્યારે તેમની સાથે તેમનો ભત્રીજો પિન્કલ હાજર હતો. કમલેશભાઇ શનાભાઇ પરમાર પણ અમારા ભાથીજીવાળા ફળિયામાં રહે છે. બનાવ સમયે પિન્કલ તેમની સાથે હતો તેવી હકીકત તેઓએ પોલીસને જણાવેલ ન હતી. વધુમાં એવું સ્વીકારે છે કે, બનાવમાં તેમને તથા પિન્કલને કોઇ ઈજાઓ થયેલ ન હતી. ભાથીજી મંદિર તેમજ નિશાળ બાજુ બાજુ છે. બૂમાબૂમનો અવાજ સાંભળી રાત્રીના ફળિયાના ચોક્કસ કેટલા માણસો બહાર આવેલા તેની તેમને ખબર નથી. ભાવિનભાઇ મગનભાઇ જાદવ તથા સચિનભાઇ ચંદુભાઇ જાદવ પણ તેઓના ફળિયાના છે. એવું સ્વીકારે છે કે, આરોપીઓ તેઓના ગામના હોય જેથી બનાવ પહેલાથી તેઓને

ઓળખે છે. તેમના ઘરેથી સૈયદવાડો આશરે ૫૦૦ મીટર જેટલો દૂર આવેલ છે.

**(૩૬.૨) આ સાક્ષી PW26 અશોકભાઈ તે ઈજા પામનાર સામંતસિંહના મોટા ભાઈ થાય છે તેઓ પોતાની જુબાની જાણે બનાવના નજરે જોનાર સાક્ષી હોય તે રીતે આપવાનો પ્રયત્ન કરે છે પરંતુ ખુદ ઈજા પામનાર ની જુબાની તથા અન્ય સાક્ષીઓની જુબાનીને સાથે રાખીને સાહેદ અશોકભાઈની જુબાનીનું સાર્વત્રિક મૂલ્યાંકન કરતા તેઓ બનાવમાં પાછળથી ઘટના સ્થળે પહોંચ્યા હોય તેવા સંજોગો જણાય છે.**

**(૩૬.૩) આ સાક્ષી જણાવે છે કે આરોપીઓ સામંતસિંહને ઢસડીને પ્રાથમિક શાળાએ લઈ ગયા અને ત્યાં ધારિયુ માર્યું તે પછી તેમણે સામંતસિંહને આરોપીઓ પાસેથી છોડાવીને લઈ આવેલા. વળી તેઓ જણાવે છે કે આરોપી શકીલખાન સિકંદરખાન પઠાણનાઓએ ભાથીજીના મંદિર પાસે સામંતસિંહને હાથમાં અને પગમાં ડંડાથી બે ત્રણ ઝાપોટો મારેલી અને તે કારણે સામંતસિંહ પડી ગયેલા. જોકે અહીં સૌથી નોંધપાત્ર બાબતે છે કે મેડિકલ એવિડન્સ જોવામાં આવે તો સામંતસિંહના હાથે અને પગે લાકડીઓ માર્યાની કોઈ ઈજાઓ જોવા મળેલી નથી. જો આ સાક્ષીની જુબાનીને સાચી માનીએ તો તેમની હાજરીમાં જ તેમના નાના ભાઈ સામંતસિંહને આરોપીઓ માર મારતા હોય અને ત્યારબાદ ભાથીજી મહારાજના મંદિરથી આશરે 100 મીટરથી વધારે દૂર આવેલી પ્રાથમિક શાળા તરફ ઢસડીને લઈ જાય અને ત્યાં સુધી આ સાક્ષી કોઈ જ દખલ ન કરે તેમના ભાઈને બચાવવાની કોઈ જ કોશિશ ન કરે એવું કેમ બને? આ બનાવમાં સાક્ષી અશોકભાઈ ને કોઈ જ ઈજા થયેલી નથી. બનાવ બન્યો તે**

વખતે તેઓ ઘરે હાજર હતા અને તેમના ભાઈ સામંતસિંહ બનાવ સ્થળે હાજર હતા. આમ સંજોગો જોતા આ સાક્ષીની હાજરી બનાવ બન્યો તે જ વખતે બનાવ સ્થળે હોય તે બાબત શંકાસ્પદ જણાય છે. વધુમાં જે પ્રથમ દસકાપુરા મુકામે બનાવ બનેલ તે વખતે સાક્ષી હાજર ન હતા તેવું સ્વયં સ્વીકારે છે.

(૩૭) અહીં સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આ બનાવમાં કુલ ત્રણ બનાવો બનેલા છે. પહેલો બનાવ બંને કોમ વચ્ચે તકરાર થઈ અને તેનું સમાધાન થઈ ગયું. ત્યાર પછી રાત્રિના સમયે દસકાપુરા મુકામે બંને કોમ વચ્ચે સામસામે પથ્થરબાજી થઈ અને તે બનાવના અનુસંધાને જ ત્યારબાદ ભાથીજી મહારાજના મંદિર પાસે બે કોમ વચ્ચે અથડામણ થઈ અને તે વખતે સામંતસિંહને માથાના ભાગે આ ભાથીજી મહારાજના મંદિર પાસેના બનાવમાં ઈજા પહોંચાડવામાં આવી. સાક્ષી અશોકભાઈ સ્વીકારે છે કે દસકાપુરા મુકામે જે બનાવ બન્યા તેમાં તેમની હાજરી ન હતી એટલે પ્રથમ બનાવનાર તેઓ નજરે જુના સાક્ષી નથી. વધુમાં ઈજા પામનાર સામંતસિંહની જુબાની જોવામાં આવે તો આરોપીઓ તેમને મારતા હતા તે વખતે તેમના ભાઈ અશોકભાઈની હાજરી હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. વળી અશોકભાઈ બનાવનું જે સ્થળ એટલે કે પ્રાથમિક શાળા પાસે લઈ જઈને તેમના ભાઈ સામંતસિંહને ધાર્યું મારવામાં આવ્યું તેવી જગ્યાએ તપાસ દરમિયાન કોઈ લોહીના ડાઘ જોવા મળેલા નથી જેથી તેમની જુબાનીમાં પણ બનાવનું સ્થળ બદલાઈ જાય છે. વળી તપાસ કરનાર અમલદાર શ્રી એ સ્વીકારેલું છે કે તેમની સમક્ષના નિવેદનમાં સામંતસિંહે એવું જાહેર કરેલ નથી કે આ બંને વખતે તેમના ભાઈ અશોકભાઈ ભાથીજી મંદિર આગળ હાજર હતા. આમ સમગ્ર રીતે જોતા અશોકભાઈ ની બનાવ સ્થળે હાજરી ઊભી

**કરવામાં આવી હોય તેવી બચાવ પક્ષની રજૂઆતને નજર અંદાજ કરી શકાય તેમ નથી.**

<u>**મેડિકલ એવિડન્સ:-**</u>

(૩૮) ફરિયાદપક્ષે **PW2 આંકઃ ૫૬થી કણભા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. શિલ્પાબેન મનુભાઈ ચૌહાણને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ તેઓ તેમની ફરજ બજાવતા હતા ત્યારે તેમની પાસે ઈજા પામનાર પો.કો. કુલદીપસિંહ બળવંતસિંહને થયેલ ઈજાની સારવાર માટે લેખિત યાદી સાથે આવેલા. તેઓને તપાસતા ડાબા હાથે ઈજા થયેલ હતી. આ ઈજા સાદી હતી અને પથ્થર મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. તેઓએ આ બાબતનું પ્રમાણપત્ર આપેલું જે પ્રમાણપત્ર આંકઃ ૫૮ થી રજૂ છે.

(૩૮.૧) **PW2** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, આંક-૫૭ની પોલીસ યાદીમાં તેમની કોઇ સહી કે રીસીવ કર્યા બદલનો કોઇ સમય કે તારીખ તેઓએ લખેલ નથી. આંક-૫૭ ની યાદીના આધારે સદરહું કેસ મેડિકલ લીગલ કેસ હતો તેવું તેમને લાગેલું. આંક-૫૭ની યાદીમાં ગુનાને લગતી ઉપરોક્ત હકીકત જાહેર કરવામાં આવેલી. આંક-૫૭ની યાદીમાં ડાબા કે જમણા હાથનો ઉલ્લેખ કરેલ નથી. તેઓની પાસે કોઇ દર્દી પોલીસ યાદી લઇને સારવાર માટે આવે તો તે દર્દીને તપાસી તેની સૌપ્રથમ નોંધ કેસ પેપર્સમાં કરવામાં આવે છે અને તેના આધારે તેઓ મેડિકલ સર્ટીફીકેટ તૈયાર કરી પોલીસને આપે છે. હાલના કામે ત.ક.અમલદારે તેમની પાસે કોઇ કેસ પેપર્સની માંગણી કરેલ નહી. આંક-૫૮ના મેડિકલ સર્ટીફીકેટમાં ઈજા પામનાર

પોલીસ યાદી સાથે આવેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. આંક–૫૮ ના મેડીકલ સર્ટીફીકેટમાં ઈજાનું કોઈ માપ જણાવેલ નથી કે ઈજાની કોઈ ઉંમર કે ઈજાનો કોઈ કલર કે ઈજા કેવા પ્રકારની હતી તેનો પણ ઉલ્લેખ સર્ટીફીકેટમાં કરેલ નથી. આંક–૫૮ના સર્ટીફીકેટમાં દર્દીએ કોઈ હિસ્ટ્રી આપેલ હોય તેનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આંક–૫૮ના સર્ટીફીકેટમાં ઈજા કેવા પ્રકારના હથિયારથી થઇ અને કેવા પ્રકારના પદાર્થથી થઇ તેનો ઉલ્લેખ કરેલ નથી. આંક–૫૮નું સારવાર સર્ટીફીકેટ તેઓએ આપેલું. સર્ટીફીકેટમાં "This Certificate is not valid for Medicolegal Cases"છાપેલ છે પરંતુ શાહેદ જણાવે છે કે તે ભુલથી લખાઈ ગયેલ છે અને તે નોંધ તેઓના સર્ટીફીકેટમાં પ્રિસ્ક્રાઇબ્ડ ફોર્મમાં છાપેલ છે. વધુમાં એવું સ્વીકારે છે કે, પથ્થર વાગવાથી દર્દીને થયેલ ઈજા થઇ શકે તેવો કોઈ અભિપ્રાય તેઓએ મેડીકલ સર્ટીફીકેટમાં આપેલ નથી. વધુમાં એવું સ્વીકારે છે કે, કોઈ પણ સરકારી કર્મચારી તેમાના વિભાગમાં મેડિકલ લીગલ સિવાયના કામ માટે સર્ટીફીકેટ માગે તો આ પરફોર્મામાં આપે છે.

(૩૯) ફરિયાદપક્ષે **PW૩ આંકઃ ૫૯થી શ્રદ્ધા હૉસ્પિટલ, બોરસદના ડૉ.ઠાકરસિંહ કરણસિંહ વાઘેલાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, ડૉ. પરેશ પટેલ તેઓની હૉસ્પિટલમાં તેમની સાથે છેલ્લા ચૌદ વર્ષથી મેડિકલ ઓફિસર તરીકે તથા પ્રમુખ તરીકે ફરજ બજાવે છે અને તેઓએ ડૉ. પરેશ પટેલ સાથે ફરજ બજાવેલ હોય તેઓના હસ્તાક્ષર અને સહીથી પરિચિત છે. ડૉ. પરેશ પટેલે તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ કલાક ૦૦–૧૦ વાગે ભાદરણ પો.સ્ટે.માં દર્દી સીતાબેન શનાભાઈ પરમાર તથા માણેકબેન

ધુળાભાઈ ઝાલાને દસકાપુરા, પીપળી ગામે રમખાણમાં માથાના ભાગે તથા શરીરના ભાગો ઉપર વત્તા ઓછા પ્રમાણમાં તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ સાડા આઠની આસપાસ ઈજાઓ થવાથી સારવાર માટે આવેલા તેવી આંકઃ ૬૦થી રજૂ ટેલિફોનવર્ધી લખાવેલી. વધુમાં સદર શાહેદ નિ.૨૬/૨૪ વાળું સર્ટીફીકેટ જોઈ જેમાં દર્દી સીતાબેન શનાભાઈ (શંકરભાઈ) પરમાર તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ રાત્રીના અગિયાર વાગે પોલીસ યાદી વગર આવેલા અને તેઓએ હિસ્ટ્રી આપેલ કે "**તેઓને રાત્રીના આઠેક વાગ્યાના સુમારે પીપળી ગામે તેમના ઘરે ઘણા લોકોએ હુમલામાં ઈજાઓ પહોંચાડેલી છે.**" તેઓને તપાસતા, મોંઢાના ડાબી બાજુના ભાગે ઈજા જોવા મળેલ જેમાં ડાબી બાજુ મોંઢાના ઝાયગોમેટીક આર્ચ હાડકાનુ ફેક્ચર જોવા મળેલ અને ડાબા ખભાના ભાગે દુઃખાવો જણાયેલ. આ ઈજા સર્ટીફીકેટમાં બતાવ્યા પ્રમાણે કોઈ ધારદાર હથિયાર વડે થઈ શકે તેવી હતી. આ બાબતનું પ્રમાણપત્ર ડૉ. પરેશ પટેલે આપેલું જે પ્રમાણપત્ર આંકઃ ૬૧ થી રજૂ રાખેલ છે. ઈજા નંબર:૧ અને ઈજા નંબર: ૨ સખત અને બોથડ પદાર્થથી એટલે કે લાકડી જેવા હથિયારથી થઈ શકે છે. વધુમાં સદર શાહેદ નિ. ૨૬/૨૫ વાળું પ્રમાણપત્ર જોઈ તે તેમની હૉસ્પિટલના બીજા મેડિકલ ઓફિસર ડો. ચિરાગ રાણાના હસ્તાક્ષરમાં હોવાનું અને તેમની સાથે તેઓએ ફરજ બજાવેલ હોય તેઓના હસ્તાક્ષર અને સહીથી પરિચીત છે. આ પ્રમાણપત્ર દર્દી સીતાબેન ભાનમાં નથી અને નિવેદન આપી શકે તેવી હાલતમા નથી તે બાબતનું પ્રમાણપત્ર છે જેમાંના ડૉ. રાણાના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવે છે અને જે પ્રમાણપત્ર આંકઃ ૬૨ થી રજૂ રાખેલ છે. વધુમાં સદર શાહેદ નિ. ૨૬/૨૬ વાળું સર્ટીફીકેટ જોઈ જે તે ડૉ. પરેશ પટેલે તૈયાર કરેલ તેમાં દર્દી માણેકબેન ધુળાભાઈ ઝાલાને

તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ રાત્રીના અગિયાર વાગે પોલીસ યાદી વગર આવેલા અને તેઓએ હિસ્ટ્રી આપેલ કે **"તેઓને રાત્રીના આઠેક વાગ્યાના સુમારે પીપળી ગામે તેમના ઘરે ઘણા લોકોએ હુમલામાં ઈજાઓ પહોંચાડેલી છે."** સદર દર્દીને તપાસતા બંને ખભા ઉપર અને મોંઢા ઉપર ઈજાઓ થયેલી. ઈજા સર્ટીફીકેટમાં બતાવ્યા પ્રમાણે કોઈ ધારદાર હથિયાર વડે થઈ શકે તેવી હતી. આ બાબતનું પ્રમાણપત્ર ડૉ. પરેશ પટેલે તૈયાર કરેલું જે સર્ટીફીકેટ આંકઃ ૬૪થી રજૂ રાખેલ છે. વધુમાં સદર શાહેદ નિ. ૨૬/૨૭ વાળું પ્રમાણપત્ર જોઈ જે તેઓની હૉસ્પિટલના બીજા મેડિકલ ઓફિસર ડૉ. ચિરાગ રાણાના હસ્તાક્ષરમાં છે તેઓ સાથે ફરજ બજાવેલ હોય તેઓના હસ્તાક્ષર અને સહીથી તેઓ પરિચીત છે. આ પ્રમાણપત્ર દર્દી માણેકબેન ધુળાભાઈ ઝાલા કલાક ૧૯–૪૪થી કલાક ૧૯–૫૬ દરમિયાન ભાનમાં હતા અને નિવેદન આપી શકે તેવી પરિસ્થિતિમાં હતા અને તે બાબતનું પ્રમાણપત્ર છે જેમાંના ડૉ. રાણાના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવે જે પ્રમાણપત્ર આંકઃ ૬૫ થી રજૂ રાખેલ છે.

(૩૯.૧) **PW3** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓ આજ રોજ જે જુબાની આપે છે તે રેકર્ડના આધારે આપે છે. ઈજા પામનાર સીતાબેન તથા માણેકબેનના સર્ટીફીકેટ મુજબ બંને ઈજા પામનારનાઓ પોલીસ યાદી વગર તેઓની હૉસ્પિટલમાં આવેલા તેવું રેકર્ડના આધારે સ્પષ્ટ થાય છે. બંને ઈજા પામનારનાઓએ ડૉ. પરેશ પટેલ સમક્ષ જે હિસ્ટ્રી આપેલી તેમાં કોઈ હથિયાર કે હુમલો કરનાર વ્યક્તિઓના નામ જણાવેલા ન હતા તેવું રેકર્ડના આધારે સ્પષ્ટ થાય છે. સીતાબેનના મેડિકલ સર્ટીફીકેટમાં ઈજા નંબર:૧ માં ઝાયગોમેટીક ફ્રેક્ચરની ઈજા માટે સીટી સ્કેન કે એક્ષ–રે ના આધારે ફ્રેક્ચરની ઈજા છે તે ચોક્કસ

કહી શકાય. સીતાબેનના મેડીકલ સર્ટીફીકેટમાં ઈજા નંબર:૧ નું કોઈ માપ જણાવેલ નથી તે બાબત રેકર્ડના આધારે સ્પષ્ટ થાય છે. ઈજા નંબર:૧ નું વર્ણન કરતા જો તેમાં ફ્રેક્ચર હોય તો તેમાં બાહ્ય ઈજા દેખાવી જોઈએ. ઈજા નંબર:૧ માં કોઈ બાહ્ય ઈજાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. બંને સારવાર સર્ટીફીકેટમાં હથિયારનું વર્ણન ધારદાર હથિયાર લખેલ છે. ધારદાર હથિયારથી જો ઈજા કરવામાં આવે તો તે કપાયેલો ઘા થાય અને તેની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ સર્ટીફીકેટમાં લખાવામાં આવે છે. બંને સર્ટીફીકેટોમાં કપાયેલા ઘાનું કોઈ વર્ણન નથી. બંને સર્ટીફીકેટોમાં કોઈ હથિયારનો ઉલ્લેખ નથી. બંને સર્ટીફીકેટમાં ઈજા પામનારને જે ઈજાઓ થયેલી તે સાદા પ્રકારની હતી. સર્ટીફીકેટમાં સીતાબેનને થયેલ ઈજા નંબર:૨ ની ઈજા કાલ્પનિક પણ હોય શકે. માણેકબેનના મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ મોંઢા તથા ખભાની ઈજાનું કોઈ માપ સર્ટીફીકેટમાં જણાવેલ નથી. સીતાબેનને જે પ્રકારની ઈજા થયેલી હતી તે પડી જવાથી અથવા દિવાલથી ટકરાવાથી થઈ શકે તેવી હતી. આ બંને સર્ટીફીકેટોમાં તા. ૨૪/૧૨/૨૦૧૮ જણાવેલ છે. સીતાબેનના સર્ટીફીકેટમાં તેઓ બેભાન હતા તેઓ કોઈ ઉલ્લેખ નથી.

(૪૦) ફરિયાદપક્ષે **PW4 આંકઃ ૬૬થી એસ.એસ.જી. હૉસ્પિટલ, વડોદરાના ડૉ. અર્પિતા ફર્નાન્ડીસને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ તેમની પાસે દર્દી સામંતસિંહ જાદવ સીટી સ્કેન માટે આવેલા અને તેઓએ સીટી સ્કેન કરેલ તે બાબતનો રિપોર્ટ આપેલો. જે સીટી સ્કેન જોતા દર્દીને મગજના ભાગમાં ગંભીર ઈજાઓ જણાયેલ હતી તેમજ માથાના ભાગમાં જમણી બાજુ ખોપડીના હાડકામાં ફ્રેક્ચર હતું. મગજમાં ઈજાઓને

કારણે બ્લીડીંગ હતું અને તેના કારણે મગજમાં સોજો પણ હતો. ઈજાને કારણે જે બ્લીડીંગ હતું તેના લીધે નાના મગજમાં પણ અસર થયેલ. મોટા ભાગની ઈજાઓ માથામાં જમણી તરફના ભાગમાં હતી. આ બાબતનું પ્રમાણપત્ર તેઓએ કોમ્પ્યુટર ઉપર તૈયાર કરી આપેલું જે પ્રમાણપત્ર આંકઃ ૬૭ થી રજુ રાખેલ છે.

(૪૦.૧) **PW4** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, સર્ટીફીકેટની નીચે તેમની સહી કરેલ છે ત્યાં તેમનો પર્સનલ કે હૉસ્પિટલનો કોઈ સિક્કો નથી. એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા ખાતે અલગથી ડિપાર્ટમેન્ટ ઓફ રેડીયોલોજીસ્ટનો વિભાગ આવેલ છે. તેઓએ દર્દીની માથાની ઈજા માટે કોઈ એક્ષ-રે લીધેલ નહી. તેઓએ જે દર્દીનો સીટી સ્કેન કરેલ તે દર્દી તેઓની એસ.એસ.જી. હૉસ્પિટલમાં બીજા વિભાગમાં દર્દી તરીકે દાખલ હતો. દર્દીની સારવાર કરનાર તેઓની હૉસ્પિટલના મેડીકલ ઓફીસરે દર્દીનો સીટી સ્કેન કરવા માટે તેમને કોઈ લેખિત હુકમ કરેલ નહીં. શાહેદ જણાવે છે કે કેસ પેપરમાં નોટ્સ હોય છે.

(૪૧) ફરિયાદપક્ષે **PW5 આંકઃ ૬૮થી ગુજરાત કિડની હૉસ્પિટલ, વડોદરાના ડૉ. દિક્ષિત ધીરીશભાઈ પટેલને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ ગુજરાત કિડની હોસ્પિટલ ખાતે દર્દી નામે સામંતભાઈ મેલાભાઈ જાદવને માથામાં થયેલ ઈજાઓની સારવાર અર્થે દાખલ કરવામાં આવેલા. આ દર્દીને દાખલ કર્યા બાદ તેની એડમીશન અર્થેની ટેલીફોનિક વર્ધી તા.૨૪/૧૨/૨૦૧૮ના સાંજના ૦૫-૪૫ કલાકે તેઓ દ્વારા ભાદરણ પો.સ્ટે. આપવામાં આવેલ જે ટેલીફોનિક વર્ધીનો ઉતારો

આંકઃ ૬૯થી રજૂ રાખેલ છે. **દર્દીના સગા દ્વારા જણાવ્યા પ્રમાણે દર્દીને ભાથીજી મંદિર, પીપલી ગામ, બોરસદ ખાતે તા.૨૩/૧૨/૨૦૧૮ ના રોજ રાત્રીના ૦૯-૩૦ કલાકે ભારે ધારદાર હથિયાર દ્વારા હુમલો કરાતા ઈજા થયેલ છે.** આ અર્થે દર્દીએ પ્રાથમિક સારવાર લાઈફ લાઈન હોસ્પિટલ, એસ.એસ.જી. હોસ્પિટલ અને સિનરજી હોસ્પિટલ ખાતે મેળવી અત્રેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. તેઓ દ્વારા દર્દીનું શારીરિક પરીક્ષણ કરતા દર્દી બેભાન હાલતમાં માલુમ પડેલ. શ્વાસ લેવા માટે મોઢામાં નળી નાખેલ હતી. દર્દીના માથાના ભાગે દવાખાનાનો પાટો હતો. આ પાટો ખોલીને જોતા માથામાં જમણા ફ્રન્ટો પરાઈટલ ભાગ ઉપર ૧૫ સે.મી. X ૦૧ સે.મી. માપનું ખોપરી ઉંડો કપાયેલો છુંડાયેલો ઘા હતો જેની કિનારીઓ વ્યસ્થિત હતી અને તેમાંથી લોહી નીકળી રહ્યું હતું. દર્દીના આગળની હૉસ્પિટલમાં થયેલ સીટી સ્કેનમાં જમણા પરાઈટલ હાડકાનું ૧૦ એમ.એમ. ઉંડુ અસ્થિભંગ માલુમ પાડેલ. જમણા ફ્રન્ટલ હાડકા ઉપર સીધી લીટીનું અસ્થિભંગ જોવા મળેલ. જમણા ફ્રન્ટલ પરાઈટલ ટેમ્પોરલ અને ઓક્સીપીટલ ભાગમાં સબ ડ્યુરલ પ્રકારનું મગજનું આંતરિક રક્તસ્ત્રાવ જોવા મળેલ અને મગજના જમણા ભાગમાં સોજો આવી ગયેલ હતો. મગજના જમણા ફ્રન્ટલ અને ગેન્ગીલીઓ કેપ્સ્યુલર ભાગમાં લોહી ભર્યા ચકામાં હતા. આ દર્દીને અત્રેની હૉસ્પિટલમાં તાત્કાલિક ધોરણે ડૉક્ટર આશિષ દેસાઈ દ્વારા ખોપરીના હાડકાના દબાયેલા અસ્થિભંગ માટે તેમજ મગજના આંતરિક રક્તસ્ત્રાવને દુર કરવા માટે ક્રેનીએકટોમી પ્રકારનું મગજનું ઑપરેશન કરવામાં આવેલ. આ દર્દીને સગા દ્વારા તા.૨૫/૧૨/૨૦૧૮ ના રોજ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા. દર્દીને થયેલ ઈજા ગંભીર

પ્રકારની હતી. દર્દીને થયેલ ઈજા ધારદાર અને ભારે હથિયારથી થઈ શકે તેવી હતી. વધુમાં સદર શાહેદ મુદ્દામાલ આર્ટીકલ નંબર:૬ વાળુ ધારીયું જોઈ જોરથી મારવામાં આવે તો આ પ્રકારની ઈજાઓ થઈ શકે છે તેવું જણાવે છે. આ બાબતનું તેઓએ પ્રમાણપત્ર આપેલું જે પ્રમાણપત્ર તેઓએ આંકઃ ૭૦ થી રજૂ રાખેલ છે. વધુમાં એવો પુરાવો આપેલ છે કે, સદર દર્દીને તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ ક્રોસ રોડ હૉસ્પિટલ, પાદરા વડોદરા ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવેલા. આ હૉસ્પિટલમાં તેઓ મેડીકોલીગલ ઑફિસર તરીકે સેવા આપે છે. દર્દીના સગા દ્વારા જણાવ્યા પ્રમાણે દર્દીને ગુજરાત કીડની હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યા બાદ અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવેલ હતી. આ દર્દીનુ શારિરીક પરિક્ષણ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો અને તેના માથાના ભાગે હોસ્પિટલનો પાટો હતો. આ પાટો દુર કરતા માથાના જમણા ફ્રન્ટલ ટેમ્પોરલ પરાઈટલ ભાગ ઉપર ક્રેનીએકટોમી પ્રકારની સર્જરીના લીધે થયેલ ખાડો જોવા મળેલ અને દર્દના ગળામાં શ્વાસ લેવા માટેની ટ્રેકીયોસ્ટોમી પ્રકારની સર્જરી કરેલ હતી. તા. ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ સીટી સ્કેન પ્રમાણે જમણા પરાઈટલ હાડકાનું ૧૦ એમ.એમ. ઉંડુ અસ્થિભંગ માલુમ પાડેલ. જમણા ફ્રન્ટલ હાડકા ઉપર સીધી લીટીનું અસ્થિભંગ જોવા મળેલ. જમણા ફ્રન્ટલ પરાઈટલ ટેમ્પોરલ અને ઓક્સીપીટલ ભાગમાં સબ ડ્યુરલ પ્રકારનું મગજનું આંતરિક રક્તસ્ત્રાવ જોવા મળેલ અને મગજના જમણા ભાગમાં સોજો આવી ગયેલ હતો. મગજના જમણા ફ્રન્ટલ અને ગેન્ગીલીઓ કેપ્સ્યુલર ભાગમાં લોહી ભર્યા ચકામાં હતા. આ દર્દીના ક્રોસ રોડ હૉસ્પિટલના ડોક્ટરશ્રી અમરનાથ ગુપ્તાનાઓ દ્વારા કન્જરવેટીવ સારવાર આપી તા. ૨૫/૦૧/૨૦૧૯ના રોજ સ્થિર હાલતમાં નિયમિત બતાવી જવાની સલાહ સાથે રજા

આપવામાં આવેલ. ઈજા ગંભીર પ્રકારની હતી. સદર શાહેદે તેઓએ આપેલ પ્રમાણપત્ર આંકઃ ૭૨થી રજૂ રાખેલ છે.

(૪૧.૧) **PW5** બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, ગુજરાત કિડની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ તથા ક્રોસ રોડ હોસ્પિટલ બંને પ્રાઈવેટ હોસ્પિટલ છે. આ બંને હોસ્પિટલમાં તેઓ મેડીકોલીગલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગુજરાત કિડની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમા દર્દીની જે કોઇ સારવાર કરેલી તે ડો. આશિષ દેસાઇનાઓએ કરેલી. ક્રોસ રોડ હોસ્પિટલમાં ઈજા પામનારની જે સારવાર કરેલી તે ડો.અમરનાથ ગુપ્તાએ કરેલી. ગુજરાત કિડની હોસ્પિટલમાં દર્દી સામંતસિહને તારીખઃ ૨૪/૧૨/૨૦૧૮ના રોજ સારવાર માટે લાવવામાં આવેલા. ગુજરાત કિડની હોસ્પિટલમાં સીટી સ્કેન માટે અલગ વિભાગ આવેલ છે. ઈજા પામનાર સામંતસિંહની માથાની ઈજા બાબતે સીટી સ્કેન લેવાની કાર્યવાહી તેઓએ કરેલ નહી. ઈજા પામનાર સામંતસિંહ ગુજરાત કિડની હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા તે પહેલા લાઈફ લાઈન હોસ્પિટલ, એસ.એસ.જી. હોસ્પિટલ તેમજ સીનરજી હોસ્પિટલમાં સારવાર લીધેલી. દર્દીએ અગાઉ જે હોસ્પિટલોમાં સારવાર લીધેલ તેની ટ્રાન્સફર શીટ વગર દર્દી ગુજરાત કિડની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા. દર્દી સામંતસિંહને ગુજરાત કિડની હોસ્પિટલમાંથી તારીખઃ ૨૫/૧૨/૨૦૧૮ના રોજ ટ્રાન્સફર કરવામાં આવેલા. દર્દી સામંતસિંહને ક્રોસ રોડ હોસ્પિટલમાં ફરી સારવાર માટે તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ લાવવામાં આવેલા. દર્દીએ તા.૨૫/૧૨/૨૦૧૮ પછી અમદાવાદ મુકામે કઇ હૉસ્પિટલમાં સારવાર લીધેલ તે હકીકત ક્રોસ રોડ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલ ત્યારે જણાવેલ નહીં. દર્દીને થયેલ ઈજા કયા

હથિયાર વડે થયેલ છે તે બાબતે પોલીસ કોઇ હથિયાર લઇને અભિપ્રાય લેવામાં આવેલ નહી. સામંતસિંહની સારવાર ગુજરાત કિડની હોસ્પિટલમાં ડો. આશિષ દેસાઇએ કરેલ અને તેની નોંધ કેસ પેપર્સમાં કરેલ અને તે કેસ પેપર્સના આધારે તેઓએ સર્ટીફીકેટમાં સારવારનો ઉલ્લેખ કરી ઇસ્યુ કરેલ. તેઓએ ક્રોસ રોડ હોસ્પિટલમાં ઇજા પામનારની સારવાર ડો. અમરનાથ ગુપ્તાએ કરેલ અને તેની નોંધ તેઓએ સારવારના કેસ પેપર્સમાં કરેલ અને તે પેપર્સના આધારે તેઓએ મેડીકલ સર્ટીફીકેટમાં સારવારનો ઉલ્લેખ કરી ઇસ્યુ કરેલ. ઇજા પામનાર ગુજરાત કિડની હોસ્પિટલમાં કોઇ પોલીસ યાદી વિના તેમની હોસ્પિટલમાં આવેલા. ઇજા પામનાર ગુજરાત કિડની હોસ્પિટલમાં આવ્યા ત્યારે અગાઉની હોસ્પિટલમાં કરવામાં આવેલ ડ્રેસીંગ જણાય આવેલુ. દર્દીને થયેલ ઇજા કયા હથિયાર વડે થયેલ છે અને દર્દીને થયેલ ઇજાની ડીટેઇલ્સમાં અભિપ્રાય પ્રથમ તપાસ કરનાર ડોક્ટર જ સ્પષ્ટ રીતે જણાવી શકે. જો કોઇ વ્યક્તિને ધક્કો વાગવાથી તે ધારવાળા ઓટલા સાથે તેનો માથાનો ભાગ અથડાય તો મેડીકલ સર્ટીફીકેટમાં જણાવેલ ઇજાઓ સંભવી શકે.

(૪૨) ફરિયાદપક્ષે **PW6 આંકઃ 77થી સીનરજી મલ્ટીસ્પેશિયલ હૉસ્પિટલ, વડોદરાના ડૉ. ધ્રુમિત નરેદન્દ્રકુમાર ગોહિલને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેમની પાસે સામંતભાઈ એમ. જાદવ આવેલા. તેઓની આગળની સારવાર એસ.એસ.જી. હૉસ્પિટલ, વડોદરા ખાતે થયેલ હતી. તેઓ વધુ સારવાર માટે આવેલા. તેઓએ માથાના વચ્ચેના ભાગમાં ઇજા થયેલી હોવાનું જણાવેલું તે બાબતે સારવાર માટે આવેલા તેમને શ્વાસ લેવાની તકલીફને

કારણે તેમને વેન્ટીલેટર ઉપર મુકેલા હતા. ત્યારબાદ તેઓએ તેમને આગળની સારવાર માટે ગુજરાત કિડની હોસ્પિટલ, વડોદરા ખાતે રીફર કરેલા. સદર શાહેદે તેઓએ આપેલ સારવાર સર્ટીફીકેટ આંકઃ ૭૮ થી રજૂ રાખેલ છે.

**(૪૨.૧)** સદર શાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, ઈજા પામનાર તા. ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ તેઓની હોસ્પિટલમાં આવેલા અને તે જ દિવસે સાંજના છ વાગે ગુજરાત કિડની હોસ્પિટલ વડોદરા મુકામે વધુ સારવાર માટે મોકલી આપવામાં આવેલા. દર્દી કોઇ રીફર મેમા સિવાય કે પોલીસ યાદી વીના તેઓની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા. તેઓની હોસ્પિટલમાં દર્દીના સગાએ એડમિશન ફોર્મ ભરેલ. ત્યાર બાદ તેમની પાસે સારવાર માટે આવેલા. તેઓએ દર્દીને જે સારવાર આપી તેના કેસ પેપર્સ બનાવેલા. તેઓએ દર્દીની સારવારના કેસ પેપર્સના આધારે પોલીસને સર્ટીફીકેટ આપેલું. તેઓ ફીઝીશિયન છે. સર્જન તરીકે તેઓએ કોઇ અભ્યાસ કરેલ નથી. હિસ્ટ્રી દર્દીએ જાતે આપેલ નહી. હિસ્ટ્રીમાં હુમલો કરનાર વ્યક્તિનું નામ જણાવેલ ન હતું તેમજ બનાવનું સ્થળ જણાવેલ ન હતું. ઈજા પામનાર એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરાથી માથાની ઈજાની સારવાર લઇને તેમની પાસે આવેલા. દર્દીને તેઓએ જ્યારે જોયેલા ત્યારે માથાના ભાગની ઈજાની સારવાર થઇ ગયેલ હતી. દર્દીને જે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી તે હુમલા સિવાય અન્ય કારણોસર પણ સંભવી શકે. મેડીકલ સર્ટીફીકેટમાં નેચર ઓફ ઇન્જરી તેમજ એજ ઓફ ઇન્જરી જણાવેલ નથી.

(૪૩) ફરિયાદપક્ષે **PW7 આંકઃ ૭૯થી લાઈફલાઈન હૉસ્પિટલ, આણંદના ડૉ. રહીશાબેન આબીદહુસેન આનંદને** સોગંદ ઉપર

તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ તેઓની હૉસ્પિટલમાં દર્દી સામંતભાઈ જાદવ માથાની ઈજા સાથે આવ્યા હતા. દર્દી બરાબર ભાનમાં ન હતા અને તેમને આઇ.સી.યુ.માં દાખલ કરવાની જરૂર હતી પરંતુ આ વ્યવસ્થા તેઓની હૉસ્પિટલમાં ન હોવાથી તેઓએ તેમને આઇ.સી.યુ.ની વ્યવસ્થાવાળી હોસ્પિટલમાં જવા માટે સલાહ આપેલી અને તેઓએ આપેલ સર્ટીફીકેટ આંકઃ ૮૦ થી રજૂ રાખેલ છે.

(૪૩.૧) **PW6** બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, દર્દી પોલીસ યાદી સિવાય તેમની હોસ્પિટલમાં આવેલા. તેમની હોસ્પિટલમાં આઇ.સી.યુ.ની વ્યવસ્થા ના હોય જેથી તેઓએ દર્દીને કોઇ સારવાર કરેલ નહી અને વધુ સારવાર માટે બીજી હૉસ્પિટલમાં રીફર કરેલા.

(૪૪) ફરિયાદપક્ષે **PW8 આંકઃ ૮૧થી એસ.એસ.જી. હૉસ્પિટલ, વડોદરાના ડૉ. ભાવેશભાઈ મનુભાઈ નાયકને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે સામંતસિંહ મેલજીભાઈ જાદવને તેમના પિતરાઈ ભાઈ દયારામ ઉદેસિંહ જાદવ ડૉક્ટર રહીશાબેન આનંદની એસોલ્ટ ઈન્જરી હોય તેમની રીફર નોટ સાથે સારવાર માટે આવેલ. સદરહું દર્દીની હિસ્ટ્રી લાવનાર દયારામ ઉદેસિંહ જાદવે આપેલી જે હિસ્ટ્રી ઈ.પી.આર. બુકમાં નોંધ કરી સર્જરી યુનિટને સારવાર માટે રીફર કરેલ. દર્દી અર્ધભાનમાં હતો. તેમના સી.ટી. હેડના રીપોર્ટ પ્રમાણે જમણા ફ્રન્ટો પેરાઈટોટેમ્પરો ઓક્સીપીટલ રીઝનમાં સબડ્યુરલ હેમરેજ હતું તથા જમણા સેરીપ્રલ એમીઝફીયરમાં આવેલ સરકાઈ

ખસેલી હતી અને નજીક આવેલ હતી જે જમણા સેરીપ્રલ ઈંડીમાં દર્શાવે છે તથા જમણા લેટરલ વેન્ટ્રીકલ મધ્ય લાઈન તરફ ૮.૩ મીલી મીટર જેટલા ડાબી તરફ ખસેલા હતા. બંને બાજુના ફ્ન્ટ્રલ, પેરાઈટલ અને જમણા ટેમ્પરલ રીઝનમાં સબ ઍરેકનોઈડ હેમરેજ હતું તેમજ જમણા ફ્ન્ટ્રલ અને રાઈટ ગેન્ગલીઓ કેપ્સ્યુલર રીઝીયનમાં હેમરેજી કન્ટ્યુજન હતો. જમણા સીલબીયન ફીસલ, ફ્લેકસ સેરીબ્રાઈ અને બંને બાજુના ટેન્ટોરીયમ સેરીબીલાઈમાં લોહી જામેલુ હતું. જમણા પેરાઈટલ બોન કોમ્યુનિટેલ ડીપ્રેસ ફ્રેક્ચર હતું જે ૧૦ મીલી જેટલું વધુમાં વધુમાં ડીપ્રેસ હતું. જમણો ફ્ન્ટલ બોનમાં લીનિયર નોન ડીપ્રેસ્ડ ફ્રેકચર હતું. સારવાર કરનાર યુનિટના અભિપ્રાય પ્રમાણે માથાની ઈજા જેમાં ખોપડીમાં અને ખોપડીની બહાર અને ખોપડીની અંદર ઈજાઓ હતી. જી.સી.એસ. ૧૩ X ૧૫ હતું. આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. આ બાબતનું પ્રમાણપત્ર તેઓએ આપેલું જે પ્રમાણપત્ર આંકઃ ૮૨થી રજૂ રાખેલ છે.

(૪૪.૧) **PW8** બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, એસ.એસ.જી. હોસ્પિટલમાં એક્ષ-રે માટેનો અલગ વિભાગ આવેલ છે. દર્દી તેમની પાસે આવ્યા બાદ તેઓએ સારવાર માટે સર્જરી યુનિટમાં મોકલી આપેલ.તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ ઈજા પામનારને તેમની સમક્ષ લાવવામાં આવેલા. દર્દીની સાથે તેના સગા આવેલા તેઓ ડોક્ટર રહીશાબેન આનંદની રીફર નોટ લઈને તેમની પાસે આવેલ. દર્દી પોલિસ યાદી સાથે આવેલ નહી. દર્દી તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ સર્જીકલ યુનિટ-એની સલાહ વિરુધ્ધ પોતાની જાતે જતા રહેલા. ઈજા પામનારની સારવાર સર્જીકલ યુનિટ-એના ડોક્ટરશ્રીએ કરેલી. ઈજા પામનારના એક્ષ-રે તેમજ રેડીયોલોજીસ્ટના રીપોર્ટ માટેની કાર્યવાહી

સર્જીકલ યુનિટ–એ ના ડોક્ટરની સલાહ મુજબ થયેલા. તેઓએ ઈજા પામનારની કોઇ સારવાર કરેલ નથી. દર્દીને દયારામ ઉદેસિંહ જાદવ નામના વ્યક્તિ કે જેઓ દર્દીના ભત્રીજા થાય છે તેઓ તેમની પાસે લઇને આવેલા. તેઓ સમંત છે કે કોઇ પણ ઈજા પામનારની પ્રથમ સારવાર કરનાર ડોક્ટર દર્દીને થયેલ ઈજા બાબતની જાણકારી આપી શકે. હાલના કેસમાં રીફર નોટ રજૂ કરેલ નથી. સીટી સ્કેન વિભાગ પણ તેઓની હોસ્પિટલમાં અલગથી આવેલ છે. કોઇ ફોર્સથી દર્દીને થયેલ માથાની ઈજાના ભાગે પથ્થર વાગે તો સર્ટીફીકેટમાં જણાવેલ માથાની ઈજા સંભવી શકે. તેમની પાસે દર્દીને જ્યારે લાવવામાં આવ્યા ત્યારે માત્ર માથાની ઈજા તેઓએ જોયેલી. દર્દીને થયેલ ઈજાનો ચોક્કસ અભિપ્રાય સારવાર કરનાર ડોક્ટર પણ આપી શકે. આંક–૮૨ વાળા સર્ટીફીકેટમાં "This Certificate is not for Court" લખેલ છે. તેઓએ આ આંક–૮૨ વાળુ સર્ટીફીકેટ આપ્યા બાદ પોલીસ તેમની પાસે કોઇ આખરી સર્ટીફીકેટ લેવા માટે આવેલ નથી. આંક–૮૨ વાળુ સર્ટીફીકેટ ઇ.પી.આર. બુક તથા સર્જરી યુનિટ–એ ના દર્દીના કેસ પેપર્સના આધારે તૈયાર કરવામાં આવેલુ. તેઓએ ઇન્જરીની ડીટેઇલ તથા હથિયાર વિષે કોઇ અભિપ્રાય આપેલ નથી.

(૪૪.૨) **આમ, ફરિયાદ પક્ષે તપાસેલ ઉપરોક્ત સાક્ષીઓની જુબાનીમાં રેકર્ડ પર આવેલ મેડિકલ એવિડન્સની સંયુક્ત રીતે ચર્ચા કરીએ તો ઈજા પામનાર સામંતસિંહ મેલાભાઈ જાદવને આ બનાવમાં જમણા ફ્રન્ટો પેરાઈટોટેમ્પરો ઓક્સીપીટલ રીઝનમાં સબડ્યુરલ હેમરેજ હતું તથા જમણા સેરીપ્રલ એમીઝફીયરમાં આવેલ સરકાઈ ખસેલી હતી અને નજીક આવેલ હતી જે જમણા સેરીપ્રલ ઈડીમાં દર્શાવે છે તથા જમણા લેટરલ વેન્ટ્રીકલ મધ્ય લાઈન તરફ ૮.૩**

મીલી મીટર જેટલા ડાબી તરફ ખસેલા હતા. બંને બાજુના ફ્ન્ટ્રલ, પેરાઈટલ અને જમણા ટેમ્પરલ રીઝનમાં સબ ઍરેકનોઈડ હેમરેજ હતું તેમજ જમણા ફ્ન્ટ્રલ અને રાઈટ ગેન્ગલીઓ કેપ્સ્યુલર રીઝીયનમાં હેમરેજી કન્ટ્યુજન હતો. જમણા સીલબીયન ફીસલ, ફ્લેક્સ સેરીબ્રાઈ અને બંને બાજુના ટેન્ટોરીયમ સેરીબીલાઈમાં લોહી જામેલુ હતું. જમણા પેરાઈટલ બોન કોમ્યુનિટેલ ડીપ્રેસ ફ્રેક્ચર હતું જે ૧૦ મીલી જેટલું વધુમાં વધુમાં ડીપ્રેસ હતું. જમણો ફ્ન્ટલ બોનમાં લીનિયર નોન ડીપ્રેસ્ડ ફ્રેકચર હતું. સારવાર કરનાર યુનિટના અભિપ્રાય પ્રમાણે માથાની ઈજા જેમાં ખોપડીમાં અને ખોપડીની બહાર અને ખોપડીની અંદર ઈજાઓ હતી. જી.સી.એસ. ૧૩ **X** ૧૫ હતું. આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી.વધુમાં તેમને જુબાની આપવા માટે લાવવામાં આવ્યા ત્યારે પણ વ્હીલચેર ઉપર લાવવા પડેલા છે. આ મેડિકલ એવિડન્સથી એટલું ચોક્કસથી સાબિત થાય છે કે આ બનાવમાં ઈજા પામનાર સામંતસિંહને માથાના ભાગે એટલે કે વાઈટલ પાર્ટ ઉપર ગંભીર વ્યથા થયેલી અને આ ઈજા મૃત્યુ નીપજાવા માટે પૂરતી કહી શકાય તેવી ગંભીર હતી. અહીં સાથે સાથે એક વાતની નોંધ લેવી જરૂરી છે કે શું બનાવ બાદ સામંતસિંહ સભાન અવસ્થામાં રહેલા? જો હા, તો તેમણે મેડિકલ ઓફિસર સમક્ષ હિસ્ટ્રી કેમ નોંધાવેલી નહીં? કેમ કોઈ ફરિયાદ આપેલી નહીં? બનાવ બાદ તુરંત કોણે તેમના ઉપર હુમલો કર્યો તે સંબંધિત કોઈ વિગતો અન્ય કોઈ સમક્ષ જાહેર કરેલી કે કેમ? આ બધા સવાલોના જવાબ શોધવા માટે સામંતસિંહની મેડિકલ હિસ્ટ્રી તપાસીએ તેમજ ફરિયાદ પક્ષે રજૂ કરેલા અન્ય દસ્તાવેજી આધાર પુરાવાઓ જોઈએ ઈજા થયા બાદ તેઓ બેભાન થઈ ગયેલા અને બેભાન હાલતમાં જ તેમને સારવાર માટે જુદી જુદી હોસ્પિટલે લઈ જવામાં આવેલા છે. તારીખ ૨૪ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ

સાંજના છ વાગે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર વડોદરા શહેર દ્વારા ઈજા પામનાર સામંતસિંહનું ડાઇંગ ડેક્લેરેશન નોંધવાની કોશિશ થયેલી પરંતુ મેડિકલ ઓફિસરનો રિપોર્ટ જોતા તારીખ 24 ડિસેમ્બર 2018 ના રોજ સાંજના છ વાગે સામંતસિંહ ગુજરાત કિડની હોસ્પિટલ વડોદરા ખાતે દાખલ હતા અને ત્યાં સભાન અવસ્થામાં ન હતા. આમ બનાવના બીજા દિવસ સુધી તેઓ ભાનમાં આવેલા ન હતા. તે કારણે તેમણે જાતે કોઈ મેડિકલ હિસ્ટ્રી આપેલી નથી કે તેમણે બનાવના બીજા દિવસ સુધી તેમના ઉપર કોણે હુમલો કર્યો તેવી કોઈ વિગતો સ્વભાવિક પણે જાહેર કરેલી નથી અને તે જ કારણે તેમણે જાતે ફરિયાદ પણ આપેલી નથી.

(૭૫) આ બનાવમાં ઈજા પામનાર સીતાબેન સનાભાઈ પરમાર ને મોઢાના ડાબી બાજુના ભાગે હાડકાનું ફ્રેક્ચર થયેલું આમ છે તેણીને ગંભીર વ્યથા થયેલી તેવું રેકોર્ડ ઉપર આવેલું છે તેવી જ રીતે આ બનાવમાં ઈજા પામનાર માણેકબેન ધુળાભાઈને બંને ખભાના ભાગે અને મોઢા ઉપર ઈજા થયેલી હતી, આ વ્યથા સાદી વ્યથા માલુમ પડેલી. તેવી જ રીતે આ બનાવમાં ઈજા પામનાર પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ બળવંતસિંહ નાઓને ડાબા હાથે પથ્થર વાગવાથી સાદા પ્રકારની ઈજા થયેલી હતી તેવું મેડિકલ એવિડન્સથી પુરવાર થયેલ છે અને બચાવ પક્ષની ઉલટ તપાસ ને ધ્યાને લેતા પણ આ હકીકતોનું કોઈ રીતે ખંડન થતું નથી. બચાવપક્ષે જોકે મહદઅંશે ઈજા પામનાર સાક્ષીઓએ ડોક્ટર સમક્ષ જણાવેલી હિસ્ટ્રીમાં આરોપીઓના નામ અને કયા હથિયારથી તેમની ઈજા પહોંચાડવામાં આવી છે તેવી વિગતો જાહેર કરેલી નહીં તેના ઉપર ખાસ ભાર મુકેલ છે અને તમામ ડોક્ટર શ્રીની જુબાનીમાં દર્દી દ્વારા કે અન્ય કોઈ દ્વારા આપવામાં

**આવેલી હિસ્ટ્રીમાં હુમલાખોરોના નામ કે તેમણે કયા અત્યારથી હુમલો કરી ઈજા પહોંચાડી તેવી વિગતો જાહેર થયેલી નહીં હોવાનું મેડિકલ ઓફિસર શ્રીઓએ સ્વીકારેલ છે. આમ મેડિકલ એવિડન્સ જોવામાં આવે તો ઈજા પામનાર ચારેય સાક્ષીઓને કેવી ઈજાઓ થયેલી તેટલું સાબિત કરવામાં ફરિયાદ પક્ષ જરૂરથી સફળ રહેલ છે. પરંતુ આ સાક્ષીઓને ઈજાઓ કોણે કરી અને કેવી રીતે કરી? કયા હથિયારથી કરી તે અંગેના ન્યાયિક નિર્ણયમાં કે તે અંગેના તારણ ઉપર પહોંચવામાં ડોક્ટરોની જુબાની વિશેષ ઉપયોગી જણાતી નથી.**

**<u>પોલીસ શાહેદોઃ</u>**

(૪૬) ફરિયાદપક્ષે **PW25 આંકઃ ૧૩૧થી ભાનુભાઈ શીવાભાઈ મકવાણાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ, તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ સદર ગુનાની ફરિયાદ ગુનો રજીસ્ટર કરવા મળતાં તેઓએ ગુનો રજીસ્ટર કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી તે સ્ટેશન ડાયરીની ઓનલાઈન પ્રમાણિત નકલ આંકઃ ૧૩૨ થી રજૂ રાખેલ છે.

(૪૬.૧) **PW25** બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, આહીર સાહેબ રૂબરૂની ફરિયાદનો ગુનો રજીસ્ટર કર્યા સિવાય તેઓએ બીજી કોઈ કાર્યવાહી આ કામે કરેલી નથી. તેમને આંક-૬૦ વાળી ટેલિફોન વર્ધી તા. ૨૪/૧૨/૨૦૧૮ ના કલાક ૦૦-૧૦ વાગે મળેલી તેમાં બનાવના સ્થળનો ઉલ્લેખ હતો નહીં. તે વર્ધીમાં બનાવ સાડા આઠ વાગ્યાની આસપાસ બનેલાનું જાહેર થયેલું અને આ કામનો ગુનો તા. ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ કલાક ૦૦-૪૫ વાગે જાહેર થયેલો. આમ આ સાક્ષીની જુબાની

જોતા ગુનો ચાર કલાકના વિલંબથી નોંધાયેલો છે તેવું પ્રતિપાદિત થાય છે.

(૪૭) ફરિયાદપક્ષે **PW27 આંકઃ ૧૭૪થી તપાસ કરનાર અમલદાર નિતીરાજસિંહ સુખદેવસિંહ ઝાલાને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તેઓએ સદર ગુનાની આગળની તપાસ સંભાળી તપાસની કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે અને તેઓએ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરેલું છે.

(૪૭.૧) **PW27** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, આ ગુનાની મોટાભાગની તપાસ પો.સ.ઈ. શ્રી એન.એમ. આહિરે કરેલી. પો.સ.ઈ. શ્રી આહિર સાહેબે કરેલી તપાસના કાગળો તેમને મળેલા અને તેનો તેઓએ અભ્યાસ કરેલો. આહિર સાહેબે તેમની તપાસ દરમિયાન બિલકીશબાનું મહેબૂબખાન પઠાણ, મહેબૂબખાન મહંમદખાન પઠાણ, રફીકનબાનુ જાકીરઅલી સૈયદ, હાફીજઅલી સૈયદઅલી સૈયદ, કાલેખાન અહેમદખાન પઠાણનાઓના નિવેદનો નોંધેલા. તેઓએ તપાસ સંભાળ્યા બાદ ઉપરોક્ત શાહેદોના વિશેષ નિવેદનો તા. ૨૫/૦૩/૨૦૧૯ ના રોજ નોંધેલા. એન.એમ. આહિર સાહેબે જે આરોપીઓને અટક કરેલા તેમના વિરુદ્ધ તેમની તપાસમાં કોઈ વિશેષ પુરાવા મળેલા નહી.

(૪૮) ફરિયાદપક્ષે **PW28 આંકઃ ૧૭૭થી તપાસ કરનાર અમલદાર નટવરભાઈ માનાભાઈ આહિરને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે ભાદરણ પો.સ્ટે.ની હદના વિસ્તારમાં આવેલ પીપળી ગામ

તથા દસકાપુરા વિસ્તારમાં મુસ્લિમ કોમમાં લગ્નપ્રસંગ હતો. આ લગ્નપ્રસંગમાં બાઈક પાર્ક કરવા બાબતે હિન્દુ અને મુસ્લિમ છોકરાઓ વચ્ચે બોલાચાલી થયેલી. બંને પક્ષના આગેવાનોએ ભેગા થઈને ફરિયાદ કરવાની ના પાડી. જેથી ત્યાં તેઓએ પોલીસ બંદોબસ્ત ગોઠવેલો. તે બાબતની તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલી. ત્યારબાદ તે જ દિવસે રાતના સાડા નવેક વાગે પોલીસના માણસો દસકાપુરા વિસ્તારમાં હાજર હતા તે દરમિયાન ત્યાં હાજર પોલીસ હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈએ તેઓને જાણ કરેલી કે દસકાપુરાની ભાગોળે હિન્દુ તથા મુસ્લિમના સામસામે ટોળાઓ ભેગા થયા છે. **જેથી તેઓ સરકારી વાહન તથા બીજા પોલીસના માણસો સાથે જગ્યા ઉપર પહોંચી ગયેલા. તે દરમિયાન કેટલાક મુસ્લિમ માણસોએ હિન્દુ પક્ષના ટોળા ઉપર અને હિન્દુ પક્ષના ટોળાએ મુસ્લિમ પક્ષના ટોળા પર સામસામે પથ્થરો મારવા લાગેલ તેમજ ગાળાગાળી કરવા લાગેલા. તે બંને પક્ષમાં કેટલાક માણસો પાસે ધારિયા તથા લાકડીઓ હતી. તે પથ્થરમારામાં તેઓના સરકારી વાહનનો આગળનો કાચ તોડી નાખેલો. મુસ્લિમ ટોળા તરફથી કેટલાક માણસોએ રીક્ષા પર પથ્થરમારો કરેલો અને રીક્ષાને નુકશાન પહોંચાડેલું અને તેઓની સાથેના પો.કો. કુલદિપસિંહ બળવંતસિંહને હાથે કંઈક વાગવાથી ઈજાઓ થયેલી. આ બંને ટોળાઓ હિંસક સ્વરૂપ ધારણ કરતા હોય તેઓ પોલીસ સાથે મળી જરૂરી બળપ્રયોગ વાપરી બંને ટોળાઓને વિખેરી નાંખેલા.** આમાં મુસ્લિમ ટોળાના માણસોએ પથ્થરમારામાં બે સ્ત્રીઓને જેમાં એક સીતાબેન શનાભાઈ પરમાર તથા બીજા માણેકબેન વા/ઓ ધુળાભાઈ પરમારને માથામાં તથા શરીરે ઈજાઓ કરેલી જેથી તેઓ તેમને સારવાર માટે ૧૦૮ ગાડી મારફતે મોકલવાની તૈયારી કરતા હતા. તેમાં મુસ્લિમ પક્ષના એક ઈસમને પણ ઈજા

થયેલી. **આ દરમિયાન આ મુસ્લિમ ટોળાના માણસો દોડતા ભાથીજી મંદિર તરફ ગયેલા અને ત્યાં હિન્દુ કોમના માણસો પણ પહોંચી ગયેલા. ત્યાં હિન્દુ કોમના માણસો મુસ્લિમની એક રીક્ષાને આડી પાડી તોડફોડ કરતા હતા. સામે પક્ષે મુસ્લિમ કોમના માણસો પૈકી હજરતઅલી કાસમઅલી સૈયદ તથા તેનો દિકરો ઈકબાલ ઉશ્કેણી કરી સાલાઓને મારી નાખો તેમ જણાવી હિન્દુ ટોળાના માણસો સાથે ઝઘડો કરવા લાગેલા જેથી તેઓ તથા પોલીસના માણસો તે ટોળાના માણસોને છુટા પાડતા હતા તે દરમિયાન હિન્દુ ટોળાનો એક માણસ જમીન પર રીક્ષા નજીક પડેલો અને તેના માથામાંથી લોહી નિકળતું હતું જેથી ૧૦૮ મોબાઈલ વાન સારવાર માટે લઈ જવા માટે બોલાવેલ. તે ઈજા પામનારનું નામ પુછતા તેણે પોતાનું નામ સામંતસિંહ મેલસિંહ જાદવ હોવાનું જણાવેલ અને તેણે જણાવેલ કે હજરતઅલી કાસમઅલી સૈયદે માથામાં પાછળના ભાગે ધારીયાનો ઘા કરેલો છે.** ત્યારબાદ ઈજા પામનાર સામંતસિંહને ૧૦૮ માં સારવાર માટે મોકલી આપેલ અને તેઓ તથા બીજા માણસોએ પરિસ્થિતિ થાળે પાડેલી. આ સમગ્ર બનાવ બાબતે તેઓની સાથેના હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ મહીજીભાઈએ તેઓની રૂબરૂ ફરિયાદ આપેલી. તેમના લખાવ્યા મુજબની ફરિયાદ તેઓએ લખી લીધેલી. આ બનાવમાં સરકારી વાહનને આશરે દસેક હજાર જેટલું નુકશાન થયેલું. ત્યારબાદ તેઓએ સદર ગુનાની આગળની તપાસ સંભાળી એફ.એસ.એલ.ની ટીમ તથા ઉપરી અધિકારીઓને જાણ કરી એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પર બોલાવેલા. ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચો રૂબરૂ ફરિયાદી દિલીપસિંહે બતાવેલ જગ્યાએ તેઓની રૂબરૂ તથા એફ.એસ.એલ. ઓફિસરની હાજરીમાં કરવામાં આવેલું. લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા વિગેરે તપાસની કરેલ

કાર્યવાહીનો પુરાવો આપેલ છે. વધુમાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ આરોપી ઈકબાલઅલી હજરતઅલી સૈયદએ પંચો રૂબરૂ ગુનામાં વાપરેલ હથિયાર કાઢી બતાવવાનું કહેતા પંચો રૂબરૂ તેમને બતાવેલ જગ્યાએ જઈ આરોપીએ તેના ઘરના ખૂણામાંથી એક લાકડી રજુ કરેલી અને જે પંચો રૂબરૂ કબજે કર્યાનું જણાવેલ છે. તેઓએ તા. ૦૮/૦૧/૨૦૧૯ના રોજ આરોપી હજરતઅલીનું શરીરસ્થિતિનું પંચનામુ કરવામાં આવેલું. ત્યાર બાદ તા. ૧૦/૦૧/૨૦૧૯ ના રોજ આરોપીએ ગુનામાં વાપરેલ હથિયાર તેના ભેંસો બાંધવાના અડાળામાંથી એક ધારિયુ કાઢી બતાવેલ તે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલું. ત્યારબાદ આરોપી મગનભાઈ રામજીભાઈ મકવાણા હાજર થતા અટક કરેલ અને તેઓએ ગુનામાં વાપરેલ ધારીયું રજુ કરતા તેને પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલું. ત્યાર બાદ ઈજા પામનાર સામંતસિંહનું નિવેદન લેવામાં આવેલું અને તેઓના સારવાર સર્ટીફીકેટ મેળવવામાં આવેલા. તેઓએ ગુના વખતે પહેરેલ કપડા પેન્ટ તથા શર્ટ રજૂ કરતા પંચનામાની વિગતે કબજે લઈને કામમાં સામેલ રાખેલા. વધુમાં સદર શાહેદ આંક–૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૩, ૯૪, ૯૬, ૧૦૨, ૯૭ વાળા પંચનામા જોઈ જે તમામ પંચનામાઓમાં પંચોએ તેમની રૂબરૂમાં સહીઓ કરેલી અને રૂબરૂમાં તેઓએ તેમની સહીઓ કરેલી તે તે જ હોવાનું ઓળખી બતાવે છે.

(૪૮.૧) **PW28** તે બચાવપક્ષ તરફની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, ફરીયાદ તેમની રૂબરૂ નોંધાયેલી અને ગુનાની તપાસ પણ તેઓએ કરેલી. તા. ૨૩/૧૨/૨૦૧૮ની સ્ટેશન ડાયરીની તપાસની નોંધ તપાસના કામે સામેલ રાખેલી નહી. બંને

પક્ષમાંથી કોઇએ સામસામે ફરીયાદ આપેલી નહી. તા. ૨૩/૧૨/૨૦૧૮ના પ્રથમ બનાવના અનુસંધાને પીપળી ગામે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલો. પીપળી ગામ અને દસકાપુરા બંને અલગ અલગ વિસ્તારો છે. બનાવ સમયે તેઓ મોબાઇલ ફોન ધરાવતા હતા. તેઓ તથા પોલીસના માણસો સરકારી વાહન લઇને બનાવની જાણ થયેલ તે અનુસંધાને દસકાપુરા ગયેલા. બપોરના બનાવ અનુસંધાને સામસામી ફરીયાદ કરવી નથી તેવુ બંને પક્ષોએ ભાદરણ પો.સ્ટે. માં તેઓ સમક્ષ જાહેર કરેલું. તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ જેમની દિકરીનું લગ્ન હતુ તે મુકદ્દરઅલી બાહુદ્દીન સૈયદ આ કેસમાં આરોપી તરીકે નથી. **દસકાપુરા અને પીપળી ભાથીજીવાળુ ફળિયા વચ્ચે આશરે દોઢેક કિલોમીટર જેટલુ અંતર છે.** તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ તેઓ રાત્રિના નવ-સવા નવ વાગે દસકાપુરા મુકામે પહોંચેલા. તેઓ ત્યાં પહોંચ્યા તે વખતે બપોરનો જે બનાવ બનેલો તે કારણે ત્યાં પોલીસ બંદોબસ્ત મુકાયેલો હતો અને પોલીસની હાજરી હતી. પોલીસ કર્મચારી કુલદિપસિંહને પથ્થરમારામાં ઈજા થઇ છે તેવી જાણ તેઓને ફરીયાદી દિલીપસિંહે કરેલી. સામસામા પથ્થરમારાની દસકાપુરા મુકામે જે ઘટના ઘટી તે વખતે તેઓ ત્યાં મોજૂદ ન હતા. **ત્યારબાદ જણાવે છે કે પથ્થરમારો ચાલુ હતો અને તેઓ ત્યાં પહોંચી ગયેલા. સામસામો પથ્થરમારાનો જે બનાવ બનતો હતો અને પોલીસ ત્યાં પહોંચી અને તેઓને વિખેર્યા તે બનાવનો અંત સાડા નવથી પોણા દશ વાગે આવેલો. દસકાપુરા મુકામે પથ્થરમારાના બનાવનો અંત આવ્યો તે વખતે તેમની સાથે આ કામના ફરિયાદી દિલીપસિંહ મહીજીભાઈ, પોકો કુલદિપસિંહ, એએસઆઇ સુરેશભાઈ, હેડકો સિમોનભાઈ, હેડકો દિનેશભાઇ તથા પોકો વિશ્વજીતસિંહ વિગેરે પોલીસના માણસો મારી સાથે હતા.** તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૦૮-૦૦

થી ૦૯–૩૦ દરમિયાન બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલું. બનાવવાળી જગ્યાનું પંચનામુ તેમની રૂબરૂ કરવામાં આવેલુ તે પહેલા આ કામની ફરિયાદ તેમની રૂબરૂ જાહેર થઇ ગયેલી. તેમની રૂબરૂની ફરીયાદમાં જે રીક્ષાને આડી પાડી તોડફોડ કર્યાનું જાહેર થયેલ તે રીક્ષાનો નંબર ફરીયાદમાં જાહેર થયેલો નહી. **તેમની રૂબરૂની ફરિયાદમાં તેઓના સરકારી વાહનનો કે ખાનગી વાહનનો કોઈ નંબર જાહેર થયેલ નહી. તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે સામંતસિંહ રીક્ષાની નજીક પડેલા હતા.** એફ.એસ.એલ. અધિકારી સ્થળ પરિક્ષણ માટે તા. ૨૫/૧૨/૨૦૧૮ ના રોજ સ્થળ પર આવેલા જ્યારે બનાવવાળી જગ્યાનું પંચનામુ તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ થયેલુ. તેમની રૂબરૂની ફરીયાદમાં સરકારી વાહનને કેટલું નુકશાન થયેલું તે ફરીયાદીએ ફરીયાદમાં જાહેર કરેલુ નહી. તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ ગુનાવાળી જગ્યાના પંચનામા સમયે કોઇ મુદ્દામાલ બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ નહી. આરોપી હજરતઅલીને અટક કરેલ તેનું નિવેદન લીધેલું. કોઇ પણ આરોપીઓની મોબાઇલ કોલ ડીટેઇલ્સ તપાસના કામે મેળવી રજૂ કરેલી નથી. **શાહેદ અશોકભાઇ મેલાભાઇ તે ઈજા પામનાર સામંતસિંહના ભાઇ થાય છે. તેઓએ શાહેદ અશોકભાઇ મેલાભાઇના બે વાર નિવેદન લીધેલા. ઈજા પામનાર સામંતસિંહ મેલાભાઇ જાદવએ તેમની રૂબરૂના નિવેદનમાં તેઓને તેમના ભાઇ અશોકભાઇ છોડાવવા આવેલાનું જણાવેલુ નહી.** વધુમાં સદર શાહેદે એવું સ્વીકારેલ છે કે, આજ રોજ નામદાર કોર્ટમાં ઓનલાઇન જુબાની આપવા માટે હાજર થયેલ તે પહેલા આ ગુનામાં તેઓએ કરેલ તપાસના નિવેદનો અને મેળવેલ દસ્તાવેજી પુરાવાનો તેઓએ અભ્યાસ કરેલો છે. **તેઓએ શાહેદોના નિવેદનો અલગ અલગ સ્થળે જઇને નોંધેલા છે. તમામ પોલીસ**

**કર્મચારીઓના નિવેદનો નામ સરનામા સિવાયની વિગતો સાયક્લોસ્ટાઈલ છે. તા. ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ તેઓએ અશોકભાઈ મેલાભાઈનું નિવેદન નોંધેલું જેમાં પ્રથમ નિવેદનમાં શાહરૂખ ઐયુબ દિવાન બનાવ સ્થળે હાજર હતા તેવું લખાવેલ.** તે અનુસંધાને તેઓએ તપાસ કરતા શાહરૂખ દિવાન તા. ૨૩/૧૨/૨૦૧૮ અને તા. ૨૪/૧૨/૨૦૧૮ દરમિયાન શ્રદ્ધા હૉસ્પિટલમાં હતા તેવું ખુલેલું માટે તેમને આરોપી બનાવેલ નથી.

(૪૮.૨) તપાસ કરનાર અમલદાર કે જેઓ આ બનાવના નજરે જુના સાક્ષી પણ છે, તેમની જુબાની નું મૂલ્યાંકન કરીએ તો બચાવ પક્ષ તરફે જે ઉલટ તપાસ હાથ ધરાયેલી છે અને તેમાં જે સવાલો પૂછવામાં આવેલા છે તેનો અભ્યાસ કરતા બચાવ પક્ષ એ હકીકતનો સ્વીકાર કરે છે કે દસકાપુરા મુકામે રાત્રિના સમયે હિન્દુ અને મુસ્લિમ કોમના લોકો વચ્ચે જૂથ અથડામણ થયેલી અને સામસામો પથ્થરમારો થયેલો. દસકાપુરા અને ભાથીજી મંદિર બંને જુદા જુદા વિસ્તારો છે અને તેમની વચ્ચે થોડું અંતર છે તેવું આ સાક્ષીની જુબાનીથી પ્રતિપાદિત થાય છે. આ સાક્ષીની જુબાની મુજબ કુલ ત્રણ બનાવ બનેલા છે તારીખ ૨૩-૧૨-૨૦૧૮ ના રોજ પ્રથમ હિન્દુ અને મુસ્લિમ કોમના લોકો વચ્ચે દસકાપુરા મુકામે બાઈક મૂકવા બાબતે સવારના ભાગમાં સામાન્ય બોલાચાલી થયેલી પરંતુ તેની કોઈ ફરિયાદ નોંધાયેલી નહીં. ત્યારબાદ તે જ બનાવનાર અનુસંધાને રાત્રિના નવ સાડા નવ વાગ્યાની આસપાસ બંને કોમ વચ્ચે સામસામો પથ્થરમારો થયેલો અને તે જ અનુસંધાને ભાથીજી મંદિર વિસ્તારમાં પણ જૂથ અથડામણ થયેલી આમ કુલ ત્રણ બનાવ બનેલા છે. પ્રથમ બનાવ જે સવારના ભાગમાં બન્યો તે વખતે તપાસ કરનાર અમલદાર શ્રી ની ત્યાં કોઈ હાજરી ન હતી માટે તેમને તે અંગે કોઈ

જાત માહિતી નથી. બીજા બનાવ વખતે તેઓ પથ્થર મારો ચાલતો હતો ત્યારે દસકાપુરા મુકામે પહોંચી ગયેલા તેવું તેમનું કહેવું છે. દસકાપુરા મુકામેના બે જૂથ વચ્ચેના સામસામા પથ્થર મારામાં કયા જૂથમાં કોણ હાજર હતું તે બાબતે તેઓ કોઇ સ્પષ્ટતા કરતા નથી. સરકારી વાહનને કયા જૂથના પથ્થર મારામાં નુકસાન થયેલું તેની કોઈ સ્પષ્ટતા તેમની જુબાનીમાં થતી નથી. જે વાહનોને નુકસાન થયેલું તેના રજીસ્ટ્રેશન નંબરો શું હતા તેના માલિક કોણ હતા? તેવી પણ વિગતો સાક્ષીની જુબાનીમાં પ્રતિપાદિત થતી નથી. તેમણે જે પંચનામાં કર્યા છે તેની મોંઘમ વિગતો જણાવે છે કયા પંચોની હાજરીમાં કઈ તારીખે કેટલા વાગે કેવી રીતે પંચનામું કરવામાં આવ્યું અને પંચનામામાં શું મળી આવ્યું? મતલબ કે બનાવ સ્થળનું પંચનામું કર્યું તો બનાવ સ્થળ ની સ્થિતિ કેવી હતી ત્યાંથી શું કબજે કર્યું અને કેમ ન કબજે કર્યું તે અંગે તેઓ મોંઘમ વિગતો જણાવે છે અને વિસ્તૃત વિગતો જણાવતા નથી. આમ તપાસ કરનાર અમલદારની જુબાનીથી કોઈ પણ પંચનામાં યોગ્ય રીતે સાબિત થતા નથી. તપાસ કરનાર અમલદારની જુબાનીમાં એવું આવે છે કે ભાથીજી મંદિર પાસે ઈજા પામનાર સામંતસિંહ ઉપર જે હુમલો થયેલો તે બનાવ સ્થળે તેઓ પહોંચી ગયેલા અને તેમણે આરોપી હજરત અલી અને ઇકબાલ અલીને ટોળાને ઉછેરતા જોયેલાનું જણાવે છે. જોકે આ વિગતો તેઓ વધારીને જણાવતા હોય તેવું ચિત્ર ઉપસ્થિત થાય છે. કારણકે જ્યારે તેમને બચાવ પક્ષની ઉલટ તપાસમાં એવું પૂછવામાં આવ્યું કે દસકાપુરા મુકામેથી ભાથીજી મંદિર જવા માટે તેઓ નીકળ્યા ત્યારે આરોપી હજરત અલી કાસમ અલી સૈયદ તેમની સાથે બીજા ઈસમ સબીરખાન પઠાણ સાથે દસકાપુરા મુકામે હાજર હતા. તે સવાલનો જવાબ તપાસ કરનાર અમલદાર નકારમાં આપે છે. જોકે અગાઉ જેમ ચર્ચા કરી તેમ

ફરિયાદી દિલીપસિંહ ચૌહાણ અને ઈજા પામનાર કુલદીપસિંહ બળવંતસિંહની જુબાનીમાં એવું સ્પષ્ટ પણે રેકર્ડ પર આવેલું છે કે દસકાપુરા મુકામે બનાવ બન્યો તે વખતે આરોપી હજરતઅલી દસકાપુરા મુકામે મુસ્લિમ ટોળામાં હાજર હતા. વળી આ તપાસ કરનાર અમલદાર રૂબરૂ ફરિયાદી દિલીપસિંહે જે ફરિયાદ નોંધાવી છે તેમાં પણ તેમણે ઉપરોક્ત વિગતોનો ઉલ્લેખ કરેલો છે. આમ જાણી જોઈને તપાસ કરનાર અમલદાર ઉપરોક્ત વિગતોને નકારતા હોય તેવું સ્પષ્ટ થાય છે. વળી તેઓ વધારીને કેટલીક હકીકતો જણાવે છે તેમ કહેવાનું કારણ એવું પણ છે કે પોતાની જુબાનીમાં તપાસ કરનાર એમ જણાવે છે કે તેઓ ભાથીજી મંદિર વાળા વિસ્તારે ગયા ત્યારે ત્યાં હિન્દુ ટોળાનો એક માણસ જમીન પર પડેલો અને લોહી નીકળતું હતું અને તે વ્યક્તિને તેનું નામ પૂછતા પોતાનું નામ સામંતસિંહ મેલસિંહ જાદવ હોવાનું જણાવેલ અને હજરતઅલી કાસમઅલી સૈયદએ માથામાં ધારિયાનો ઘા મારેલાનું જણાવેલ. આમ તપાસ કરનારા અમલદારની સરતપાસ મુજબ તેઓ ભાથીજી મંદિર ગયા ત્યારે સામંતસિંહ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા અને બોલતા ચાલતા હતા. જોકે મેડિકલ એવિડન્સ જોવામાં આવે તો બનાવ બાદથી ઈજા પામનાર સામંતસિંહ બીજા દિવસ સુધી બેભાન અવસ્થામાં રહેલા છે. ખુદ સામંતસિંહની જુબાની જોઈએ તો તેઓ ઈજાગ્રસ્ત હાલતમાં હોય અને પીએસઆઇ નટવરભાઈ આહીર તેમની પાસે આવેલા હોય અને તેઓની પૂછપરછ કરી હોય તેવી કોઈ જ હકીકત જાહેર કરતા નથી. વળી આ બનાવવા વખતે પીએસઆઇ નટવરભાઈ આહીરની સાથે જ જે પોલીસ કર્મચારીઓ હતા તે ફરિયાદી દિલીપસિંહ ચૌહાણ અને ઈજા પામનાર કુલદીપસિંહ બળવંતસિંહ નાઓની જુબાની જોતા તેઓ ઘટના સ્થળે પહોંચ્યા તે વખતે ઈજા પામનાર સામંતસિંહ સભાન અવસ્થામાં હોય અને તેમણે પોતાનું

નામ જણાવ્યું હોય અને ઈજા પહોંચાડનારનું નામ જણાવ્યું હોય તેવી કોઈ વિગત જણાવતા નથી તેથી વિપરીત ઘટના સ્થળે અન્ય વ્યક્તિઓ પાસેથી ઈજા પામનારનું નામ જાણેલાનું સાક્ષીઓની જુબાનીમાં જાહેર થયેલ છે. આમ તપાસ કરનાર અમલદાર શ્રી આ હકીકતો વધારીને જણાવે છે તેવું સ્પષ્ટ થાય છે. વળી તપાસ કરનાર અમલદાર જે ઘટના સ્થળે સામંતસિંહ પડેલા હતા તેવું જણાવે છે તેનાથી સામંતસિંહની જુબાનીમાં ઘટનાનું સ્થળ કંઈક જુદું જ  રેકોર્ડ પર આવેલ છે. વળી અહીં એ બાબત પણ નોંધવા જેવી છે કે દસકાપુરા મુકામે સામસામો બે જૂથો વચ્ચે પથ્થરમારા નો બનાવ બન્યો તે વખતે પીએસઆઇ નટવરભાઈ આહીર દસકાપુરા મુકામે હાજર હતા અને તેમણે બળ વાપરીને બંને પક્ષોને વિખેરી નાખવાની કાર્યવાહી કરેલી. આંક-૧૮૭ વાળો વિસ્તરણ અધિકારી ભાજરણ દ્વારા બનાવવામાં આવેલો બનાવ વાળી જગ્યાનો નકશો જોઈએ તો ભાથીજી મંદિર વાળુ સ્થળ દસકાપુરાથી એકાદ કિલોમીટર દૂર આવેલું છે. આમ તપાસ કરનાર અમલદાર રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી દસકાપુરા મુકામે હતા. ઈજા પામનાર સામંતસિંહની જુબાની માં જેમ અગાઉ આપણે તારણ નોંધ્યું તે મુજબ સામંતસિંહ ઉપર જે હુમલો થયો તે શરૂઆતના સમયમાં જ થયેલો. આમ સામંતસિંહ ઉપરનો હુમલો શરૂઆતના ભાગમાં જ થયો હોય તો તે વખતે તપાસ કરનાર અમલદારની હાજરી દેખીતી રીતે ભાથીજી મંદિરે ન હતી પરંતુ દસકાપુરા જે જૂથ અથડામણ ચાલતી હતી ત્યાં હતી. આમ તેમની હાજરીમાં સામંતસિંહ ઉપર હુમલો થયો હોય તેવું બનેલું નથી પરંતુ તેઓ સામંતસિંહ ઉપર હુમલો થયા પછીથી ઘટના સ્થળે પહોંચેલા છે.

**બચાવ પક્ષનો પુરાવો:-**

(૪૯) બચાવ પક્ષે આરોપી નંબર– ૦૧ હઝરતઅલી કાસમઅલી સૈયદ દ્વારા એવી એલીબી લેવામાં આવેલી છે કે રાત્રિના સમયે ભાથીજી મહારાજના મંદિર પાસે જે બીજો બન્યો કે જેમાં સામંતસિંહ ઘાયલ થયા તે બનાવ સ્થળે આરોપી હજરતઅલી કાસમઅલી સૈયદ હાજર જ નહતા. પોતાના આ બચાવને સાબિત કરવા માટે તેમણે આંક– ૧૯૮ થી ખુદ સોગંદ ઉપર જુબાની આપેલી છે તથા અન્ય બે સાક્ષીને તપાસેલા છે.

(૫૦) આરોપી હજરત અલીએ પોતાના બચાવમાં **આંક 195 થી DW1 સૈયદ નીયાઝઅલી અનવરઅલી** ને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે આરોપી તેમના વેવાઈ થાય છે અને તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ દસકાપુરા મુકામે સૈયદ મકદર અલી બાઉદ્ધીનની દીકરીનું લગ્ન હતું આ લગ્નમાં તેઓ દસકાપુરા મુકામે ગયેલા. તેમનો મોબાઈલ નંબર ૮૧૪૧૩૯૧૪૨૦ છે. આ લગ્નમાં તેમના સગા સંબંધી ઈકબાલ અલી હઝરત અલી તથા હજરત અલી કાસમ અલી સૈયદ હાજર હતા. લગ્ન પ્રસંગ પત્યા પછી બપોરે ત્રણ વાગે પોતે પોતાના ઘરે આવેલા અને રાત્રે ૯–૦૦ વાગે પોતાના ઘરે હતા. તે વખતે તેમને જાણવા મળ્યું કે પીપળી ગામે આરોપીઓને ભાથીજી મંદિર પાસે ઝઘડો થયેલો છે. ઝઘડાની જાણકારી મળતા તેમણે તેમના વેવાઈ હજરતઅલી કાસમઅલીને ફોન કરેલો તો તેમણે કહેલું કે ઝઘડાની મને ખબર નથી હું દસકાપુરા મુકામે છું. આમ પીપળી મુકામે ભાથીજી મંદિર પાસે રાત્રિના સમયે જે બીજો બનાવ બન્યો તે વખતે બચાવ પક્ષના આ સાક્ષી હાજર ન હતા. બનાવ તેમની જાણકારી સાંભળેલી વિગતો આધારિત છે. આમ આરોપી હજરત અલી કાસમ અલી સૈયદ બનાવ સ્થળે હાજર ન હતા તે

એલએબીનો બચાવ આ સાક્ષીની જુબાનીથી સાબિત થઈ શકે તેમ નથી.

(૫૦.૧) વધુમાં આરોપી હજરતલીએ પોતાના બચાવમાં પોતાના દીકરા અને આ કેસના આરોપી એવા **ઈકબાલઅલી હઝરતઅલી સૈયદને આંક ૧૯૭** થી તપાસેલા છે તેમની જુબાની જોઈએ તો તેઓ જણાવે છે કે, તેઓ પીપળી ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સદસ્ય છે આરોપી હજરત અલી તેમના પિતા થાય છે. તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ મુકદ્દરઅલી સૈયદના ઘરે દીકરીનું લગ્ન હતું. બપોરના બપોરના ૧૨-૩૦ વાગ્યાની આસપાસ તેઓ ત્યાં જમવા માટે ગયેલા ત્યારે બાઈક મુકવા બાબતે સરપંચના પૌત્ર રાહુલ સાથે બોલાચાલી થયેલી અને સામસામે પથ્થરમારો થયેલો. જેથી તેમણે પીએસઆઇ શ્રી આહીરને પોતાના મોબાઈલ ઉપરથી ફોન કરેલો અને ત્યારબાદ પોલીસની ગાડી આવેલી અને બંને પક્ષોને છૂટા પાડેલા. ત્યારબાદ તારીખ ૨૩/૧૨/૨૦૧૮ ના રાત્રીના સમયે પોતે પોતાના ઘરે હતા. તે વખતે તેમના પિતા દશકા પુરા મુકામે હતા. તારીખ ૨૩-૧૨-૨૦૧૮ ના રાત્રીના સમયે ભાથીજી મંદિર પાસે એક રીક્ષામાં બેઠેલ વ્યક્તિઓ અને બીજા એક ટોળાં વચ્ચે જૂથ અથડામણ થયેલી તે બનાવની જાણકારી તેમણે પીએસઆઇને ફોન કરીને આપેલી. વગેરે મતલબની હકીકત જણાવે છે. આ સાક્ષી કે જેઓ આરોપીના પુત્ર છે અને પોતે પણ આ ગુનામાં આરોપી છે. પોતાના પિતાને મદદરૂપ થવા માટે પિતાની તરફેણમાં જુબાની આપે તે શક્યતાને ન કરી શકાય નહીં. પરંતુ તેમની જુબાનીને સાચી માની લઈએ તો પણ આ તમામ ઝઘડા નું મૂળ આરોપી એટલે કે આ સાક્ષી ઈકબાલ અલી અજરત અલી સૈયદ છે અને તેમણે જ બાઈક મુકવા બાબતે રાહુલ નામની વ્યક્તિ સાથે ઝઘડો તકરાર કરેલ

અને તેમાંથી જ સામસામે જૂથ અથડામણો થયેલી છે. આ સાક્ષી ઈકબાલ અલીની જુબાનીને સાચી માની લઈએ તો રાત્રિનો જે બનાવ બન્યો તે વખતે આરોપી હજરત અલી સૈયદ દસકાપુરા મુકામે જ હાજર હતા. આમ એક તબક્કે ભાથીજી મંદિર પાસે સામાન સિંહ ઉપર જે હુમલો થયો તે વખતે હજરત અલીની ત્યાં હાજરી ન હતી તેવું સાચું માની લઈએ તો પણ ખુદ આ સાક્ષીની જુબાનીથી એવું તો સાબિત થાય જ છે કે રાત્રિના બનાવ વખતે દસકાપુરા મુકામે આ સાક્ષીની હાજરી હતી. વળી ખુદ સાક્ષી ઉલટ તપાસમાં એવું સ્વીકારે છે કે દસકાપુરા મુકામે રાત્રિના સમયે હિંદુ મુસ્લિમ વચ્ચે સામસામે અથડામણ થયેલી અને ત્યાં પોલીસની હાજરી હતી. આમ આ સાક્ષીની જુબાની માં રેકર્ડ પર આવેલી ઉપરોક્ત હકીકતોથી ફરિયાદીએ જણાવેલી હકીકત કે દસકાપુરા મુકામે રાત્રિના સમયે હિંદુ મુસ્લિમ કોમ વચ્ચે સામસામે જૂથ અથડામણ થયેલી તે હકીકતને પણ અનુમોદન પ્રાપ્ત થાય છે અને તે રીતે ફરિયાદી ત્યાં હાજર હતા તે હકીકતનું પણ પરોક્ષ અનુમોદન ખુદ બચાવ પક્ષના સાક્ષીની જુબાનીથી થાય છે.

(૫૦.૨) વધુમાં આરોપી હજરત અલી કાસમ અલી સૈયદ એ પોતે પણ આંક- ૧૯૮ થી જુબાની આપી છે જેમાં તેઓ જણાવે છે કે તારીખ ૨૩-૧૨-૨૦૧૮ના રોજ દસકાપુરા કોલોનીમાં મુકદ્દરની સૈયદની દીકરીનું લગ્ન હતું અને આ લગ્નમાં તેઓ અને તેમના પરિવારજનો ગયેલા તે વખતે બપોરના ૧૨-૦૦ વાગ્યાના સમયે બાઈક મૂકવા બાબતે ઝઘડો થયેલો જેથી તેમના દીકરા ઈકબાલીએ પીએસઆઇ આહીરને ફોન કરેલો જેથી દસકાપુરા મુકામે પીએસઆઇ આહિર અને બીજા પોલીસના માણસો આવેલા અને તે ઝઘડા નું સમાધાન થયેલું. ત્યારબાદ રાત્રિના દસકાપુરા મુકામે મુકદ્દર અલીના દીકરી ની કારખાની રાખવામાં

આવેલી અને તેઓ આ નિકાસાની માં દસકાપુરા કોલોની ખાતે હાજર હતા. રાત્રિના સમયે ની યાજલી સૈયદ કે તેમના વેવાઈ થાય છે તેમને ફોન કરીને તેમને પૂછેલું કે તેઓ ક્યાં છે તો તેમણે જણાવેલ કે હું દસકાપુરા મુકામે છું. તો તેમના વેવાઈએ જણાવેલ કે ભાથીજી મંદિર આગળ ઝઘડો થયેલો છે આ ભાથીજી મંદિર દસકાપુરા થી દોઢેક કિલોમીટર દૂર આવેલું છે. આ બનાવ બાદ તેમણે પોલીસવાળાને અરજી કરેલી અને આ અરજીમાં તેમનું નામ ખોટું આપવામાં આવ્યું છે તેવી રજૂઆત કરેલી. ઊલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે દસકાપુરા અને ભાથીજી મંદિર વિસ્તાર દોઢેક કિલોમીટર દૂર આવેલ છે. આમ આરોપી હજરત અલીની જુબાની ને સાચી માની એ તો પણ ભાથીજી મંદિર પાસે સામંતસિંહ ઉપર થયેલા હુમલા વખતે તેઓ ભાથીજી મંદિર વિસ્તારમાં હાજર ન હતા તેવું માની શકાય પરંતુ તેમની જુબાની મુજબ જ દસકાપુરા મુકામે તેમની હાજરી હતી અને દસકાપુરા મુકામે જ હિન્દુ મુસ્લિમ કોમો વચ્ચે સામસામે જૂથ અથડામણ થયેલી તેવું પ્રતિપાદિત થાય છે. તેમની જુબાનીથી એ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે કે તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ દસકાપુરા મુકામે મુકદર અલી સૈયદની દીકરીનું લગ્ન હતું અને તે લગ્નમાં આરોપીના  દીકરાને બાઈક મુકવા બાબતે બોલાચાલી થયેલી અને તેમાંથી બંને જૂથો વચ્ચે ઝઘડો તકરાર થયેલ. આમ બનાવ કયા કારણે ઉદભવ્યો તે બાબતે આ આરોપીની જુબાની સ્વીકૃતિ સ્વરૂપની છે.

**<u>ઉપસંહાર:-</u>**

(૫૧) આમ ઉપરોક્ત સમગ્ર ચર્ચાનો સારાંશ જોઈએ તો તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ બપોરના સમયે દસકાપુરા મુકામે મુકદર અલી સૈયદની દીકરીનું લગ્ન હતું અને તે લગ્નમાં આરોપી

ઈકબાલ અલી હાજર રહેલા અને તેમને બાઈક મુકવા બાબતે સરપંચના પૌત્ર સાથે તકરાર થયેલી. તેની જાણ પોલીસને થતા ઘટના સ્થળે પોલીસ કાફલો પહોંચેલો પરંતુ બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ જવાથી આ ઘટનાની કોઈ ફરિયાદ નોંધાવવામાં આવેલી નહીં. પ્રથમ બનાવને સાક્ષીઓની જુબાનીથી પૂરતું સમર્થન પ્રાપ્ત થાય છે. બચાવપક્ષે ફરિયાદ પક્ષના સાક્ષીઓની ઉલટ તપાસમાં આ હકીકતને નકારતા કોઈ સવાલ પૂછેલા નથી. તેથી વિપરીત સાહેદ સામંતસિંહ મેલુસિંહ જાદવની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલી છે ઉપરોક્ત હકીકતને સ્વીકારેલ છે. વળી, ખુદ બચાવ પક્ષે તપાસવામાં આવેલા સાક્ષીઓની જુબાનીથી પણ અનુમોદન પ્રાપ્ત થાય છે. ખુદ આરોપી ઈકબાલઅલી હજરતઅલી સૈયદે પોતાની જુબાનીમાં આ હકીકતોનો સ્વીકાર કરેલો છે.

(૫૨) ત્યારબાદ તે જ દિવસે રાત્રિના આશરે ૯–૩૦ ના સુમારે ઉપરોક્ત બનાવના અનુસંધાને દસકાપુરા મુકામે હિન્દુ મુસ્લિમ કોમના ટોળા સામ સામે આવી ગયેલા અને તેમની વચ્ચે સામસામો પથ્થર મારો થયેલો આ વખતે પોલીસની ત્યાં હાજરી હતી. ફરિયાદી દિલીપસિંહ ચૌહાણ તથા સાહેદ કુલદીપસિંહ બળવંતસિંહની જુબાની તથા તપાસ કરનાર અમલદાર નટવરભાઈ આહીરની જુબાનીથી આ હકીકતોને પૂરતું સમર્થન પ્રાપ્ત થાય છે. તપાસ કરનાર અમલદાર શ્રી ની ઉલટ તપાસમાં જે વિગતો બચાવ પક્ષે રેકર્ડ પર લાવેલી છે તે મુજબ તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ બપોરના સમયે બનાવ બનેલો તેની ફરિયાદ નોંધાયેલી નહીં અને તે અનુસંધાને દસકાપુરા મુકામે પોલીસ બંદોબસ્ત મૂકવામાં આવેલો હતો. તપાસ કરનાર અમલદાર PW28 નટવરભાઈ આહીરની ઉલટ તપાસમાં બચાવ

પક્ષે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ રાત્રિના નવ સવા નવ વાગે તપાસ કરનાર અમલદાર નટવરભાઈ આહીર પોતે દસકાપુરા મુકામે પહોંચેલા. વળી દસકાપુરા મુકામે બે જૂથો વચ્ચે સામ સામે પથ્થર મારાની ઘટના ઘટી તેનો પણ ઉલટ તપાસમાં સ્વીકાર કરવામાં આવેલો છે. આમ આમ ફરિયાદ પક્ષના પુરાવાથી અને બચાવ પક્ષના સ્વીકારથી ઉપરોક્ત હકીકતો એટલે કે બનાવની રાત્રિના આશરે ૯–૩૦ સુમારે ઉપરોક્ત બનાવના અનુસંધાને દસકાપુરા મુકામે હિન્દુ મુસ્લિમ કોમના ટોળા સામ સામે આવી ગયેલા અને તેમની વચ્ચે સામસામો પથ્થર મારો થયેલો આ વખતે પોલીસની ત્યાં હાજરી હતી એ વ્યાજબી શંકારહિત સાબિત થાય છે.

(૫૩) આ બનાવમાં સાહેદ માણેકબેન ઝાલા PW17 અને સાહેબ સીતાબેન પરમાર PW18 ને ઈજાઓ થયેલી તે હકીકત વ્યાજબી શંકા રહીત રીતે સાબિત થતી નથી કારણ કે આ બંને સાક્ષીઓને તપાસવામાં આવેલા છે પરંતુ તેમણે પોત પોતાની જુબાનીમાં ફરિયાદ પક્ષના સમર્થન આપેલું નથી. માટે તેમને ઈજાઓ આ જૂથ અથડામણ માં થઈ છે અને આરોપીઓએ કરી છે તે હકીકત વ્યાજબી શંકા રહી જ રીતે સાબિત થતી નથી.

(૫૪) દસકાપુરા મુકામે તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ રાત્રિના સમયે જે સામસામે જૂથ અથડામણ થયેલી તેમાં કોન્સ્ટેબલ કુલદીપસિંહને હાથના ભાગે ઈજા થયેલી તે હકીકત કુલદીપસિંહની જુબાનીથી અને મેડિકલ એવિડન્સથી સાબિત થાય છે જેનું બચાવ પક્ષે કોઈ રીતે ખંડન કરેલું નથી. કુલદીપસિંહને થયેલી ઈજાઓ પથ્થર વાગવાથી સાદા પ્રકારની ઈજા થયેલી હતી. જોકે અહીં ફરિયાદ પક્ષના પુરાવામાં એવી કોઈ

જ સ્પષ્ટતા થતી નથી કે હિંદુ મુસ્લિમ કોમના બે જૂથો સામ સામે પથ્થરમારો કરતા હતા તે પૈકી કયા જૂથના પથ્થર મારાથી કોન્સ્ટેબલ કુલદીપ સી ને ઈજા થયેલી. તેવી જ રીતે ઘટના સ્થળે સરકારી વાહનને નુકસાન થયેલું તથા રીક્ષા ને નુકસાન થયેલું તેઓ ફરિયાદ પક્ષનો કેસ છે પરંતુ આ બંને વાહનોના નંબર શું હતા? રિક્ષાના માલિક કોણ હતા? કયા પક્ષના પથ્થર મારામાં આ વાહનોને નુકસાન થયેલું તે અંગે સ્પષ્ટ પુરાવો રેકોર્ડ પર આવેલો નથી.

(૫૫) વધુમાં ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે ત્યારબાદ ઉપયોગ બનાવનાર અનુસંધાને જ ત્રીજો બનાવ એટલે કે ભાથીજી મંદિર પાસે ઈજા પામનાર સામંતસિંહ મેલસિંહ પાનના ગલ્લે ચીજ વસ્તુ લેવા ગયેલા તે વખતે આરોપી શકીલ સિકંદર એ તેમને હાથમાં અને પગમાં લાકડીની બે ત્રણ ઝાપોટો મારેલી તથા આરોપી હજરતઅલી તથા આરોપી ઇકબાલઅલી તથા તોફીક સિકંદર નાઓ તથા આરોપી આશિક રમજુનાઓ તથા મુકદ્દર અલીનાઓ આ હુમલામાં સામેલ થઈ બીજા પામનાર સામંતસિંહ મેલસિંહને નિશાળ તરફ ખેંચી જઈ આરોપી શકીલ સિકંદર એ પકડી રાખી અને આરોપી હજરતલીએ સામંતસિંહને મારી નાખવાના ઈરાદે તેમના માથામાં ધાર્યું મારી જીવલેણ ઈજા પહોંચાડી તથા આરોપી મુકદ્દર અલીએ માથામાં લાકડીની ઝાપટ મારી ઈજા કરી તે મતલબનો ચાર્જ મારા પુરોગામી દ્વારા ફ્રેમ કરવામાં આવેલ છે.

(૫૬) અગાઉ આ બાબતે વિસ્તૃત ચર્ચા કરી તે પ્રમાણે બનાવ વાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલું છે તથા વિસ્તરણ અધિકારી દ્વારા બનાવ વાળી જગ્યાનો નકશો રજૂ કરવામાં આવેલો છે અને આ બંને દસ્તાવેજોમાં જે બનાવ સ્થળ દર્શાવેલું છે તે અને ઈજા

પામનાર સામંતસિંહની જુબાની માં જણાવેલું બનાવ સ્થળ બંને અલગ અલગ રેકર્ડ પર આવેલ છે. સાક્ષીઓની ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલા પુરાવા ને ધ્યાને લેતા  ભાથીજી મહારાજના મંદિર અને નિશાળ એ બંને સ્થળ વચ્ચેનું અંતર આશરે 100 મીટર કરતા દૂર છે. જ્યાં બનાવ બન્યો એટલે કે નિશાળ પાસે ખેંચી જઈને જો સામંતસિંહને ધાર્યું મારી માથામાં ગંભીર ઈજા કરવામાં આવી હોય તો નિશાળ પાસે તપાસ એજન્સીને લોહીના ડાઘ મળવા જોઈતા હતા. પરંતુ તપાસ એજન્સી એ જે પુરાવો રજૂ કરેલો છે તેમાં લોહીના ડાઘ ભાથીજી મંદિર પાસે રોડ ઉપર જોવા મળેલા છે. આમ  ઈજા પામનાર સામંતસિંહને માથાના ભાગે ધારિયુ મારવાના બનાવનું સ્થળ યોગ્ય રીતે સાબિત થયેલું નથી. તે અંગે  રેકોર્ડ પર આવેલો પુરાવો પરસ્પર વિરોધાભાસી છે. વળી ભાથીજી મહારાજના મંદિર પાસે ઈજા પામનાર સામંતસિંહને ધાર્યું મારવાનો જે બનાવ તોહમતનામામા વર્ણવામાં આવ્યો છે તે યોગ્ય રીતે સાબિત થયેલો નથી. ત્યાં આરોપી હજરત અલી સૈયદની હાજરી  વ્યાજબી શંકા રહીત સાબિત થયેલી નથી. તે બનાવ વખતે આરોપી હજરત અલી સૈયદની હાજરી દસકાપુરા મુકામે સામ સામે જૂથ અથડામણનો બનાવ બનતો હતો ત્યાં હતી તે મતલબનું સાબિત થયેલ છે. આ કેસમાં કુલ 19 આરોપીઓ છે જે પૈકી શકીલ સિકંદર નામના બે આરોપી છે એટલે કે શકિલ અને તેના પિતાનું નામ સિકંદર હોય તેવા બે આરોપીઓ છે. તેવી જ રીતે મુકદ્દરઅલી નામના બે આરોપી છે. અને સાક્ષીઓની જુબાનીમાં શકીલ સિકંદર સૈયદ કે શકીલ સિકંદર પઠાણ તેવી કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી,  તેવી જ રીતે આરોપી મુકદ્દરઅલી બાઉદીન કે મુકદ્દરઅલી અનવરઅલી એ બેમાંથી કોણ સામેલ હતા તે અંગે પણ સાક્ષીઓની જુબાનીમાં સ્પષ્ટતા થયેલી નથી કે તે બંને આરોપીઓ સામેલ હતા તેવી

પણ સ્પષ્ટતા સાક્ષીઓની જુબાનીમાં થતી નથી. આ પુરાવો મારા પુરોગામી વિદ્ધાન ન્યાયાધીશશ્રી સમક્ષં નોંધાયો તે વખતે પ્રોસીક્યુશન દ્ધારા સાક્ષીઓને આ બાબતની સ્પષ્ટતા પૂછતા સવાલો કરવા જોઈતા હતા એટલે કે સાક્ષી જયારે શકીલ નામના આરોપીનો ઉલ્લેખ કરે તો બે આરોપીઓ માંથી કયા શકીલનો ઉલ્લેખ કરે છે તેવી સ્પષ્ટતા પૂછવી જોઈએ તેવી જ રીતે સાક્ષી જયારે મુકદ્દર અલી નામના આરોપીનો ઉલ્લેખ કરે ત્યારે તેનું આખું નામ પૂછવું જોઈએ પરંતુ તેઓ આ કિસ્સામાં બનેલું નથી. આમ તે કારણે તે બંને આરોપીઓને આ શંકાનો લાભ પ્રાપ્ત થાય છે અને પરિણામ સ્વરૂપ ફરિયાદ પક્ષનો કેસ સામંતસિંહ ઉપર થયેલા હુમલાના સંદર્ભમાં નબળો પડે છે. સામંતસિંહ ની જુબાનીનું મૂલ્યાંકન અગાઉ વિસ્તૃત કરેલ છે માટે પુનરાવર્તનના દોષને ટાળવા માટે અહીં ફરીથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી પરંતુ સામંતસિંહની જુબાનીમાં તેમના ઉપર હુમલો કરનાર વ્યક્તિઓની ખરાઈ વ્યાજબી શંકા રહીત રીતે થતી નથી તેવું અત્રેની અદાલતે વિસ્તૃત ચર્ચાના અંતે તારણ નોંધેલું છે. વળી ઈજા પામનાર સામંતસિંહની ઉલટ તપાસમાં એવું રેકોર્ડ પર આવેલ છે કે આ તેમના ઉપર હુમલો થયો તે બનાવ જ્યાં બન્યો તે ચંદુભાઈના ગલ્લે બનેલો અને તે વખતે ત્યાં દિવાળીબેન મેલાભાઈ જાદવ, બુધાભાઈ પુંજાભાઈ જાદવ, સનાભાઇ પુંજાભાઇ પરમાર નવો હાજર હતા. જો આટલા સ્વતંત્ર સાક્ષીઓ ત્યાં હાજર હતા અને ખુદ ફરિયાદ પક્ષ પણ જે પ્રકારે કેસ લઈને આવેલ છે તે જોતાં ઈજા પામનાર ચંદુભાઈના ગલ્લે ચીજ વસ્તુ ખરીદવા ગયા ત્યારે તેમના ઉપર હુમલો થયો તો પછી સવાલ એવો ઉદભવે કે આ સ્વતંત્ર સાક્ષીઓને ફરિયાદ પક્ષે કેમ તપાસેલા નથી કે તેમને સાક્ષી તરીકે કેમ કોર્ટમાં રજૂ કરેલા નથી? અને જે સાક્ષી વાસ્તવમાં ઘટના સ્થળે હાજર ન હતા એવા

અશોકભાઈ મેલાભાઈ ને નજરેજોનાર સાક્ષી બનાવીને કેમ ખોટી રીતે રજૂ કરી દીધેલા છે? આ કિસ્સામાં ઈજા પામનાર સામંતસિંહને મરણતોલ ઈજાઓ થયેલી તેટલું જરૂરથી સાબિત થયેલ છે પરંતુ  સામંતસિંહ ઉપર કોણે હુમલો કર્યો તે બાબત ફરિયાદ પક્ષ વ્યાજબી શંકા રહીત રીતે સાબિત કરી શકેલ નથી.

(૫૭) ફરિયાદપક્ષનો એવો પણ કેસ છે કે સામસામા પથ્થર મારામાં કોન્સ્ટેબલ કુલદીપસિંહ બળવંતસિંહને હાથના ભાગે પથ્થર વાગવાથી સાદી ઈજા થયેલી. અહીં એ નોંધવું જરૂરી છે કે હિન્દુ અને મુસ્લિમ જૂથના બંને સભ્યો સામસામે એકબીજા વિરુદ્ધ પથ્થર મારો કરતા હતા તેવું સાબિત થયેલું છે. આમ હિન્દુ કોમના લોકોએ ગેરકાયદેસર મંડળી રચેલી તેવું સાબિત થાય છે. મુસ્લિમ કોમના લોકોએ પણ ગેરકાયદેસર મંડળી રચેલી તેવું પણ સાબિત થાય છે. વળી તારીખ 23 મી ડિસેમ્બર 2018 ના રોજ બપોરના સમયે બાઈક મૂકવા બાબતે આરોપી ઈકબાલ અલીને સરપંચના છોકરા સાથે જે તકરાર થયેલી તેમાંથી આ ઝઘડો ઉદ્ભવેલો છે. માટે બંને પક્ષોએ જે ગેરકાયદેસર મંડળી રચી છે તે પાછળ દરેક જૂથનો પોતાનો એક ચોક્કસ ઉદ્દેશ એટલે કે કોમન ઓબ્જેક્ટ હતો તેવું સાબિત થાય છે. હિન્દુ કોમના ટોળાનો કોમન ઉદ્દેશ મુસ્લિમ ઉપર પથ્થરમારો કરવાનો હતો અને મુસ્લિમ કોમના ટોળા નો કોમન ઓબ્જેક્ટ હિન્દુ ઉપર પથ્થર મારો કરવાનો હતો તેવું સાબિત થાય છે.  પરંતુ બંને કોમના ટોળા નો કોમન ઓબ્જેક્ટ પોલીસ ઉપર પથ્થરમારો કરવાનો હતો તેવું સાબિત થતું નથી.  માટે જ્યાં સુધી એવું સાબિત ન થાય કે ઈજા પામનાર કોન્સ્ટેબલ કુલદીપસિંહ બળવંતસિંહ ને બંને ગ્રુપ પૈકી કયા ગ્રુપના પથ્થર મારામાં ઈજા થઈ ત્યાં સુધી ચોક્કસ ગ્રુપને કોન્સ્ટેબલ કુલદીપસિંહની ઈજા

માટે દોષિત માની શકાય નહીં. વધુ સ્પષ્ટતા કરીએ તો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૯ મુજબનો ગુનો સાબિત થવા માટે ગુનાહિત મંડળીનો કોમન ઓબ્જેક્ટ સાબિત થવો જરૂરી છે. આ કિસ્સામાં હિન્દુ કોમના ટોળાનો કોમન ઓબ્જેક્ટ સાબિત થાય છે અને મુસ્લિમ કોમના ટોળાનો કોમન ઓબ્જેક્ટ સાબિત થાય છે અને તે બંનેનો કોમન ઓબ્જેક્ટ પરસ્પર વિરોધી છે. તે બંને ટોળાનો કોમન ઓબ્જેક્ટ એક જ નથી. માટે એક ટોળું કોઈ ગુનો કરે તેના માટે બીજું સામેનું ટોળું જવાબદાર બને નહીં. અહીં કોન્સ્ટેબલ કુલદીપસિંહ ને કયા ટોળાના પથ્થર મારામાં વ્યથા પહોંચી તે જ્યાં સુધી સાબિત ન થાય ત્યાં સુધી તેમને થયેલી ઈજા માટે બંને ટોળાના આરોપીઓને દોષિત માની શકાય નહીં. જો હિન્દુઓના ટોળા દ્વારા પથ્થરમારો કરવામાં આવતો હતો તેથી કોન્સ્ટેબલ કુલદીપ સિંહને ઈજા થઈ હોત તો આ કિસ્સામાં હિન્દુ ટોળાના જેટલા આરોપીઓને ચાર્જશીટમાં સમાવવામાં આવેલા છે તેમને ગુનાહિત મંડળીના સભ્ય તરીકે કોન્સ્ટેબલ કુલદીપસિંહની ઈજા માટે જવાબદાર ગણી શકતા. તેવી જ રીતે જો કોન્સ્ટેબલ કુલદીપસિંહને મુસ્લિમ પક્ષના ટોળાના પથ્થર મારામાં ઈજા થઈ છે તેવું જો રેકર્ડ પર આવતું તો મુસ્લિમ ગ્રુપના ગેરકાયદેસર મંડળીના તમામ સભ્યોને તે ઈજા માટે જવાબદાર ગણી શકાતા પરંતુ સાક્ષીઓની જુબાનીમાં ચોક્કસ કયા પક્ષના પથ્થર મારામાં કોન્સ્ટેબલ કુલદીપસિંહને ઈજા થઈ છે તે સાબિત ન થતું હોવાથી અને બંને પક્ષના ટોળા નો પોલીસ ઉપર હુમલો કરવાનો કોમન ઓબ્જેક્ટ ન હતો માટે બંનેમાંથી કોઈ પણ પક્ષને ગુનાહિત મંડળીના સભ્ય તરીકે કોન્સ્ટેબલ કુલદીપસિંહની ઈજા માટે જવાબદાર ઠેરવી શકાય નહીં.

(૫૮) આ બનાવમાં ફરિયાદ ચાર કલાકના વિલંબથી નોંધાવવામાં આવી છે માટે તેનો લાભ આરોપીને આપવો જોઈએ તે મતલબની દલીલ બચાવ પક્ષે કરેલી છે.

(૫૯) સૌપ્રથમ આ મુદ્દાને સમજવા માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સમયાંતરે આપેલા ચુકાદાઓમા કરેલા ઓબ્ઝર્વેશન અહીં ટાંકવા જરૂરી છે જે ફરિયાદ નોંધાવામાં થયેલા વિલંબને અદાલતે કઈ રીતે ધ્યાને લેવો કયા પરિપેક્ષમાં ધ્યાને લેવો અને કેવા સંજોગોમાં આ વિલંબને નજર અંદાજ કરવો તે સમજવામાં ઉપયોગી સાબિત થાય તેમ છે જે નીચે મુજબ છે.

**(i) State of H.P. v. Gian Chand, (2001) 6 SCC 71**

12. Delay in lodging the FIR cannot be used as a ritualistic formula for doubting the prosecution case and discarding the same solely on the ground of delay in lodging the first information report. Delay has the effect of putting the court on its guard to search if any explanation has been offered for the delay, and if offered, whether it is satisfactory or not. If the prosecution fails to satisfactorily explain the delay and there is a possibility of embellishment in the prosecution version on account of such delay, the delay would be fatal to the prosecution. However, if the delay is explained to the satisfaction of the court, the delay cannot by itself be a ground for disbelieving and discarding the entire prosecution case

**(ii) Ravinder Kumar v. Punjab, (2001) 7 SCC 690** 14. When there is criticism on the ground that FIR in a case was delayed the court has to look at the reason why there was such a delay. There can be a variety of genuine causes for FIR lodgment to get delayed. Rural people might be

ignorant of the need for informing the police of a crime without any lapse of time. This kind of unconversantness is not too uncommon among urban people also. They might not immediately think of going to the police station. Another possibility is due to lack of adequate transport facilities for the informers to reach the police station. The third, which is a quite common bearing, is that the kith and kin of the deceased might take some appreciable time to regain a certain level of tranquillity of mind or seductiveness of temper for moving to the police station for the purpose of furnishing the requisite information. Yet another cause is, the persons who are supposed to give such information themselves could be so physically impaired that the police had to reach them on getting some nebulous information about the incident.

**(iii) Ashok Kumar Chaudhary v. State of Bihar, (2008) 12 SCC 173**

16. It is trite that mere delay in lodging the first information report is not by itself fatal to the case of the prosecution. Nevertheless, it is a relevant factor of which the court is obliged to take notice and examine whether any explanation for the delay has been offered and if offered, whether it is satisfactory or not. If no satisfactory explanation is forthcoming, an adverse inference may be drawn against the prosecution. However, in the event, the delay is properly and satisfactorily explained; the prosecution case cannot be thrown out merely on the ground of delay in lodging the FIR. Obviously, the

explanation has to be considered in the light of the totality of the facts and circumstances of the case.

(૫૯.૧) ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોનો ટૂંકસાર જોઈએ તો ફોજદારી કેસોમાં એફ.આઈ.આર. નોંધાવવામાં વિલંબ થયો હોય માત્ર તેના આધારે જ ફરિયાદ પક્ષના સમગ્ર કેસને શંકાસ્પદ ગણવા અથવા નકારી કાઢવા યોગ્ય ગણાય નહીં. જોકે એફ.આઈ.આર. નોંધાવવામાં વિલંબ થયો હોય ત્યારે અદાલતે વિશેષ સાવચેતી રાખીને તપાસ કરવી જોઈએ કે તે વિલંબ માટે કોઈ કારણ અથવા ખુલાસો આપવામાં આવે છે કે નહીં અને જો આવો ખુલાસો કરવામાં આવેલ હોય તો તે સંતોષકારક છે કે નહીં. જો ફરિયાદપક્ષ વિલંબ માટે યોગ્ય અને વિશ્વસનીય ખુલાસો આપવામાં નિષ્ફળ જાય અને વિલંબને કારણે ઘટનાના વર્ણનમાં પાછળથી બનાવટી ઉમેરાઓ થવાની શક્યતા જણાય, તો એવો વિલંબ ફરિયાદ પક્ષના કેસ માટે ઘાતક સાબિત થઈ શકે છે. પરંતુ જ્યાં વિલંબ માટે આપવામાં આવેલી સમજૂતી અદાલતને સંતોષકારક લાગે, ત્યાં માત્ર વિલંબના આધારે સમગ્ર ફરિયાદ પક્ષના કેસને અવિશ્વસનીય ઠેરવી શકાય નહીં. નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધ્યું છે કે એફ.આઈ.આર. નોંધાવવામાં વિલંબ થયો હોવાની ટીકા કરવામાં આવે ત્યારે અદાલતે સૌપ્રથમ એ જોવું જોઈએ કે વિલંબ શા માટે થયો. વિલંબ માટે અનેક વાસ્તવિક અને સ્વાભાવિક કારણો હોઈ શકે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં પોલીસને તરત જ જાણ કરવાની જરૂરિયાત અંગે પૂરતી જાગૃતિ ન હોવી શક્ય છે. આવી અજાણતા માત્ર ગ્રામ્ય લોકોમાં જ નહીં, પરંતુ શહેરી લોકોમાં પણ જોવા મળી શકે છે. ઘણી વખત લોકો ઘટનાના તુરંત પછી પોલીસ સ્ટેશન જવાનો વિચાર પણ કરી શકતા નથી. તે ઉપરાંત, પોલીસ સ્ટેશન સુધી પહોંચવા માટે યોગ્ય વાહન વ્યવસ્થાનો અભાવ પણ

વિલંબનું કારણ બની શકે છે. ઘણીવાર મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારજનો અથવા નજીકના સગાસંબંધીઓ આઘાત અને દુઃખની સ્થિતિમાંથી બહાર આવીને મનની શાંતિ પ્રાપ્ત કરવામાં થોડો સમય લેતા હોય છે, જેના કારણે તેઓ પોલીસને જાણ કરવામાં મોડું કરે છે. અન્ય એક સંભાવના એવી પણ હોઈ શકે કે માહિતી આપનાર વ્યક્તિ પોતે જ ઈજાગ્રસ્ત અથવા શારીરિક રીતે અસમર્થ હોય, જેના કારણે પોલીસને અન્ય કોઈ અસ્પષ્ટ માહિતીના આધારે તેમની પાસે પહોંચવું પડે. આમ એફ.આઈ.આર. નોંધાવવામાં થયેલો વિલંબ માત્ર તેના આધારે ફરિયાદ પક્ષનો કેસ નિષ્ફળ ગણાવી શકાય નહીં. તેમ છતાં, વિલંબ એક મહત્વપૂર્ણ પરિબળ છે, જેને અદાલતે અવશ્ય ધ્યાનમાં લેવું જોઈએ. અદાલતે તપાસવું જોઈએ કે વિલંબ માટે કોઈ કોઈ સ્પષ્ટતા કે ખુલાસો કરવામાં આવે છે કે નહીં, જો વિલંબ માટે કોઈ સંતોષકારક કારણ ઉપલબ્ધ ન હોય, તો અદાલત ફરિયાદ પક્ષ વિરુદ્ધ પ્રતિકૂળ અનુમાન દોરી શકે છે.

(૬૦) આ કિસ્સાને ઉપરોક્ત પરિપક્ષમાં તપાસીએ તો તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ બપોરના સમયે બાઇક મૂકવા બાબતે જે પ્રથમ તકરાર થઈ તેની કોઈ ફરિયાદ નોંધાયેલી નહીં કે કોઈ વ્યક્તિ ફરિયાદ નોંધાવા સામે આવેલું નહીં. તેવી જ રીતે આ તમામ બનાવમાં કોઈ વ્યક્તિ ફરિયાદ નોંધાવા સામે આવેલી નથી. જ્યારે આ પ્રકારની કોમી અથડામણ થાય ત્યારે પોલીસની પ્રાથમિકતા કાયદો અને વ્યવસ્થા જાળવવાની હોય છે. પોલીસ પાસે આપણે એવી અપેક્ષા રાખી શકે નહીં કે સામસામે પથ્થરમારા નો બનાવ બનતો હોય તે વખતે પોલીસ અધિકારી વચ્ચે ખુરશી નાખી અને તાત્કાલિક ફરિયાદ નોંધવા બેસી જાય. આ પ્રકારના બનાવમાં ઘટના સ્થળે શાંતિ જળવાય અને નવો

ઉપદ્રવ ન થાય તે પોલીસની પ્રાથમિકતા હોય. વળી ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલે મોકલવા તે પણ પોલીસની પ્રાથમિકતા હોય. પ્રસ્તુત બનાવ બે જુદી જુદી જગ્યાએ બનેલો છે અને લોકોના ટોળાઓ દ્વારા સામસામે મોટા પ્રમાણમાં પથ્થરમારો થયેલો કરેલો જેમાં પોલીસ કર્મચારી તેમજ અન્ય લોકો ઘવાયા છે તેમને સારવાર માટે લઈ જવાયા છે. આમ આ સ્થિતિમાં જ્યારે પોલીસ જાતે ફરિયાદી બનીને ફરિયાદ નોંધાવે તો સ્વાભાવિક છે કે ચાર કલાકનો વિલંબ થઈ શકે છે અને સમગ્ર સંજોગો જોતા આ વિલંબ ક્ષમા યોગ્ય છે. આમ આ સંજોગોમાં ચાર કલાક વિલંબિત ફરિયાદને આધાર બનાવીને ફરિયાદ પક્ષનો કેસ રદ ગણવો યોગ્ય કે વ્યાજબી કહી શકાશે નહીં. આ સંજોગોમાં બચાવ પક્ષની રજૂઆત નકારવામાં આવે છે.

(૬૧) આમ સમગ્ર રીતે જોઈએ તો ફરિયાદી દિલીપસિંહ ચૌહાણની જુબાનીમાં તેમજ કોન્સ્ટેબલ કુલદીપ સિંહ પરમાર ની જુબાનીમાં એવું વ્યાજબી શંકા રહી જ રીતે સાબિત થયેલ છે કે તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ દસકાપુરા મુકામે રાત્રિના આશરે સાડા નવ વાગ્યાના સુમારે હિન્દુ અને મુસ્લિમ કોમના ટોળાઓ વચ્ચે સામસામે જૂથ અથડામણ થયેલી અને સામસામો પથ્થરમારો થયેલો. ઈજા પામનાર સાહેબ કોન્સ્ટેબલ કુલદીપસિંહ ની જુબાની મુજબ આ વખતે મુસ્લિમ સમાજના ટોળામાં હજરતઅલી કાસમઅલી ધારિયા સાથે તથા ઈકબાલઅલી તથા ઝાકીર હુસેન તથા મામુ તથા બીજા મુસ્લિમના ૧૫–૨૦ માણસો ધાર્યા અને લાકડી સાથે હાજર હતા તેમજ હિંદુ પક્ષ્મના ટોળામાં રાહુલભાઈ, મગનભાઈ, મનુભાઈ તથા ૨૦ થી ૨૫ માણસો ભેગા થઈ સામસામે ગાળા ગાળી અને ઝઘડો કરતા હતા અને છૂટા પથ્થરોનો મારો કરતા હતા. બચાવપક્ષે આરોપીઓની ઓળખ

અંગે તકરાર નહીં હોવાનું જાહેર કરેલ છે. આમ તે રીતે જોતા PW20 કુલદીપસિંહની જુબાની મુજબ (આંક– ૩૪ વાળા તોહમતનામાં જણાવેલા અનુક્રમ મુજબ) આરોપી નંબર–૦૧ હઝરત અલી કાસમ અલી સૈયદ, આરોપી નંબર– ૦૨ ઇકબાલ અલી હઝરત અલી સૈયદ, આરોપી નંબર–૦૩ શબ્બીર ઉર્ફે મામુની મુસ્લિમ કોમના ટોળા દ્વારા બનાવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજરી હતી તેવું પ્રસ્થાપિત થાય છે. કોન્સ્ટેબલ કુલદીપસિંહ પોતાની જુબાનીમાં ઝાકીર હુસેન નામના આરોપીનીનો ઉલ્લેખ કરે છે પરંતુ તે નામનો કોઈ આરોપી નથી. તહોમતનામુ જોઈએ તો જાકીર ઉર્ફે જાડિયા મુસાભાઇ ભટ્ટી નામનો આરોપી છે પરંતુ તેનું નામ સાક્ષીની જુબાનીમાં ચોકસાઈ પૂર્વક મેચ થતું ન હોવાથી તે આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે. સાક્ષી કુલદીપસિંહની જુબાનીમાં હિન્દુ ટોળા દ્વારા બનાવેલી ગેરકાયદેસરની મંડળીમાં (આંક–૩૪ વાળા તોહમતનામાં જણાવેલા અનુક્રમ મુજબ) આરોપી નંબર–૦૯ રાહુલ આરોપી નંબર ૧૦ મગનભાઈ અને આરોપી નંબર ૧૨ મનુભાઈની હાજરી હતી તેવું સ્પષ્ટ જણાવે છે. આ બંને ટોળામાં ઉપરોક્ત ઓળખાયેલા આરોપીઓ સિવાય બીજા ઘણા આરોપીઓની હાજરી હતી તેવું પણ સિદ્ધ થાય છે. જ્યારે ફરિયાદી દિલીપસિંહ ચૌહાણની જુબાની આ પરિપેક્ષમાં તપાસીએ તો તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે મુસ્લિમ ટોળામાં હજરતઅલી કાસમઅલી, ઇકબાલઅલી હજરતઅલી વગેરે હતા તેઓના હાથમાં ધારિયા અને લાકડી જેવા હથિયાર હતા. જ્યારે હિન્દુ પક્ષના ટોળામાં મગનભાઈ રાવજીભાઈ અને રાહુલભાઈ, મનુભાઈ વિગેરે હાજર હતા તેમ જણાવે છે. વળી આ સાક્ષીઓ ઉપરોક્ત આરોપીઓને ઓળખતા જ ન હતા તેવી કોઈ તકરાર લેવામાં આવેલી નથી. આ સંજોગોમાં ઉપરોક્ત બંને

સાક્ષીઓની જુબાનીથી એટલું સ્પષ્ટ સાબિત થાય છે કે તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ રાત્રિના ૨૧–૩૦ ના અરસામાં મોજે દસકાપુરા ખાતે હિન્દુ કોમના લોકોએ ગેરકાયદેસર મંડળી રચેલી અને મુસ્લિમ કોમના લોકોએ ગેરકાયદેસર મંડળી રચેલી અને બંને ગેરકાયદેસર મંડળી નો પોતપોતાનો કોમન ઈરાદો એક બીજી મંડળી ઉપર પથ્થરમારો કરી હુમલો કરવાનો હતો. આ વખતે હિન્દુ કોમની મંડળીમાં આરોપીઓ પૈકી આંક ૩૪ વાળા ચાર્જમાં જણાવેલા અનુક્રમ નંબર મુજબ આરોપી નંબર– ૦૯ રાહુલ, આરોપી નંબર ૧૦ મગનભાઈ અને આરોપી નંબર ૧૨ મનુભાઈની હાજરી હતી તેવું સ્પષ્ટ થાય છે જ્યારે આરોપી નંબર–૦૧ હઝરત અલી કાસમ અલી સૈયદ, આરોપી નંબર–૦૨ ઈકબાલ અલી હઝરત અલી સૈયદ, આરોપી નંબર– ૦૩ શબ્બીર ઉર્ફે મામુની મુસ્લિમ કોમના ટોળા દ્વારા બનાવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજરી હતી તેવું પ્રસ્થાપિત થાય છે. અહીં કોઈને એવો પણ સવાલ ઉદભવે કે પાંચ વ્યક્તિઓ મંડળીના સભ્ય હતા તેવું સાબિત ન થાય કે ટોળામાંથી કુલ પાંચ આરોપીઓ ઓળખાય નહીં તો જે પાંચ કરતાં ઓછા વ્યક્તિઓ ઓળખાયેલા હોય તો તેમને ગેરકાયદેસર મંડળીના સદસ્ય તરીકે દોષિત માની શકાય? એ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટે **Mahendra Versus State Of Madhya Pradesh,** 2022 (0) **AIJEL–SC** 69074 ના કેસમાં આપેલ ચુકાદો જોઈએ તો તેમાં પ્રસ્થાપિત કર્યા મુજબ જ્યારે ટોળા દ્વારા હુમલો કરવામાં આવે ત્યારે જો એવું સાબિત થાય કે પાંચ કરતાં વધુ વ્યક્તિઓએ મળીને ગેરકાયદેસર મંડળી બનાવી હોય પરંતુ તેમાંથી પાંચ કરતાં ઓછા વ્યક્તિ જ ઓળખી શકાયા હોય અને બાકીના વ્યક્તિઓને ઓળખી શકાય ન હોય અને જો ફરિયાદ એ પ્રકારે દાખલ થઈ હોય કે પાંચ કરતાં ઓછી વ્યક્તિઓ ઓળખાયેલી તેમજ બીજી

ઘણી બધી વાર ઓળખાયેલી વ્યક્તિઓ આ ગેરકાયદેસર મંડળીનો હિસ્સો હતી અને તેમનો કોમન ઓબ્જેક્ટ એક જ હતો તો પાંચ કરતાં ઓછા આરોપીઓ એ વણ ઓળખાયેલા વ્યક્તિઓ સાથે મળીને ગેરકાયદેસર મંડળી બનાવી તેના સભ્ય બની ગેરકાયદેસરનું કૃત્ય કરવા બદલ તેમની સામે ચાર્જ ફ્રેમ કરી શકાય. આ કેસમાં બંને તરફે ઓળખાયેલા આરોપીઓની સંખ્યા પણ પાંચ કરતાં વધારે છે અને તે સિવાય બંને પક્ષે ઘણા લોકોનું ટોળું હતું તેવું પુરાવામાં રેકર્ડ પર આવેલું છે. આ કેસમાં આરોપીઓ ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે સામેલ હતા અને તેઓ સક્રિય ભૂમિકા પણ ભજવતા હતા. આ સંજોગોમાં આંક-૩૪ વાળા તોહમતનામાં દર્શાવેલા અનુક્રમ મુજબ મુજબના આરોપીઓ એટલે કે આરોપી નંબર-૦૧ આરોપી નંબર- ૦૨ આરોપી નંબર- ૦૩ આરોપી નંબર ૯ આરોપી નંબર ૧૦ અને આરોપી નંબર ૧૨ને પોતપોતાની ગેરકાયદેસર મંડળીના સદસ્ય તરીકે દાખલ થવા અને ગેરકાયદેસર મંડળીમાં હાજર રહી ગેરકાયદેસર મંડળીના દુષ્કૃત્યમાં ભાગ ભજવવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ ના ગુના માટે દોષિત ઠરાવી શકાય. વધુમાં જ્યારે અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ ના ગુનામાં આરોપીઓને દોષિત માને તો તે જ વખતે તેમને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૮ ના ગુનામાં દોષિત માની શકાય નહીં તેવું નામદાર સુપ્રીમ કોર્ટે વિનુભાઈ રણછોડભાઈ ના ચુકાદા નીચે મુજબ ઠરાવેલ છે.

**Vinubhai Ranchhodbhai Patel Versus Rajivbhai Dudabhai Patel,** 2018 (0) **AIJEL-SC** 62313 (c) Indian Penal Code, 1860 - S. 147, 148 - offence of rioting - armed with deadly weapons - offence u/s. 147 and 148 are

distinct offences – by definition of offences covered u/s. 147 and 148, a person cannot be charged simultaneously with both the offences by the very nature of theses offences – a person can only be held guilty of an offence punishable either u/s. 147 **or** S. 148.

**(૬૨)** આ કિસ્સામાં અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે ઈજા પામનાર કોન્સ્ટેબલ કુલદીપસિંહ ને બંનેમાંથી ચોક્કસ કયા ટોળાના પથ્થર મારામાં ઈજા થઈ છે તે સાબિત થતું ન હોવાથી અને બંને ટોળાનો કોમન ઓબ્જેક્ટ પોલીસ ઉપર પથ્થર મારો કરવાનો હતો તે ફરિયાદ પક્ષનો કેસ નથી માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૯ ને લાગુ પાડી શકાશે નહીં. વળી ચોક્કસ કોણે ઈજા પહોંચાડી છે તેવું સાબિત થતું ન હોવાના કારણે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨ અને ૩૩૬, ૩૩૭ નો ગુનો પણ વ્યાજબી શંકા રહી જ રીતે સાબિત થતો નથી. તેવી જ રીતે નુકસાન પામેલી રીક્ષા કોની હતી તેવું સાબિત થતું નથી તે રીક્ષા ને કોણે નુકસાન કર્યું છે તેવું પણ સાબિત થતું નથી. તે રીક્ષાને કેટલું નુકસાન થયું છે તે પણ સાબિત થતું નથી. તે રીક્ષાના માલિક કે કબજેદારને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી રીક્ષાને નુકસાન પહોંચાડવામાં આવ્યું તે પ્રકારનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૭ મુજબનો ગુનો સાબિત થતો નથી. વધુ સ્પષ્ટતા કરીએ તો ઉપરોક્ત ગુનો સાબિત થવા માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૭ માં જે બગાડ ની વ્યાખ્યા આપી છે તે મુજબનો ગુનો સાબિત થવો જરૂરી છે. એટલે કે જે કોઈ વ્યક્તિ લોકોને અથવા કોઈ વ્યક્તિને ગેરકાયદે નુકસાન અથવા હાનિ કરવાના ઈરાદાથી અથવા પોતે તેમ કરશે

એવા સંભવ હોવાનું જાણવા છતાં કોઈ મિલકતનો નાશ કરે અથવા કોઈ મિલકતમાં કે તેની સ્થિતિમાં એ કોઈ ફેરફાર કરે જેથી તેની કિંમત અથવા ઉપયોગિતામાં ઘટાડો થાય કે નાશ પામે અથવા તેનાથી નુકસાન થાય તો તેને બગાડ કર્યો કહેવાય. આમ આ કલમ ના ઊંડાણમાં જઈએ તો જે મિલકતને નુકસાન કરવામાં આવ્યું હોય તે મિલકત પારકી મિલકત હોવી એ જરૂરી છે, પોતાની મિલકતને કોઈ વ્યક્તિ નુકસાન કરે તો આ કલમ મુજબનો ગુનો બનતો નથી. અહીં જે રીક્ષા ને નુકસાન કરવામાં આવ્યું હતું તે રીક્ષા કોની માલિકીની હતી? કોના કબજાની હતી તે સાબિત થતું નથી. દરેક વ્યાજબી શંકા નો લાભ આરોપીને પ્રાપ્ત થાય એટલે બની શકે કે જે રીક્ષા ને નુકસાન કર્યું હોય તે રીક્ષા નુકસાન પહોંચાડનાર ગ્રુપના વ્યક્તિની જ હોય? આમ જ્યાં સુધી પ્રતિપક્ષની માલિકીની રીક્ષા હતી કે જાહેર માલિકીની વસ્તુ હતી તેવું સાબિત ન થાય ત્યાં સુધી ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૫ મુજબ બગાડનો ગુનો બને નહીં અને તે કારણે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૭ મુજબનો ગુનો પણ સાબિત થાય નહીં. વધુમાં આ બનાવમાં કોના દ્વારા કેવા શબ્દો ઉચ્ચારીને, કોનું અપમાન કરવામાં આવ્યું કે કોણે કોને ગાળો બોલી કે કોણે કોને ધમકી આપી તે મતલબનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલો ન હોવાથી ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ અને ૫૦૪ (૨) મુજબનો ગુનો પણ સાબિત થતો નથી. એવી જ રીતે આ કિસ્સામાં કયા સરકારી વાહનને કેટલું નુકસાન થયું તે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, તે સરકારી વાહનનો રજીસ્ટ્રેશન નંબર શું હતો? તે રેકર્ડ પર આવેલ નથી, કયા પક્ષના પથ્થર મારામાં આ નુકસાન થયું તેઓ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. સરકારી મિલકતને આગ લગાવીને કે બોમ્બ બ્લાસ્ટ કરીને નુકસાન કરવામાં આવ્યું હોય તેવો ફરિયાદપક્ષનો કેસ નથી, આ

સંજોગોમાં ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ ની કલમ– ૦૪ ને લાગુ પાડી શકાય તેમ નથી કે તે માટે આરોપીઓને દોષિત ઠરાવી શકાય તેમ નથી.

(૬૩) આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૧ માં જે કાયદા વિરુદ્ધની મંડળીની વ્યાખ્યા આપેલી છે તે તપાસીએ તો પાંચ કરતાં વધુ વ્યક્તિઓ ભેગા મળીને કાયદા વિરુદ્ધની મંડળી બનાવે જેનો સમાન ઉદ્દેશ કોઈ ગુનો કરવાનો હોય અને તેઓ આ કૃત્ય દરમિયાન મંડળીનો કોઈ સભ્ય બળ વાપરે હિંસાનો ઉપયોગ કરે કે કોઈ ગુનો કરે તો તે એમણે હુલ્લડ કર્યું તેવું કહેવાય અને તે માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ માં બે વર્ષ સુધીની કોઈપણ પ્રકારની સજા અથવા દંડ અથવા બંને શિક્ષા કરી શકાય છે. આ કિસ્સામાં સામસામા બે જૂથો વચ્ચે અથડામણ થયેલી છે જેમાં અગાઉ ચર્ચા કરી તે આરોપીઓની સ્પષ્ટ હાજરી જણાઈ આવેલી છે અને તેમણે આ હુલ્લડમાં સક્રિય ભૂમિકા ભજવેલી છે. આ સંજોગોમાં તે આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ મુજબના ગુનામાં દોષિત માની શકાય તેમ છે.

(૬૪) આ ચુકાદાની પ્રસ્તાવનામાં જેમ ચર્ચા કરવામાં આવી કે અદાલતનું કામ ન્યાય કરવાનું છે અને આ ન્યાયિક પ્રક્રિયામાં પુરાવાના મંથન વખતે અને મૂલ્યાંકન વખતે નિરક્ષિર ભાવે ન્યાય કરવાનો હોય છે. માટે જેટલી જૂઠી વિગતો રજૂ થઈ હોય તેને દૂર કરીને તેને નજર અંદાજ કરીને જેટલો શંકા રહિત, આધારભૂત અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ પર આવે તેનું મૂલ્યાંકન કરીને આરોપી નિર્દોષ છે કે દોષિત છે તેનો નિર્ણય કરવાનો હોય છે. આમ તે પરિપેક્ષમાં ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાથી એટલું

વ્યાજબી શંકારહિત રીતે સાબિત થાય છે કે સેશન્સ કેસ નંબર ૨૨/૨૦૧૯ ના આરોપી નંબર– ૦૧ હઝરતઅલી કાસમઅલી સૈયદ, આરોપી નંબર– ૦૨ ઈક્બાલઅલી હઝરતઅલી સૈયદ, આરોપી નંબર– ૦૩ શબ્બીર ઉર્ફે મામુ નાઓને તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ રાત્રિના ૯–૩૦ વાગ્યાના સુમારે દસકાપુરા મુકામે મુસ્લિમ જૂથ દ્વારા રચવામાં આવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજર રહી અને હુલ્લડ કરી પથ્થરમારો કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭ મુજબ ગુનો કરેલ છે. તેવી જ રીતે સેશન્સ કેસ નંબર ૧૭/૨૦૨૦ના આરોપી નંબર ૧ રાહુલ મનુભાઈ ઝાલા, આરોપી મનુભાઈ ધુળાભાઈ ઝાલાને તથા સેશન્સ કેસ નંબર ૨૨/૨૦૧૯ના આરોપી મગનભાઈ રાવજીભાઈ મકવાણાને હિન્દુજૂથ દ્વારા રચવામાં આવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજર રહી અને હુલ્લડ કરી સામો પથ્થરમારો કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૧૪૭ મુજબ દોષિત માનવામાં આવે છે. આરોપીઓને સજા કરતા પહેલા અદાલતે **એગ્રેવેટીંગ અને મિટિગેટિંગ** સંજોગોને ધ્યાનમાં લેવા જરૂરી છે અને તે માટે આરોપીઓને સુનાવણીની તક આપવી જોઈએ. જેથી ઉપરોક્ત ચર્ચા અને સંજોગોને ધ્યાનમાં લેતા મુદ્દા નંબર– ૦૧નો જવાબ **અંશત હકારમાં** આપું છું અને મુદ્દા નંબર– ૦૨ નો જવાબ **નકારમાં** ઠરાવી આરોપીઓને સજા અંગે સાંભળવા માટે કાર્યવાહી મુલતવી રાખવામાં આવે છે.

સ્થળઃ આણંદ.

તારીખઃ ૦૨–૦૭–૨૦૨૬. **(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ
આણંદ.
**(યુનિક આઈડી કોડ નંબર–જીજે૦૦૫૮૮)**

**સજા અંગે હુકમઃ–**

(૬૫) ફરિયાદપક્ષે વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટરશ્રી મહિડાને સાંભળ્યા તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે આરોપીઓએ હુલ્લડ કરી અને સાક્ષીઓને ગંભીર ઈજાઓ પહોંચાડેલી છે સંપત્તિનું નુકસાન કરેલ છે. આવા કિસ્સામાં કઠોરમાં કઠોર સજા કરી દાખલો બેસાડવો જોઈએ. આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીની એવી રજૂઆત છે કે આરોપી આરોપીની ઉંમર આર્થિક–સામાજિક સ્થિતિ તથા ગુનારહિત ભૂતકાળ વગેરેને ધ્યાનમાં રાખી તેઓને પ્રોબેશન ઉપર મુક્ત કરવા વિકલ્પે ન્યૂનતમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૬૬) બંને તરફ તેની રજૂઆત તથા કેસનો રેકોર્ડ ધ્યાનમાં લીધું. આરોપી નંબર– ૦૧ હઝરતઅલી કાસમઅલી સૈયદ, આરોપી નંબર– ૦૨ ઈકબાલઅલી હઝરતઅલી સૈયદ, આરોપી નંબર– ૦૩ શબ્બીર ઉર્ફે મામુનાઓને તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ રાત્રિના ૯–૩૦ વાગ્યાના સુમારે દસકાપુરા મુકામે મુસ્લિમ જૂથ દ્વારા રચવામાં આવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજર રહી અને હુલ્લડ કરી પથ્થરમારો કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭ મુજબના ગુનામાં તેમજ સેશન્સ કેસ નંબર ૧૭/૨૦૨૦ના આરોપી રાહુલ મનુભાઈ ઝાલા, આરોપી મનુભાઈ ધુળાભાઈ ઝાલાને તથા સેશન્સ કેસ નંબર ૨૨/૨૦૧૯ ના આરોપી મગનભાઈ રાવજીભાઈ મકવાણાને હિન્દુજૂથ દ્વારા રચવામાં આવેલી ગેરકાયદેસર મંડળીમાં હાજર રહી અને હુલ્લડ કરી સામો પથ્થરમારો કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૧૪૭ મુજબનો ગુનો કર્યાનું શંકારહીત સાબિત થયેલ છે. આ તબક્કે **નામદાર સુપ્રીમ કૉર્ટે Sumersinh v/s Surajbhan ના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૧૪(૭) સુપ્રીમ**

**કૉર્ટ કેસીસ પેજ નંબર–૩૨૩**ના કેસમાં આપેલ ચુકાદાના પેરા–૩૬ ધ્યાનમાં લઈએ તો તે નીચે મુજબ છે.

"36. Having discussed about the discretion, presently we shall advert to the duty of the court in the exercise of power while imposing sentence for an offence. It is the duty of the court to impose adequate sentence, for one of the purposes of imposition of requisite sentence is protection of the society and a legitimate response to the collective conscience. The paramount principle that should be the guiding laser beam is that the punishment should be proportionate. It is the answer of law to the social conscience. In a way, it is an obligation to the society which has reposed faith in the court of law to curtail the evil. While imposing the sentence it is the Court's accountability to remind itself about its role and the reverence for rule of law. It must evince the rationalized judicial discretion and not an individual perception or a moral propensity. But, if in the ultimate eventuate the proper sentence is not awarded, the fundamental grammar of sentencing is guillotined. Law cannot tolerate it; society does not withstand it; and sanctity of conscience abhors it. The old saying "the law can hunt one's past" cannot be allowed to be buried in an indecent manner and the rainbow of mercy, for no fathomable reason, should be allowed to rule. True it is, it has its own room, but, in all circumstances, it cannot be allowed to occupy the whole accommodation. The victim, in this case, still cries for justice. We do not think that increase in fine amount or grant of compensation under the code would be a justified

answer in law. Money cannot be the oasis. It cannot assume the centre stage for all redemption. Interference in manifestly inadequate and unduly lenient sentences is the justifiable warrant, for the Court cannot close its eyes to the agony and anguish of the victim and, eventually, to the cry of the society. Therefore, striking the balance we are disposed to think that the cause of justice would be best sub served if the respondent is sentenced to undergo rigorous imprisonment of two years apart from the fine that has been imposed by the learned trial Judge."

(૬૭) ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં લેતાં આ કિસ્સામાં આરોપીઓએ સામસામે જૂથમાં ગેરકાયદેસર ગુનાહિત મંડળી રચી અને પથ્થરમારો કરી સમાજમાં ભયનું વાતાવરણ ઊભું કરેલ છે, બે ધર્મ વચ્ચેનો ભાઈચારો આવા બનાવોથી ખૂબ જ પ્રભાવિત થાય છે. દેશની એકતા અને અખંડિતતા ઉપર તેની આડઅસર થાય છે. એક જગ્યાએ બનતા આવા બનાવની અસર સમગ્ર દેશમાં અને પરદેશ સુધી અનુભવાય છે. બે કોમ વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ ઊભું થાય છે. માતે આવા બનાવોને અદાલતે કઠોરતા પૂર્વક ડીલ કરવા જોઈએ. વળી જે પ્રકારનો સમગ્ર બનાવ છે તેમાં આરોપીઓ માત્ર હુલ્લડમાં જ ભાગ ભજવેલ છે તેવું નથી, બીજા પણ ગંભીર ગુના કર્યા છે, પરંતુ અદાલત પુરાવાના અભાવે કોઈને પણ સજા કરી શકે નહીં અને માત્ર કલ્પના આધારિત કે ધારણા આધારિત ન્યાય આપી શકે નહીં જોકે સજાની માત્રા નક્કી કરતી વખતે તમામ પાસાને અદાલતે ધ્યાનમાં લેવા જ જોઈએ. અહીં આરોપીઓ સામે જે ગંભીર ગુનાના ચાર્જ ઘડવામાં આવેલ તેમાં બાકીના ગુના સબબ વ્યાજબી શંકારહિત પૂરતો પુરાવો રેકોર્ડ પર આવેલ નહિ તે કારણે તેમને તે ગુનામાં દોષિત માની શકાયેલ

નથી, પરંતુ જે ગુનામાં તેમને વ્યાજબી શંકારહિત દોષિત માન્યા છે તેમાં હવે તેમના પ્રત્યે કોઈ પણ ઉદારતા દાખવી શકાય નહીં. જો હવે આ ગુનામાં પણ તેમને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો આ સમગ્ર કાનૂની પ્રક્રિયાનો કોઈ અર્થ જ નહીં રહે અને સમાજમાં ખોટો દાખલો બેસે તેમજ ગુનેગારો નિર્ભય થઈને ગુનાહિત પ્રવૃત્તિ કરવા પ્રેરિત થાય. આમ આ સંજોગોમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની જોગવાઈનો લાભ ન આપતા આરોપીઓને પૂરેપૂરી સજા થાય તો જ સમાજમાં દાખલો બેસે અને આરોપીઓને તેમના દુષ્કૃત્યનો અહેસાસ થાય. આમ ઉપરોક્ત ચર્ચા અને સંજોગોને ધ્યાનમાં લેતા આ કિસ્સામાં કાયદામાં ઠરાવેલી પૂરેપૂરી સજા અને દંડ કરવાનું અદાલત ન્યાયિક માની ઉપરોક્ત ચર્ચા અને સંજોગો આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -// <u>આ ખ રી હુ ક મ</u> //-

(૧) પ્રસ્તુત **સેશન્સ કેસ નંબર-૨૨/૨૦૧૯** ના આરોપી નંબર- (૧) હઝરતઅલી કાસમઅલી સૈયદ, આરોપી નંબર- (૨) ઈકબાલઅલી હઝરતઅલી સૈયદ તથા આરોપી નંબર- (૩) શબ્બીર ઉર્ફે મામુ તથા (૯) મગનભાઈ રાવજીભાઈ મકવાણા તેમજ **સેશન્સ કેસ નંબરઃ ૧૭/૨૦૨૦** ના આરોપી (૧) રાહુલ મનુભાઈ ઝાલા તથા (૩) મનુભાઈ ધુળાભાઈ ઝાલાને, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૩૫ (૨) મુજબ, ભાદરણ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નંબરઃ ૬૦/૨૦૧૮, ભારતીય દંડ સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૧૪૭ મુજબના ગુનામાં દોષિત માની **બે વર્ષની સાદી કેદની સજા તથા દરેકને રૂપિયા ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** દંડ ભરવા આદેશ કરવામાં આવે છે. આરોપીઓ જો દંડની રકમ ભરપાઇ ન કરે તો તેના બદલામાં **વધુ બે માસની સાદી** કેદની સજા ભોગવવા આદેશ કરવામાં આવે છે.

(૨).. પ્રસ્તુત **સેશન્સ કેસ નંબર–૨૨/૨૦૧૯** ના આરોપી નંબર– (૪) જાકીર ઉર્ફે જાડીયા મુસાભાઈ ભટ્ટી, (૫) મુકદરઅલી બાઉદ્દીન સૈયદ, (૬) સકીલમહંમદ સીકંદરઅલી સૈયદ, (૭) આરીફઅલી ઉર્ફે કણો કાસમઅલી સૈયદ તથા (૮) અસલમઅલી હુસેનઅલી સૈયદ તથા **સેશન્સ કેસ નંબરઃ ૧૭/૨૦૨૦** ના આરોપી નં.(૨) મહેન્દ્રભાઈ ઉર્ફે લોટીયો શંકરભાઈ પરમાર, (૫) અરવિંદભાઈ ઉર્ફે ટીનો રાવજીભાઈ મકવાણા, (૬) મુકદ્દરઅલી અનવરઅલી સૈયદ, (૭) શકીલખાન સીકંદરખાન પઠાણ, (૮) આશીકમીયા સમસુમીયા મલેક, (૯)તોફીકખાન સીકંદરખાન પઠાણ તથા (૧૦) લાલજીભાઈ ઉર્ફે ભુરીયો રામાભાઈ મકવાણાને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) મુજબ, ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૪ મુજબના ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૩) સદર બંને કામના ઉપરોક્ત આરોપીઓ જામીન ઉપર હોઈ તેઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭ (એ) અન્વયે બંને કામના ઉપરોક્ત દરેક આરોપીને રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) ના જામીન તથા જામીનખત રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

(૫).. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ– ૪૨૮ મુજબ આરોપીઓએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ જ્યુડિશિયલ કસ્ટડીનો સમયગાળો આરોપીને મૂળ સજા સામે મજરે આપવા હુકમ કરવામાં આવે છે. જ્યારે દંડની રકમ કુલ રૂપિયા **રૂ.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા** ) ભરવાના રહેશે. અપીલ સમય પૂરો થાય તે પછી દંડની રકમ ફરિયાદી ઈજા પામનારને વળતર પેટે ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૬) પ્રસ્તુત **સેશન્સ કેસ નંબર–૨૨/૨૦૧૯** ના આરોપી નંબર–

(૧) હઝરતઅલી કાસમઅલી સૈયદ, આરોપી નંબર- (૨) ઈક્બાલઅલી હઝરતઅલી સૈયદ તથા આરોપી નંબર- (૩) શબ્બીર ઉર્ફે મામુ તથા (૯) મગનભાઈ રાવજીભાઈ મકવાણા તેમજ **સેશન્સ કેસ નંબરઃ ૧૭/૨૦૨૦** ના આરોપી (૧) રાહુલ મનુભાઈ ઝાલા તથા (૩) મનુભાઈ ધુળાભાઈ ઝાલાને, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ- ૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

**(૭)** **સેશન્સ કેસ નંબરઃ ૧૭/૨૦૨૦** ના આરોપી (૪) રમેશભાઈ રામાભાઈ ઉર્ફે રામસીંગ મકવાણાને એબેટ કરેલા હોઈ તેઓ સામે કોઈ હુકમ નથી.

**(૮)** ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ- ૩૬૩ મુજબ જજમેન્ટની પ્રમાણિત નકલ આરોપીને વિનામૂલ્યે પૂરી પાડવી.

**(૯)** ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ- ૩૬૫ અન્વયે જજમેન્ટની પ્રમાણિત નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપવી.

**(૧૦)..** અપીલ સમય વીતે અપીલ દાખલ ન થાય તો મુદ્દામાલનો નાશ કરવો.

**(૧૧)..** જરૂરી સજા વોરંટ ભરવું.

આ હુકમની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૦૨ માહેઃ જુલાઈ સનેઃ ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળઃ આણંદ.
તારીખઃ ૦૨-૦૭-૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ
આણંદ.
**(યુનિક આઈડી કોડ નંબર-જીજે૦૦૫૮૮)**

IBRaval